શાળાકીય શિક્ષણ પૂરું પાડી રહ્યું છે. પ્રથમ અને દ્વિતીય સત્રમાં અભ્યાસ કરતાં કૉલેજના વિદ્યાર્થીઓને માસ પ્રમોસન આપી રાહત ભર્યું કાર્ય કર્યું છે. આવા બધા જ સામાજિક સેવકોનો ઉત્સાહ વધારવા સમગ્ર દેશવાસીઓ દ્વારા દીવા પ્રગટાવી તેમજ થાળીઓ અને ઘંટીના નાદ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું. કોવિડ ૧૯ સામે ભારતીય રેલ્વેએ ટ્રેનના કોચમાં આઈસોલેશન વોર્ડ તૈયાર કરી ૨૦,૦૦૦ રેલ ડબ્બાને ક્વોરન્ટાઈન આઈસોલેશન ડબ્બાઓમાં ફેરવ્યા. કેન્દ્ર સરકાર દ્વારા લોકડાઉનના સમયમાં દેશ ભરના ૮૦ કરોડ રેશનકાર્ડ ધારકોને ૬ મહિના સુધી ૫ કિલો અનાજ ૧ કિલો દાળ પૂરી પાડી ગરીબ લોકોને સહાયરૂપ થયા છે.

બીજી તરફ સમાજનું એક અલગ વલણ પણ જોવા મળે છે જેમાં દેશના અલગ અલગ રાજ્યના કોરોના સમયમાં ઘટેલા ઘટનાઓને આધારે જાણી શકાય છે. જેમાં મુંબઈની એક ઘટનાની વાત કરીએ તો આ મહામારીના સમયે એક મહિલા ખૂબ જ બીમાર હતી પરંતુ તે મહિલાને કોરોના હશે એ વિચારથી ૬ જેટલા હોસ્પિટલથી તેને તરછોડવામાં આવી હતી અને ૭ નંબરના હૉસ્પિટલ જતાં સુધીમાં તે મહિલા મૃત્યુ પામી ચૂકી હતી. એવી જ બીજી ઘટના પૂર્વી ઉત્તર પ્રદેશમાં પણ એક પરિવાર ના બધા જ સભ્યો કોરોનાના કારણે આઈસોલોશનમાં એડમિટ હતા પરંતુ તે પરિવારના જ એક બાળક સ્વસ્થ હોવા છતાં કુટુંબજનોએ તેને દુષ્કાર્યો જેના કારણે તે ગંગા નદીમાં કૂદીને આત્મહત્યા કરે છે. અત્યારે આખી દુનિયામાં વસેલો માનવ સમાજ એક અનિશ્ચના ભારણ નીચે જીવે છે. માનવ જગતે કોરોના જેવા મહામારી પહેલા પણ પ્લેગ જેવા મહામારીનો સામનો કર્યો છે પરંતુ કોરોના વાયરસ આતંકના રૂપમાં આવીને લોકોને અતિ પ્રમાણમા જીવ લેવાનું કાર્ય કરી રહ્યું છે. કોરોનના કારણે અત્યારે માનવ વ્યાપક સમાજમાંથી પરિવાર સીમિત થવા પામ્યું છે. શહેરી ઘરોમાં વસતા લોકો હવે પક્ષીઓને કેટલાય સમય સુધી નિરખતા રહે છે. ઔદ્યગિક અને ટેકનૉલોજીની પાછળ ભાગતો મનુષ્ય હવે 'યોગ' અને 'પરિવારવ્યવસ્થા' ને સમજતો થયો છે. મનુષ્ય યંત્ર માંથી ફરી સંવેદન વિચાર તરફ દોરાય રહ્યો છે.

આમ, આવા સમયે સમાજની માનસિકતામાં સુધારો એ પણ ખૂબ જરૂરી છે. વર્તમાન પરિસ્થિતીમાં સમાજે એક સાથે સંકલ્પિત થઈને કાર્ય કરવું જોઈએ. આ મહામારીમાં સમાજની સાથે જોડાયેલ અન્ય અસરો પણ જોવા મળે છે જેમાં શૈક્ષણિક અસર, રાજકીય અસર, સાંસ્કૃતિક અસર, પ્રાકૃતિક અસર પણ આ સમયમાં કઈ રીતે સારા

અને નરસા પરિસ્થિતીમાં ફળીભૂત થઈ છે તે પણ જોઈ શકાય છે.

## આર્થિક અસર :-

આંકડા મંત્રાલય દ્વારા જાણ કરવામાં આવેલ છે તેમાં આ વર્ષ ભારતની વૃદ્ધિ ૩.૧ જેટલી થઈ ગઈ છે. ભારત રોગચાળા ફેલાય તે પેહલા જ આર્થિક મંદીનો સામનો કરી રહ્યો છે અને વર્લ્ડ બેંક જણાવ્યા મુજબ વર્તમાન રોગચાળો એ ભારતના આર્થિક દ્રષ્ટિકોણના પૂર્વ અસ્તિત્વમાં બેરોજગારીનું પ્રમાણ પણ ૧૫ માર્ચ ના રોજ ૬.૭% હતા જે ૧૯ એપ્રિલ સુધી તો ૨૬% થઈ ગઈ હતી. જૂનના મધ્ય સુધીમાં લોક ડાઉનનો સમય આવતા અંદાજિત ૧૪ કરોડ લોકો રોજગાર ગુમાવી ચૂક્યા હતા. કોરોનાના કારણે વિદેશ પ્રવાસ પર પૂર્ણવિરામ મૂકવામાં આવ્યું. રાજ્ય રાજ્ય વચ્ચેના વાહન વ્યવહારને પણ અટકાવવામાં આવ્યા. જ્યારે ૪૫% થી વધારે લોકોના પગારમાં ઘટાડો કરવામાં આવ્યો હતો. ભારતીય કંપનીઓને બચાવવા સરકારે ભારતની સીધી રોકાણની નીતિમાં પરિવર્તન કર્યું. સંરક્ષણ સ્ટાફના વડા એ જાહેરાત કરી છે કે ભારતે ખર્ચાળ સંરક્ષણ આયાતને ઓછી કરવી જોઈએ. ૧૨મે ના રોજ વડા પ્રધાને ૨૦ લાખ કરોડના કુલ આર્થિક પેકેજની જાહેરાત કરી.ભારતના જીડીપીના ૧૦% આત્મનિર્ભર રાષ્ટ્ર તરીકે ભારત પર ભાર મૂક્યો. અર્થનીતિમાં હજુ ઘણા બધા સુધારાની જરૂર છે પરંતુ આર્થિક ચક્ર તીવ્ર ઝડપે ફરી રહ્યું હોય એવા આધારભૂત પરિવર્તન સરળ નથી. ગુજરાત રાજ્ય દેશ વિદેશમાં વેપાર માટે જાણીતું છે ત્યારે મહામારીના કટોકટીના કારણે ચીન સાથે વેપારમાં જોડાયેલ ગુજરાત રાજ્ય ખૂબ જ આર્થિક રીતે અસરગ્રસ્ત છે. વર્તમાનમાં કોરોના મહામરીને કારણે આ આર્થિક ચક્ર થંભી ગયું છે પરંતુ આ વિકટ પરિસ્થિતિને પણ એક અવસર સમજી ભારત સરકાર પુન આયોજન કરવા માટે સાહસ, દૂરદ્રષ્ટિ અને નિર્ણય ક્ષમતાની સાથે સાથે ધીરજ અને સામૂહિક પ્રયાસથી ફરીથી આર્થિક પાયે ભારતને સ્થિર કરવામાં પોતાનું સતત યોગદાન આપી રહ્યું છે.

## આત્મનિર્ભર ભારત :-

પ્રાચીનકાળથી જ ભારત આત્મનિર્ભરના પરિવેશ ને માનતું આવે છે. સમય સમયે સશક્ત વ્યક્તિઓ દ્વારા આ વાત ને મૂકવામાં આવેલું છે. ૧૮૫૭ નો સ્વાતંત્ર સંગ્રામ નિષ્ફળ થતાં. ભારતીય પ્રજા અંગ્રેજી શાસન હેઠળ રાજકીય રીતે તેમના તાબે થાય

છે પરંતુ સ્વામી વિવેકાનંદ, સ્વામી સચ્ચીદાનંદ, અરવિંદ, ગાંધીજી જેવા મહાન વિચરકોએ સ્વદેશી ભાવનાને વિકસાવી આત્મનિર્ભર બનવા માટે હમેશા પ્રયત્ન કર્યા છે. અંગેજી શિક્ષણમાં હમેશા ભારતની ગુલામી વિશેની જ વાત કરવામાં આવતી રહી છે તો આવા અંગ્રેજી શિક્ષણ સામે પડકાર આપી ભારતની વીર ગાથા, ભારતની બહુમૂલ્ય સંસ્કૃતિ, ભારતીય શિક્ષણ ને સાચવવાનું અને પ્રચાર – પ્રસાર કરવાનું કામ કાશી હિન્દુ વિશ્વવિદ્યાલય તેમજ રવીન્દ્રનાથ ટાગોર દ્વારા શાંતિનિકેતનની સ્થાપનાથી સફળ થયેલ છે. પૌરાણિક સમયકાળમાં ગુરુકુળ ની અંદર બાળકને જાતે સક્ષમ થતાં શીખવાડવામાં ભારત શોધ પત્ર લખવામાં ત્રીજુ સ્થાન ધરાવે છે પરંતુ એ શોધ પત્રોનું સમાજ પર કેટલું પ્રભાવ પડે છે એ સમજવું અતિ આવશ્યક છે.ચીન ને ઓચિંતા કરેલા સીમા પરના પ્રહાર ના કારણે તેમજ વારંવાર ચીન દ્વારા કોરોના જેવા મહામારીના સમયે પણ સીમા પર થતાં ઘૂસણખોરી ના કારણે ભારત ચીનથી આયાત થતાં સામગ્રી પર કાપ મૂકીને તેને મુહતોડ જવાબ આપ્યો છે. ચીનની ૫૯ એપ બંધ કરીને ડિજિટલ રીતે પણ ચીનને આર્થિક રીતે પણ માત આપવાનો પ્રયત્ન કર્યો છે. આવા સમયે આપણાં દેશના લોકોના માંગને પૂરું પાડવા માટે સ્વ વિકસિત ડિજિટલ ઉત્પાદનમા વધારો કરવો સાથે સાથે ભૌગલિક, રાજનૈતિક, સામાજિક સંબંધોને પણ ધ્યાન આપવું જરૂરી છે. બેરોજગારીમાં તીવ્ર વધારો, સપ્લાય ચેન પર તાણ, સરકારી આવકમાં ઘટાડો, પર્યટન ઉદ્યોગમાં ઘટાડો, આતિથ્ય ઉદ્યોગ સંકુચિત, ગ્રાહક પ્રવૃત્તિમાં ઘટાડો, બળતણ વપરાશમાં ભૂસકો એલપીજીના વેચાણમાં વધારો એ આર્થિક મંદીના વિવિધ સ્વરૂપ આપણી સમક્ષ પ્રકાશિત થાય છે.

આમ, ભારત અને વિશ્વ હાલ એક નવા જ ભારતનો અનુભવ કરી રહ્યો છે કારણકે ભારતની વિદેશનીતિ, રક્ષાનીતિ અને અર્થ નીતિઓમાં મૂળભૂત પરિવર્તન થયા છે વિદેશ અને રક્ષાનીતિમાં આવેલા પરિવર્તનોના કારણે ભારતીય સેનાના બળ અને મનોબળ બંને વધ્યા છે. વિશ્વમાં ભારતની છબી મજબૂત બની છે. ભારતના સ્વત્વને શક્તિ અને ગૌરવ સાથે પુન:સ્થાપિત કરવાના ઐતિહાસિક સમયમાં ભારતના તમામ લોકો નિસ્વાર્થ ભાવે એકતાનો પરિચય આપી આત્મનિર્ભર ભારતના નિર્માણમાં પોતાની સહભાગિતા નોંધાવી 'અનેકતામાં એકતા' ભારતીય સંસ્કૃતિના મૂલ્યોને ઉજાગર કરવા સતત પ્રયત્નશીલ બની રહ્યા છે.

# હેમચંદ્રાચાર્યકૃત 'કાવ્યાનુશાસન'માં ગુણવિભાવના

ડૉ.મંજુલાબેન એ.પટેલ

સંસ્કૃત વિભાગાધ્યક્ષ,આર્ટ્સ કોલેજ,સતલાસણા

'કલિકાલસર્વજ્ઞ' આચાર્યશ્રી હેમચંદ્રાચાર્યનો કાવ્યાનુશાસન ગ્રંથ સંસ્કૃત કાવ્યશાસ્ત્રના વિવિધ પાસાઓનું નિરૂપણ કરતો માનક ગ્રંથ છે.ગ્રંથનું શીર્ષક કાવ્યાનુશાસન સ્પષ્ટ સૂચવે છે કે આ ગ્રંથ કાવ્યશાસ્ત્રનો સૈધ્ધાન્તિક ગ્રંથ છે.સાહિત્યનાશાસ્ત્રીય વિચારોના સાગર સમાન આ ગ્રંથમાં જ કાવ્યશાસ્ત્ર અને નાટયશાસ્ત્ર એ બંને વિષયોની સૈધ્ધાન્તિક, વિવેચનાત્મક અને ઉદાહરણસભર માહિતી હેમચંદ્રાચાર્યે પૂરી પાડી છે.

'કાવ્યાનુશાસન' ગ્રંથ આઠ અધ્યાયોમાં વિભક્ત છે. અને તે સૂત્ર-વૃત્તિ શૈલીમાં લખાયેલો છે. કુલ ૨૦૮ સૂત્રો છે. જેમાં સાહિત્યશાસ્ત્રના લગભગ બધા જ વિષયોની વિસ્તૃત ચર્ચા વૃત્તિમાં એટલે કે 'અલંકારચૂડામણિ' માં કરી છે. જ્યારે 'વિવેક' માં ૬૨૪ ઉદાહરણ,શ્લોકો અને શાસ્ત્રીય સંદર્ભો પ્રાપ્ત થાય છે. આમ આચાર્યશ્રીનો આ ત્રિસ્તરીય ગ્રંથ અનેક ગ્રંથોના ઉધ્ધરણની ખાણ જેવો છે.

હેમચંદ્રાચાર્યે 'કાવ્યાનુશાસન'માં ભામહથી માંડીને પોતાના નજીકના પુરોગામી આલંકારિકો જેવા કે વામન,મમ્મટ,અભિનવગુપ્ત અને આનંદવર્ધન વગેરેના ગ્રંથોમાંથી પ્રામાણિકપણે કાવ્યના ઘટક તત્ત્વોની વિચારણા વિશદતાથી કરી છે.ગુણવિચારમાં પણ ઘણા વિચારોમાં તેઓ આ ત્રણે વિદ્વાનોથી પ્રભાવિત છે.આમ છતાં હેમચંદ્રાચાર્યનું ઘણું મૌલિક અને અનન્ય પ્રદાન કાવ્યાનુશાસન ગ્રંથમાં જોવામળે છે.

કાવ્યાનુશાસનમાં આચાર્ય હેમચંદ્રાચાર્યે કાવ્યના ઘટકતત્ત્વો અલંકાર,ગુણ,રીતિ,રસ,દોષ,કાવ્યનું લક્ષણ

વગેરેની ચર્ચા કરી છે. તેમાં કાવ્યના સ્વરૂપનું લક્ષણ આપતાં કાવ્યનુશાસનના પ્રથમ અધ્યાયમાં જણાવ્યું છે કે"**अदौषौ सगुणौ सालंङ्कारौ च शब्दार्थौ काव्यम्**"।।(૧.૧૧) અર્થાત્ દોષ વિનાના,ગુણયુક્ત. અલંકારરહિત જે શબ્દ અને અર્થ તે કાવ્ય કહ્યું.ત્યારે ગુણો અંગેની એમની પ્રથમદર્શી વિભાવના સ્પષ્ટ થઇ. સૂત્રમાં सालंकारौ પછી આવતો चશબ્દ અલંકાર વિનાના શબ્દાર્થોને પણ ક્યાંક કાવ્ય કહી શકાય એવું સૂચવવા માટે પ્રયોજયો છે. તેઓ 'વિવેક' માં વ્યાખ્યાનનું વિવરણ કરતાં કહે છે કે '**निरलड्कारयोडपि** 'અલંકાર વિનાના પણ એવું સૂચવે છે. આવા શબ્દો પરથી કાવ્યમાં ગુણની આવશ્યકતા સ્વીકારાઇ છે.કાવ્ય ભલે ને અલંકારરહિત હોય પરંતુ જો તે ગુણયુક્ત હોય તો તે આસ્વાદ્ય લાગે છે. ગુણનું સામાન્ય લક્ષણ રજૂ કરતાં કા.શા. પ્રથમ અધ્યાયના૧૨ માશ્લોકમાં કહે છે કે '**रसस्योत्कर्षपकहेतु गुणदोषौ भकत्या शब्दार्थयोः**' ગુણો રસના ઉત્કર્ષરૂપ ધર્મો છે. એ બાબત મમ્મટને અનુસરીને આચાર્ય હેમચંદ્રે પણ કરી છે. ગુણ અને દોષનો આશ્રય રસ જ છે. અને રસના સંદર્ભમાં એનું નિર્ધારણ થવું જોઇએ.

આચાર્ય હેમચંદ્રનો ગુણવિચાર મમ્મટ પ્રમાણે જ છે.પણ વિવેક ટીકામાં તેમણે ભરત અને વામનના ગુણવિચારનું ખંડન વિસ્તારથી કર્યું છે. ગુણોનો કાવ્ય સાથે સમવાય સંબંધ છે. અને અલંકારોનો સંયોગ સંબંધ છે. એ બાબતે હેમચંદ્રનો વિસ્તૃત ગુણવિચાર સમજતાં પહેલાં વામનનો ગુણવિચાર સમજી લેવાનું જરૂરી છે. ગુણની સ્પષ્ટ વિભાવના ઉપસાવવાનું સર્વપ્રથમ શ્રેય વામનને ફાળે જાય છે. એમને મતે કાવ્યસૌંદર્યના નિષ્પાદક ત્તત્વો-કારક ધર્મો તે ગુણો છે. જ્યારે અલંકારો તે નિષ્પન્ન સૌંદર્યના 'અતિશય'૧ ના કારક છે. વામન અલંકારને કાવ્યસૌંદર્યના વ્યાપક અર્થમાં નિરૂપે છે.એટલે એમને મતે ગુણ પણ કાવ્યનું અલંકરણ જ છે.ગુણ અને અલંકાર બંનેને વામન શબ્દ અને અર્થના ધર્મો માને છે.૨ આની સામે આચાર્ય હેમચંદ્ર અલકારોને માત્ર અંગાશ્રિત એટલે કે શબ્દાર્થાશ્રિત જ માને છે. વળી અલંકાર રસને ઉપકારક હોય એવું નથી.તે ક્યારેક પ્રસ્તુત રસને ઉપકારક હોય,ક્યારેક ન હોય તો વળી ક્યારેક રસની અનુપસ્થિતિમાં એ માત્ર વાચ્ય-વાચકના વૈચિત્ર્યરૂપે જ હોય.

આચાર્ય વામને ગુણોને કાવ્યશોભાના નિષ્પાદક ધર્મો કહ્યા અને અલંકારોને એના અતિશયના કારણરૂપ કહ્યા.એનું ખંડન કરતાં હેમચંદ્રે કહ્યું કે આચાર્ય વામને ગુણ અને અલંકાર અંગેનો જ વિવેક કર્યો છે તે દોષયુક્ત છે.ઉદાહરણ આપીને જણાવ્યું કે **गतोडस्तमर्को**કાવ્યમાં પ્રસાદ,શ્લેષ, સમતા ,માધુર્ય,સૌકુમાર્ય અને અર્થવ્યકિત જેવા ગુણો હોવા છતાં તે કાવ્ય નથી. જ્યારે **अपि काचिच्छुता वार्ता**...... ઉદાહરણમાં ઉત્પ્રેક્ષા અલંકાર વગેરેથી વિવક્ષિત ત્રણ કે ચાર ગુણથી કાવ્યનો વ્યવહાર થતો જોવા મળે છે. આમ ગુણો કાવ્યસૌંદર્યના નિષ્પાદક હેતુઓ છે અને અલંકારો માત્ર એને વધારનારા છે તેવું નથી. ઉપરના બંને ઉદાહરણોથી સ્પષ્ટ થયું છે કે ગુણો હોવા છતાં

પદ્યકાવ્ય ન બન્યું હોય જ્યારે તો માત્ર અલંકારની ઉપસ્થિતિ કે થોડા ગુણની ઉપસ્થિતિથી કાવ્ય બન્યું હોય.

ગુણ વિશેના આચાર્ય હેમચંદ્રના વિગતપૂર્ણ અને વિશિષ્ટ વિચારો કાવ્યાનુશાસનના ચોથા અધ્યાયમાં નિરૂપાયા છે. ગુણોની સંખ્યા અંગે એમણે ભરતમુનિ,દંડી,અને વામનના મતોનું સ્પષ્ટ નિરસન કર્યું છે. આચાર્ય હેમચંદ્રે સ્પષ્ટ કહ્યું છે કે '**माधुर्यौजःप्रसादास्त्रयो गुणाः। त्रयो न तु दश पच्च वा ।**'માધુર્ય,પ્રસાદ અને ઓજ એ ત્રણ જ ગુણો છે નહીં કે દશ અથવા પાંચ. કાવ્યાનુશાસનના ચોથા અધ્યાયના સાત સૂત્રોમાં આચાર્ય હેમચંદ્રનો ગુણવિચાર વૃત્તિમાંના ઉદાહરણોથી સ્પષ્ટ થયો છે. જ્યારે' વિવેક ' ટીકામાં દશ ગુણો પરત્વેના ભરત,દંડી અને વામનના મતોનું સયુક્તિક નિરસન કરવામાં આવ્યું છે. ગુણો ત્રણ જ છે એમ સ્વીકારવા માટે આચાર્ય હેમચંદ્ર ત્રણ દલીલો આગળ ધરે છે.(૧) પૂર્વાચાર્યોએ આપેલી દશ ગુણોની વ્યાખ્યા અતિવ્યાપ્તિથી યુક્ત એકબીજાને અતિક્રમિત કરનારી છે અને એમાં જુદાપણું છે. (૨) ભરત,દંડી અને ભામહે આપેલા દસ ગુણોનો ઉપરના ત્રણ ગુણો માધુર્ય,ઓજ અને પ્રસાદમાં સહેલાઈથી અંતર્ભાવ થઇ શકે છે. અને (૩) આમાંના કેટલાક ગુણો દોષાભાવરૂપ છે.

ગુણવિચારના સંર્દભમાં હેમચંદ્ર જ્યારે માત્ર ત્રણ જ ગુણોને સ્વીકારે છે. ત્યારે પ્રશ્ન એ ઉભો થાય છે કે વૈયક્તિક રીતે કોઈ એક ગુણ એ બધા રસોનો ગુણ છે કે માત્ર થોડાનો? જો એ રસનો ધર્મ છો તો તે ક્યા અર્થમાં તે રસાશ્રિત છે? આ પ્રશ્નોનો જવાબ આચાર્ય હેમચંદ્રે કાવ્યાનુશાસનના ચોથા અધ્યાયમાં તેની પધ્ધતિ બતાવી છે.સર્વપ્રથમ ત્રણે ગુણોને વ્યાખ્યાબધ્ધ કરવા. એ પછી પ્રત્યેકનો નિશ્ચિત રસ સાથે સંબંધ સ્પષ્ટ કરવો અને પછી તે ગુણની લાક્ષણિકતાઓ ઉદાહરણો અને પ્રતિઉદાહરણો આપીને નિશ્ચિત કરવી. આમાં ગુણ અંગેની એની વિભાવનાની વિશદતા ધ્યાન ખેંચે તેવી છે.

આચાર્ય હેમચંદ્રાચાર્યની ગુણવિચાર અંગેની મૌલિકતા પુરોગામી અલંકારિકોના મતોનું તુલનાત્મક અને સમીક્ષાત્મક અધ્યયન, વિચારોની વિશદતા.ઊંડાણનો ખ્યાલ આચાર્ય મમ્મટે 'વિવેક' માં ભરત,દંડી,ભામહ અને વામન મંગલના વિચારોના કરેલા નીરસન પરથી આવે છે. વામને બંધગુણ તરીકે ઓજસ્,પ્રસાદ,સમાધિ, સમતા,શ્લેષ,સૌકુમાર્ય,ઉદારતા,અર્થવ્યક્તિ અને કાન્તિ વગેરે દશ ગુણો દર્શાવ્યા હતા. આચાર્ય હેમચંદ્રે પ્રત્યેક ગુણોની વ્યકિતગત વિચારણમાં પ્રસંગોપાત્ત ભરત અને દંડીના મતોનો વામનના મતનું નીરસન કરવા ઉપયોગ કર્યો છે.

અલબત્ત ભરતના મતનું નિરસન કરવા એણે વામનીયાઃ એટલે કે વામનના અનુયાયીના મતોને વારેવારે ઉદ્‌ધૃત કર્યા છે.આચાર્ય વામન ઓજગુણનું લક્ષણ આપતાં કહે છે કે **गाढत्वं ओजः** । (કા.સૂ.વ.૩/૧/૧/૫) અર્થાત્ કાવ્યવસ્તુના નિરૂપણમાં સુસંબધ્ધતા એ જ ઓજસ ગુણ છે. જેના ઉ.દા. તરીકે આચાર્યશ્રી **भस्मवर्म**શ્લોક આપે

છે. મમ્મટ પ્રમાણે વામનના ઓજોગુણના લક્ષણ હાનિકારક છે. આમ મમ્મટ વામનના શબ્દગત ઓજોગુણને સ્વીકારતા નથી.તેઓ પ્રૌઢિને વક્તાનો ધર્મ માને છે.ઉપચારતઃઅર્થનો ધર્મ માને છે.

આચાર્ય હેમચંદ્રે ગુણવિચારણના સંદર્ભમાં જે અનેક પુરોગામી વિચારો અને પ્રવાહોના ઉધ્ધરણો આપ્યાં છે.તે નામ આપ્યા સિવાય જે નિર્દેશ કર્યો છે તે જોઇને હેમચંદ્રની આ કૃતિને મહાનદની જે ઉપમા આપવામાં આવી છે તે યોગ્ય છે. 'ઓજ અને અન-ઓજ' ના નિરૂપણમાં એણે વિવિધ વિદ્વાનોના મતને યુક્તિ-પ્રયુક્તિ રૂપે જે રીતે રજૂ કર્યા છે. તે એના વિચારોની વિશદતા સ્પષ્ટ કરે છે.

આચાર્ય હેમચંદ્ર મમ્મટને જ અનુસરે છે. અથવા મમ્મટમાંથી ઉતારા કરે છે. પણ એવું કહી શકાય કે જે વિચારધારા હેમચંદ્રની મૌલિકતા કે વિદ્વતા બતાવવા પર્યાપ્ત છે. તે એના ગુણવિચારમાં પ્રાપ્ત થાય છે.દા.ત.આચાર્ય વામને પ્રસાદને અભિવ્યક્તિમાં શૈથિલ્ય તરીકે ઓળખાવ્યો જ્યારે ઓજસને 'ગાઢત્વ' તરીકે ઓળખાવ્યો છે. હવે આ એકબીજાથી તદ્દન ભિન્ન એવી બાબતો એકીસાથે એક જ આશ્રયમાં કેવી રીતે રહી શકે? એવો પ્રશ્ન હેમચંદ્ર કરે છે. વામનના અનુયાયીઓ દલીલ કરે છે જો સાચા ભાવુકની રસાનુભૂતિને લક્ષ્યમાં લેવામાં આવે તો આ વિરોધાભાસ દૂર થઇ શકે.જેમ નાટકમાં કરુણના દશ્યનો અનુભવ કરતી વખતે ભાવકને હર્ષશોકની મિશ્ર લાગણીનો અનુભવ થાય તે રીતે પ્રસાદ અને ઓજનું મિશ્રણ શક્ય છે.

**करूणप्रेक्षणीयेषुःसंप्लवःसुखदुःखयो।**

**यथानुभवतःसिद्धः तथैवोजःप्रसादयोः।।**

હેમચંદ્રે વામનના અનુયાયીઓના મતને રદિયો આપે છે. જે મમ્મટમાં જોવા મળતો નથી.આચાર્ય હેમચંદ્ર એક નૈયાયિકની અદાથી કહે છે કે જ્યારે દષ્ટાંત જ ટકતું નથી ત્યારે દષ્ટાંત ઉપર અવલંબતી અન્ય બાબતો ન જ ટકે. એ સ્પષ્ટ છે. આચાર્ય હેમચંદ્રે દશગુણોના , ભરત, દંડી અને વામને કરેલા નિરૂપણની પારસ્પરિક વિરોધતા બતાવીને વ્યવહારમાં ત્રણ જ ગુણો છે. એ બાબતને સિધ્ધ કરી છે.

કાવ્યાનુશાસનના ચોથા અધ્યાયમાં ગુણવિચારના અનુસંધાનમાં ગુણવિચારને લગતા અન્ય બે મતોનું કરેલું ખંડન એના ગુણવિચારની અનન્યતા બતાવે છે. વામને ગુણોને પાઠધર્મો તરીકે ઓળખાવવાના પ્રયાસનો સ્પષ્ટ નિષેધ કર્યો હતો. આમ છતાં હેમચંદ્ર સમક્ષ એવી કોઇ વિચારધારા ન હતી જે પાઠધર્મોને ગુણ સાથે સાંકળવામાં આવ્યા હોય.આચાર્ય હેમચંદ્રે નામ આપ્યા સિવાય આવી વિચારધારા પ્રમાણે પદોને છૂટાં પાડયા સિવાય કરતા પાઠને ઓજ,પદોને છૂટા પાડીને કરાતા પાઠને પ્રસાદ,આરોહ-અવરોહયુક્ત પાઠને માધુર્ય,સૌષ્ઠવયુક્ત પાઠને ઔદાર્ય અને અતિ ઊંચે કે નીચે નહિ એવા પાઠને સામ્ય ગુણ તરીકે ઓળખાવે છે.૩(કાવ્યાનુશાસન.અ.૪ પૃ.૨૮૭-૮૮)

આચાર્ય હેમચંદ્ર કહે છે કે સંવાદનો પાઠ કેવી રીતે કરવો એ પાઠને લગતા નિયમોને ગુણ તરીકે ખપાવવા યોગ્ય નથી.

આમપૂર્વાચાર્યોની દસ ગુણોની પરંપરાનું ખંડન કર્યા પછી હેમચંદ્ર આનંદવર્ધન,મમ્મટ વગેરે ધ્વનિવાદી આચાર્યોને અનુસરતા માધુર્ય,ઓજ, અને પ્રસાદ એમ ત્રણ ગુણો સ્વીકારે છે. આચાર્ય હેમચંદ્રના આ ગુણવિચારની ડૉ. રાઘવને ભોજના શૃંગારપ્રકાશનમાં ઘણી પ્રશંસા કરી છે. એની શૈલીને કાવ્યમીમાંસાની રાજશેખરની શૈલી સાથે સરખાવી છે.૪

**પાદટીપ—**

(૧)**वामनः काव्यालंकारसूत्रवृत्ति**૩.૧.૧.૨

(૨)**ये खलु शब्दार्थयो धर्मोःकाव्याशोभां कुर्वन्ति ते गुणाः।ते च ओजः प्रसादादयः।** વામન.૩.૧.૧.ઉપરની વૃત્તિ

(૩)**ओजः प्रसाद मधुरिमाणःसाम्यमौदार्य च पचेत्यपरे।तथा हि यददर्शित विच्छेदं पठतामोजः विच्छद्य पदानि पठतां प्रसादः आरोह-अवरोह तरंगणि पाठे माधुर्यम्,सौष्ठवमेव स्थानं पठंतामौदार्यम्, अनुच्यनीयं पठतां साम्यमिति । तदिदमलोकं कल्पनातन्त्रम् यद्विषयविभागेन पाठनियमः स कथं गुण निमित्तमिति** ।(કાવ્યાનુશાસન.અ.૪.પૃ.૨૮૭-૮૮)

(૪)Dr.V.Raghavan'sBhoja's srnagaraprahas.p-338

**સંદર્ભગ્રંથસૂચિ—**

૧. કાવ્યાનુશાસન —ડૉ.અમૃત ઉપાધ્યાય, સરસ્વતી પ્રકાશન

૨. કાવ્યપ્રકાશ —નગીનદાસ પારેખ, પાર્શ્વપ્રકાશન,અમદાવાદ

૩.હેમ સંગોષ્ઠિ—મુનિશીલચંદ્રવિજય, સરસ્વતી પ્રકાશન

૪.**काव्यलंकारसूत्रवृत्ति–डॉ .बेचेन** झा.**चौखम्बा, संस्कृत संस्थान वाराणसी**.

૫.नाट्यशास्त्र-बलदेव उपाध्याय. चौखम्बा, संस्कृत संस्थान वाराणसी

# જીવરામ ભટ્ટ: એક પરિચય

**પ્રા. દિલીપસિંહ પરમાર**

આર્ટ્સ કૉલેજ, સતલાસણા

મધ્યકાલીન ગુજરાતીના સાહિત્યના કેન્દ્રમાં ધર્મપ્રધાનતા વર્તાતી હતી જયારે અર્વાચીન સાહિત્ય આમાંથી છૂટી સમાજજીવનના પ્રશ્નોને પ્રતિબિંબિત કર્યા છે. પ્રજા જીવનમાં નવજાગૃતિ અને નવી જીવનદષ્ટિ આવી. પ્રજામાં પરિવર્તનનો પવન ફૂંકાવા માંડ્યો પદ્ય તો હતું જ પણ સાથે ગદ્યનો આરંભ થાય છે. ગદ્યમાં નિબંધ, નવલકથા, નાટક, નવલિકા, આત્મકથા, જીવનકથા અને ઈતિહાસનું સૌ પ્રથમવાર નિરૂપણ ગુજરાતી સાહિત્યમાં થયેલું જોવા મળે છે. જેમ કે આપને ત્યાં થિયેટર બંધાય છે અને નાટકો પણ ભાજવવાની શરૂઆત થઈ હતી. શુદ્ધ નાટકો આપણે ત્યાં આરંભાયા ન હોતા ત્યારે એ પહેલાં અંગ્રેજી નાટકોના અનુવાદ થઈને ભજવાતા હતા. સાથે આપણે ત્યાં એ સમયે ભવાઈ ભજવાતી હતી. પણ તેમાં અશ્લીલતા વિસ્તૃત પ્રમાણમાં રહેલી હતી. આ બધું જોતાં દલપતરામ અને રણછોડભાઈ ઉદયરામ દવેએ વિધિવત નાટકમાં પ્રવેશવાનો નિર્ણય કર્યો હતો. દલપતરામે 'મિથ્યાભિમાન' નાટક રચ્યું અને રણછોડભાઈ ઉદયરામ દવેએ 'નિન્દ્યસ્શ્રુગરનિષેધકરૂપક' નાટક રચ્યું. આ સમયગાળામાં બીજા અન્ય નાટ્યકારો પણ નાટક લઈને આવે છે. આમ ગુજરાતી નાટકની ભૂમિકા બંધાતી જાય છે. નવલરામે મોબીપેરનું નાટક 'ધ મોક ડોક્ટર'નું રૂપાંતર 'ભટ્ટનું ભોપાળું' નામે કર્યો અને નાટકમાં તેમણે ભટ્ટજીના પાત્ર દ્વારાઠઠ્ઠાચિત્રનો એક નમૂનો મૂકી આપ્યો છે. આજ વાતને દલપતરામ'મિથ્યાભિમાન' નાટકમાં જીવરામ ભટ્ટના પાત્ર દ્વારા આગળ ધપાવે છે. દલપતરામ ઈ.સ.૧૮૬૯માં 'મિથ્યાભિમાન' નાટક ઈનામી સ્પર્ધા માટે રચે છે અને નાટકને પ્રથમ ઈનામ મળે છે. 'મિથ્યાભિમાન' નાટક દલપતરામની મોટી સિદ્ધ ગણાય છે.

'મિથ્યાભિમાન' નાટક સુધારાક્યુગનું જ નહિ બલકે ગુજરાતી સાહિત્યનું લોકપ્રિય નાટક બની રહે છે. નાટકના કેન્દ્રમાં રહેલું છે માણસનું ખોટું મિથ્યાભિમાન. દલપતરામે આ વાતને હાસ્ય દ્વારા, વ્યંગ રીતે પ્રગટ કરી આપી છે. આઠઅંક અને પંદર

પ્રવેશોમાં વિસ્તરેલું આ નાટક ગુજરાતી નાટકોનું આદ્ય ગણાય છે. નાટકમાં જીવરામ ભટ્ટનું પાત્ર કેન્દ્ર સ્થાને છે. આઉપરાંત રઘનાથ, સોમનાથ, દેવબાઈ, જમના, ગંગા, બીજલ-પાંચો, વાઘજી, કુતુબમિયાં વગેરે નાટકની પાત્રસૃષ્ટિ છે. જીવરામ ભટ્ટનામિથ્યાભિમાનીપણાને પ્રગટ કરવા દલપતરામે જુદા જુદા પ્રસંગોનું આલેખન કર્યું છે. તેમને આ નાટકને 'ભૂંગળ વિનાની ભવાઈ' કહીને એક નવી ઓળખ આપી હતી. નાટકનાઆરંભે દલપતરામ નોંધે છે કે, " આ નાટકમાં મુખ્ય તો મિથ્યાદૃષ્ટિ અભિમાનનો ચિતાર આપેલો છે; પણ તેમાં ધનાભિમાન, લેખક-ગુણાભિમાન, ધર્માભિમાન, વિદ્યાભિમાન, યૌવનાભિમાન, કુલાભિમાન, રૂપાભિમાનઅને મિથ્યાજ્ઞાનાભિમાન આદિકના દાખલા પણ આપેલા છે" સાથે દલપતરામે નાટકના આરંભે મિથ્યાભિમાન વિશેત્રીસ પંક્તિઓનું કાવ્ય મૂક્યું છે. જેમકે,

'મેલ મિથ્યા અભિમાન, મનવા મેલ મિથ્યા અભિમાન ;
મન મિથ્યાઅભિમાન ધરે તે, નર કહીએ નાદાન. મનવા.
મિથાયાભિમાને માન મળે નહિ, ગણે ન કોઈ ગુણવાન;
ઊલટું અધિકઅપમાન મળે ને, જરૂર ઊપજે જાન.'(પૃ. ૧૦)

જીવરામ ભટ્ટ મુર્ખ છતાં મિથ્યાભિમાનીછે. તેઓ રતાંધળા છે. લેખકે આ નાયકમાં મનોરંજન મુખ્ય રીતે મૂકી આપ્યું છે. સાથે દંભ, ચાતુરી વગેરે લક્ષણો પ્રતીત થાય છે.પાડીનું પૂછડું ઝાલીને સાસરે જતા જીવરામ ભટ્ટ સાસરે જતા પહેલાં પાઘડીના પૈસાનો તોડ કરતા, લઘુશંકા માટે રાત્રે પાઘડીનો છેડો ખાટલા સાથે બાંધી અને એક હાથમાં રાખી ખાટલો શોધવા જતાં ને એમ કરતાં સાસુ ઉપર પડતાં જીવરામ ભટ્ટ, ચોર તરીકે પકડાઈને મારખાતા જીવરામ ભટ્ટ એમના આવાતો અનેક મનોરંજક પરાક્રમો નાટકમાં નોંધપાત્ર બને છે.

નાટકના પ્રથમ અંકમાં રંગલો જીવરામ ભટ્ટનો પરિચય કરાવે છે, જેમકે...

**'રંગલોઃ હવે આ જંગલમાં પ્રથમકોણ આવનાર છે તે તો કહો !**

**સુત્રધારઃ પ્રથમ જીવરામ ભટ્ટ આવનાર છે, તેની સાથે તું વાતચીત કરજે. કેમ કે તે પણ તારા જેવોમિજાજી છે**

**રંગલો : ઠીક છે આવવા દો.'(પૃ.૧૭)**

બીજા પ્રવેશમાં જીવરામ ભટ્ટનું આવવું સૂચવાય છે અનેરંગલાવચ્ચે સંવાદ સધાય છે. જેમાંજીવરામ ભટ્ટ મિથ્યાભિમાન પ્રગટ કરે છે. રંગલાએ મિથ્યાભિમાન દર્શક ઉક્તિ રજૂ કરી છે...

'પ્રીછે ન પોતે પણ પૂછવાથી,
લાજે દિલે શિષ્યપણે થવાથી,
પૂછે ગુરુ થૈ મનમર્મ લેવા,
મિથ્યાભિમાની નર દંભી એવા'

ત્રીજા પ્રવેશમાં બીજલ અને બીજો પાંચમો રાયકો વચ્ચે સંવાદો થાય છે જેમાંસમાજની કેટલીક સમસ્યાઓને વાચા અપાઈ છે. જીવરામ ભટ્ટ અને તેમની તરુણ પત્ની વચ્ચેના વયભેદનો સંકેત છે.

**પાંચોઃ આપણા ગામમાં ઓલ્યો રઘનાથ ભટ્ટ સે ને?**

**બીજલઃ હા, હા.**

**પાંચોઃ એનો જમાઈ. હવેઓળછ્યો કે નહિ ?**

**બીજલઃ ઓલ્યો રતાંધળો જીવરામ ભટ્ટ કે ?**

**પાંચો : હા, એ જ જો !! એ જ, ભલોઓળછ્યો અલ્યાં ! ભલોઓળછ્યો.**

**બીજલઃ તે બચારો રાતે તો આંખે મુદ્દ્લ ભાળી હક્તો નથી, તારેશી રીતે એના હહરાને ઘરે જઈ હકશે ?**
**પાંચોઃ ઊભો રે, આપણે એનું બાવડું ઝાલીને, એના હહરાને ઘરે પુગાડીએ. ભલા, ભરામણનો દીચરો સે, આપણને ધરમ થાહે.**
**બીજલ : રઘનાથે ભટ્ટે દીચરીનો ભવ બગાડયો સે. રૂપરૂપના અવતાર જે વી સે, તીને રતાંધળો વર જોયો સે, એ તો કાગડો દઈથરું લઈ જીઓ.(પૃ.૨૨-૨૩)**

જીવરામ ભટ્ટના રતાંધળાપણાનું હાસ્યસભરઆલેખન થયું છે. જીવરામ ભટ્ટ પોતે પણ પોતાની જાતને નીચી પડવા દેતા નથી. તેનું આલેખન પણ રમૂજભર્યું છે.

જીવરામઃ (ગુસ્સે થઈને) મહારાંડના ! તું રતાંધળો ! તારો બાપ રતાંધળો ! તેનો બાપ ! અને તેનો બાપ રતાંધળો હશે.(પથરો શોધે છે, ને મારવા દોડે છે.)
પાંચો : હું! હું! હું! (હાથ ઝાલે છે)
જીવરામઃ અલ્યા, તું અમને કોણ કહેનારો ? અમારું ઘર જે વું છે? અમારા ગામમાં બીજા બધા બ્રાહ્મણો તો પછીથી રખડતા આવીને રહેલા, અને અમારું ઘર તો કદા-કદમીનું અસલનું છે. અમે હજાર રૂપૈયા ખરચીને દીકરીઓ સારે સારે ઘેર પરણાવીએ છીએ. અગનોતરા કાળમાં અમારો બાપ મરી ગયો, ત્યારે એક રૂપૈયાનું સવાશેર ઘી મળતું હતું, તોપણ અમે કરજે રૂપૈયા કહાડીને આખું ચોખળું તેડાવીને ત્રણ દહાડા સુધીબ્રાહ્મણોને લાડવા જમાડયા હતા. તારા બાપ પછવાડે તેં શું કર્યું હતું? બોલ! બતાવ!(પૃ.૨૪)

બીજા અંકના બીજા પ્રવેશમાં જીવરામ ભટ્ટ પાદરે આવ્યા હોવાનો સંદેશો રઘનાથને કહેવામાં આવે છે. જીવરામ ભટ્ટ આવતા ખાડામાં પડે છે અને તેમને શોધવા રઘનાથ અને સોમનાથ શોધવા જાય છે. ચોથા અંકમાં જીવરામ ભટ્ટના જ્ઞાનની વિડંબના દર્શાવી છે અનેભોજન સમયની સ્થિતિનુંઆલેખન તક્તાલઈ બન્યું છે. પાંચમાં અંકમાં કુતુબખાંની મિથ્યા વિડંબના દર્શાવાઈ છે. છઠ્ઠા અંકમાં રઘનાથ ભટ્ટના ઘરનું દશ્ય રજૂ થયું છે. અહીં જીવરામ ભટ્ટની રતાંધળાપણાની કસોટીઓ થાય છે. જે પ્રસંગ નાટકમાં પરાકાષ્ટા સુધી પોહચે છે. સાતમા અંકમાંજીવરામ ભટ્ટનું મિથ્યાભિમાન પ્રગટ થાય છે. તેઓ કહે છે, “અરે ! મારા મિથ્યાભિમાને માને મને આદશાએપહોંચાડયો. હું હવે બીજા કોઈનો વાંક કાઢતો નથી.”(પૃ.૯૨) આઠમા અંકમાં જીવરામ ભટ્ટ મિથ્યાભિમાનુંપ્રાયશ્ચિત કરે છે. દલપતરામે જીવરામ ભટ્ટને ઠઠ્ઠાચિત્ર સમું બનાવ્યું છે. જીવરામ ભટ્ટના મિથ્યાભિમાને પ્રગટ કરવા જુદા જુદા પ્રસંગો આલેખ્યા છે. આજે પણ આવા પાત્રો સમાજમાં વત્તાઓછા પ્રમાણમાં મળી રહે છે. સુધારકયુગનું‘મિથ્યાભિમાન’ નાટક અને જીવરામ ભટ્ટ પ્રતિનિધિત્વ પૂરું પાડે છે.

સંદર્ભગ્રંથ :

૧.અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ, પ્ર.આ.૨૦૦૬, લે. રમેશ ત્રિવેદી
૨. મિથ્યાભિમાન, પ્ર.આ.૨૦૧૧, સં. સતીશ વ્યાસ

# આજનું વાસ્તવિક ગામ

ડો. હરેશકુમર બી. ચૌધરી
આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ

મારો આ આર્ટિકલ ઉત્તર ગુજરાતના મહેસાણા જીલ્લામા આવેલ ખેરાલુ તાલુકાના પાચ ગામોમા કરેલ ફિલ્ડ્વર્કમા થયેલા મારા અનુભવો અને ફિલ્ડમા સામે આવેલ હકીકતો પરથી અત્યારના સમયમા ગ્રામીણ સમુદાયનીસાંસ્કૃતિક, કૃષી, વસવાટ અને પાણી આધારીત લોકોની સાચી પરિસ્થિતિની વાસ્તવિકતા વર્ણવવાનો પ્રયત્ન કરેલ છે.

ભારત એ વિવિધતા ધરાવતો દેશ છે. ભારતમા દરેક સમાજમા વિવિધતામા એકતા રહેલી જોવા મળે છે. વિવિધ ધર્મ, જ્ઞાતિ, જાતિ, ભાષા વગેરેમા વૈવિધ્ય ધરાવતા લોકો રહે છેજેમનામા વિવિધતામા પણ એકતા જોવા મળે છે.ગામડાઓને ભારતીય સંસ્કૃતિના મૂળ સ્ત્રોત કહે છે. ગામડાઓની ઓળખ મેળવ્યા વગર ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સમાજોને સમજી શકાય એમ નથી ભારતમા વિવિધ અભ્યાસો પરથી ભૂતકાલિન્ મધ્યકાલીન અને વર્તમાન સમાજોની માહિતિ અને તેમનામા સમયાંતરે થતા બદલાવો જોવા અને જાણવા મળે છે જે અભ્યાસો અને માહિતી ગ્રામ

પુનઃનિર્માણમા પણ મદદ કરે છે.

- સંસ્કૃતિ :

પરિવર્તનની અસર ગ્રામીણ લોકોની જીવનશૈલી અને કાર્યશૈલી પર પણ પડેલી જોવા મળે છે. જે ગ્રામીણ જીવનની પરમ્પરાઓ, પ્રથાઓ, સંસ્થાઓ વિગેરે ગ્રામીણ સરંચનાનુ નવુ પરિવર્તીત સ્વરુપ નિર્માણ કરે છે લોકો દિવસે અને દિવસે પોતાની સંસ્કૃતિક, સામાજિક બાબતોમા કઇક નવુ કરવાની ઇચ્છાઓ ધરાવતા જોવા મળે છે જેમા પશ્ચિમીકરણની મોટી અસરો રહેલી જોવા મળે છે .

સમસ્યા:પહેલાના સમયમા જે જ્ઞાતિ કે સમાજના નિયત્રણોનો ડર હતો એ આજના યુવાપેઢીમા જોવા મળતો નથી જેથી જ્ઞાતિ વ્યવસ્થાના નિયત્રણો ઓછ રહ્યા છે અથવા લોકોમા એનો ડર હવે ઓછો જોવા મળે છે

- કૃષિ વ્યવસાય :-

ગ્રામીણ સમુદાય સામાન્ય રીતે જ્ઞાતિ અને કૃષી આધારીત અર્થવ્યવસ્થા પર સ્તરીભુત થયેલો જોવા મળે છે.કૃષક સબંધો, ખેતી, અને અન્ય વ્યવસાયોનો ગ્રામીણ જીવન પર પ્રભાવ રહેલો છે.ખેતી સાથે સાથે લોકો પશુપાલન સાથે પણ જોડાયેલ જોવામળે છે. વ્યવસાય સાથે જોડાયેલ જજમાની પ્રથાઓ આજે પણ ગામડાઓમા બદલાયેલા સ્વરુપે ટકી રહેલી જોવામળે છે. જજમાની પ્રથા તેનુ સેવાકીય સ્વરુપ બદલાઇ અને તે આર્થિક સ્વરુપમા પરિવર્તિત થયેલુ જોવા મળે છે

સમસ્યા :આ વિસ્તારમા પાણીના તળ ૩૦૦ થી ૫૦૦ ફુટ ઊંડા જોવા મળે છે. નીચે પથ્થર આવી જતો હોવાથી વધુ ઊડા બોરવેલ કરી શકાતા નથી અત્યારના સમયમા આ વિસ્તારમા ૫૦૦ ફુટના પણ મોટાભાગના બોરવેલમા પાણી નથી અથવા ઓછા થયેલા જોવા મળે છે. આ વિસ્તારમા આવેલ ચિમનાબાઇ સરોવર અને વરસંગ તળાવ પુરુ ભરવાની જો કાયમી ધોરણે જોગવાઇ કરવામા આવે તો આ વિસ્તારના તળ ઝડપથી ઊંચા લાવી શકાય તેમ છે અને આ વિસ્તારના ખેડુતોને સમ્રુધ્ધ બનાવી શકાય તેમ છે. ગામના લોકોના જણાવ્યા મુજબ ફક્ત યશ લાભ મેળવવા જ આ તળાવોને થોડાગણા ભરવામા આવે છે. આ વિસ્તારના લોકોએ ચુટણીના બહિસ્કાર

પણ કરેલા જાણવા મળેલ છે આમ છતા આ વિસ્તારોની કાયમી પાણીની સમસ્યા દુર થઇ શકી નથી

આ વિસ્તારમા સાબરમતી નદી પર બાધવામા આવેલ ધરોઇ ડેમ કે જેના પીવાનુ પાણી અને સિંચાઇ માટેની મોટી યોજના છે જે યોજનાનો પુરો લાભ પણ આ વિસ્તારના ખેડુતોને પુરતો મળતો નથી જો સરકાર દ્વારા આ વિસ્તારમા નવી પાકી કેનાલો કરી યોજનાને વિસ્તારવામા આવે તો આ વિસ્તારને ફરી હરીયાળો બનાવી શકાય એમ છે.

- વર્તમાન વસવાટ :

આ વિસ્તારના ગામડાઓમા જે લોકો પાસે જમીન છે અને ખેતી અને પશુપાલન સાથે જોડાયેલા છે એ લોકો હ્વે ગામડામા પોતાના ઘર સિવાય પોતાના ખેતરોમા પાકા મકાનો બનાવી ખુલ્લામા વસવાટ કરતા જોવા મળે છે. પોતાના પ્રસંગો કરવા માટે પોતાના ગામમા રહેલા ઘરે આવે છે અને પ્રસંગ પુરો થતા પાછા પોતાના ખેતરે રહેલા ઘરમા પરત ફરે છે.

સમસ્યા :પોતાનાખેતરોમા પાકા મકાનો અને પશુપાલન સાથે વસવાટ કરે છે પરંતુ તેમને પોતાના ખેતરમા રહેલા ઘર સુધી પહોચવા કાચા રસ્તાનો જોવા મળે છે પંચાયત દ્વારા લોકોના ખેતરો સુધી પાકા રસ્તાઓ અને પીવાનુ પાણી પહોચાડવાની કોઇ યોજનાનોલાભ આ વિસ્તારોમા મળેલ નથી.સરકારી યોજનાઓનો લાભ અને વિકાસ ફક્ત ગામમા રહેલા મહોલ્લા અને શેરીઓ પુરતો મર્યાદીત જોવા મળે છે કે જયા લોકો ફક્ત પોતના પ્રસંગો પુરતા જ રહેવા અવે છેલોકો પોતાના ખેતરોમા કાયમી વસવાટ કરતા હોવાથી લોકોને બહુ અસરકર્તા જોવા મળતો નથી.

વિવિધ સામુદયિક યોજનાઓ દ્વારા ગ્રામીણ સમુદાયોનુ ઘડતર થોડુગણુ પણ શક્ય બન્યુ છે. જો સાચી માહિતી દ્વારા ગ્રામીણ સમાજ અને એની સાથે સંકળાયેલી સમસ્યાઓનુ વિશ્લેષણ કરવામા આવે તો સાચીરીતે ગ્રામીણ સમાજોનુ પુનર્નિર્માણનુ કામ પૂર્ણ થઇ શકશે ગ્રામીણ વિસ્તારમા રહેતા સમુદાયનો સાંસ્કૃતિક આર્થિક, સામજિક, શૈક્ષણિક એમ સાચી રીતે સર્વાંગી વિકાસ થવો ખુબ જ જરુરી છે સ્વતંત્રતા

પછી વિવિધ યોજનાઓના મધ્યમથી સરકારી અને સહકારી સંસ્થાઓ દ્વારા ગ્રામીણ વિકાસ માટે ગણા પ્રયત્નો કરવામા આવેલા છે પરંતુ અપેક્ષિત સફળતા આજસુધી મળી નથી.

મજુરોને વેતન આપવાથી, ગરીબોને સસ્તુ અનાજ આપવાથી કે મનરેગા જેવી યોજનઓ, જનધન યોજનાઓ જેવી વિવિધ યોજનાઓ થકી ગ્રામિણ વિકાસનુ સ્તર ઊંચુ લઇ જઇ શકાતુ નથી એ કહકીકતો આજે ગણા ગામડાઓમા જતા જ જોવા મળે છે.

આશરે ૨૦૨૦-૨૧મા ભારતીય કોર્ટે આપેલ એક સ્ટેટમેન્ટ્ : "ગરીબોને મફતમા અનાજ આપવા કરતા સરકાર એમની જોડેથી કામ લે અને એના બદલામા અનાજ આપે એ દિશા મા સરકારે વિચારવુ જોઇએ" કોર્ટ્ના આ સ્ટેટમેન્ટ્થી પણ આ હકીકતો સાચી ઠેરવી છે.

ફીલ્ડમા આ વિસ્તારમા થયેલા અનુભવ : ફિલ્ડમા ફરતા આ વિસ્તારના દરેક લોકોને મોઢે એક જ પ્રશ્નો હતા કે "અમને શુ મળશે ?" " મફત મળશે કે ?" " સરકાર શુ આપશે ? ક્યારે આપશે ?" લોકોના આ પ્રશ્નો જ કહી જાય છે કે સરકારી યોજનાઓ અને એમાય મફતમા મળતી યોજનાઓની શુ અસરો ઊભી થઇ છે ?

જ્યા સુધી આ વિસ્તારમા સરકાર ધ્વારા સિંચાઇ માટેની કોઇ ચોક્કસ અને કાયમી યોજના લાગુ કરવામા નહી આવે ત્યા સુધી સરકારની બીજી બધી યોજનાઓ પણ આ વિસ્તારના લોકોમા મોટુ પરિવર્તન કે બદવાવ લાવી શકે એમ નથી. આ વિસ્તારમા સિંચાઇના પાણીની સમસ્યા હલ કરવામા આવશે તો આ વિસ્તારના લોકોમા રહેલ શ્રમ શક્તિને ઉત્પાદન શક્તિ સાથે જોડી આ વિસ્તારના લોકોમા મોટી સમૃધ્ધતા લાવી શકાય તેમ છે.

આજના સમયમા ગ્રામીણ સમાજોમા ઝડપથી પરિવર્તનો આવી રહ્યા છે જેથી એવુ જરુર લાગે છે કે વિવિધ વિકાસ યોજનઓ, શિક્ષણમા થઇ રહેલી વૃધ્ધી, વાહન વ્યવહારના સાધનો અને નગરો સાથે દિવસે ને દિવસે વધી રહેલા સમ્પર્કો વગેરેથી ગ્રામીણ જીવનમા પરિવર્તન આવી રહ્યા છે પણ એની સાથે સાથે ગ્રામીણ સમાજોની સાચી સમજ મેળવવી પણ જરુરી છે.

**મારો આ લેખ આ વિસ્તારમા કરેલા મારા અનુભવો અને ઉત્તરદાતાઓ અને આ વિસ્તારના લોકોની જાણેલી થોડીગણી વાતો કે જે પરિવર્તનની સાથે સાથે સમસ્યાઓ આધારીત પણ હતી જે વર્ણવવાનો પ્રયત્ન કરેલો છે. મારો ફિલ્ડવર્કનો આ અનુભવ ક્યાક કોઇક વ્યક્તિને કર્મશીલ બનાવવા પ્રેરણારુપ બની રહેશે અને આ વિસ્તારને સમ્રુધ્ધી તરફ લઇ જવામા સફળતા અપાવશે એજ અતઃકરણ પૂર્વક્ની મારી આ લેખ વાચનાર સૌને અભિલાષાઓ....**

## સ્વર્ગ અને પૃથ્વીનું મિલન– વિક્રમોર્વશીયમ્

ડૉ પટેલ .ભારતી એ .
સંસ્કૃત વિભાગ
સરકારી વિનયન કૉલેજઝઘડીયા ,

કવિ કુલગુરુ કાલિદાસ સંસ્કૃત સાહિત્યમાં અત્યંત પ્રસિદ્દિધ પામ્યા છે. કાલિદાસે સંસ્કૃત સાહિત્યને કુલ સાત કૃતિઓની ભેટ ધરી છે, જેમાં બે ખંડકાવ્યો, બે મહાકાવ્યો તેમજ ત્રણ નાટકોનો સમાવેશ થાય છે. એક નાટ્યકાર તરીકે મહાકવિ કાલિદાસની સિદ્દિધઓ અજોડ છે. કાલિદાસે પોતાના નાટકોને સર્વાંગ-સંપૂર્ણ બનાવવા માટે સતત જાગૃત રહી પ્રયત્ન કર્યો છે. કાલિદાસના ત્રણેય નાટકોમાં જોઈએ તો તેમની નાટ્યકલા ઉત્તરોતર ઉત્કર્ષ પામતી રહી છે. નાટકો માત્ર વાંચનનો વિષય ન બની રહેતા સારી રીતે ભજવાય અને પ્રેક્ષકોની પ્રશંસાને પ્રાપ્ત કરે એ તેમનો સ્પષ્ટ આશય તેમના ત્રણેય નાટકોમાં દ્રષ્ટિગોચર થાય છે માલવિકાગ્નિમિત્રમ્ તેમની પ્રથમ નાટ્ય કૃતિ મનાય છે. ત્યારપછી તેમણે વિક્રમોર્વશીયમ્ અને અભિજ્ઞાન શાકુન્તલ રચ્યું હોવાનું મનાય છે. આ ત્રણે કૃતિઓમાંની નાટ્યકલા ક્રમશઃ વિકાસશીલ રહી છે. કાલિદાસ તેમના અભિજ્ઞાન શાકુન્તલ નાટકને કારણે વિશ્વ વિખ્યાત થયા છે, પરંતુ માલવિકાગ્નિમિત્રમ્ અને વિક્રમોર્વશીયમ્ પણ સંસ્કૃત સાહિત્યમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે.

કાલિદાસના વિક્રમોર્વશીયમ્ નાટકની શરૂઆતના નાન્દી શ્લોકમાં કાલિદાસ પોતાના ઈષ્ટદેવ ભગવાન શિવની સ્તુતિ કરે છે. અહીં સ્થાણુ તરીકે રહેલા ભગવાન શિવનું વર્ણન જોતા લાગે છે કે કાલિદાસને મન ભગવાન શિવ કોઈ એક મંદિરમાં પુરાયેલા દેવ નહીં પરંતુ સ્વર્ગ અને પૃથ્વીને વ્યાપીને રહેલા પરમ તત્વ છે. નાન્દી પૂરી થયા પછી સૂત્રધાર નાટકની પ્રસ્તાવના કરે છે જેમાં આ નાટકને અપૂર્વ કહીને કાલિદાસે પોતાના નાટકની અપૂર્વતા દર્શાવી દીધી છે. સ્વર્ગ અને પૃથ્વીના પાત્રો વચ્ચેનો પ્રેમ દર્શાવવો એ સાચે જ અપૂર્વ છે. નાટકનો આરમ્ભ ખૂબ જ નાટ્યાત્મક છે. નાટકની શરૂઆત અવાજથી થાય છે. નેપથ્યમાંથી કંઈક શબ્દ જેવું - કંઈક અવાજ સંભળાય છે અને સૂત્રધાર બોલી ઊઠે છે – अये किं नु खलु मद्विज्ञापनान्तरं कुररीणामिवाकाशे शब्दः श्रूयते । આવી રહેલો અવાજ આકાશ માર્ગે આવી રહેલી અપ્સરાઓનો હોય છે. અપ્સરાઓની ‘બચાવો-બચાવો’ની ચીસો સંભળાય છે. નાટકના પ્રથમ દૃશ્યના પ્રારમ્ભે આવતી અપ્સરાઓની કોમળ છતાં ભયથી ભરેલી ચિચિયારીઓ વાચકનું અને ભાવકનું તરત

જ ધ્યાન ખેંચે છે. રંગભૂમિ ઉપર નાટક ભજવાતું હોય ત્યારે પ્રારમ્ભનું આકાશમાંનું દૃશ્ય, ભયભીત બનેલી અપ્સરાઓ અને સહાય મેળવવા માટે તેમણે મચાવેલી બૂમરાણ પ્રેક્ષકોના ચિત્તને રંગમંચ પર એકાગ્ર કરી દે છે અને અપ્સરાઓની બૂમો સાંભળીને સૂર્યની ઉપાસના કરીને પાછો ફરતો પુરુરવા એકદમ તેમને બચાવવા માટે રંગમંચ પર પ્રવેશ કરે છે. બચાવ માટે આવેલા પુરુરવાનો ઓજસ્વી અને પ્રભાવપૂર્ણ અવાજ સંભળાય છે. અહીં પુરુરવાનું પ્રવેશવું જ આકર્ષક છે. અપ્સરાઓ પાસેથી કેશીદાનવે બંદી બનાવેલી ઉર્વશી અને તેની સખી ચિત્રલેખાની માહિતી મેળવીને રાજા પુરુરવા તે બન્નેને છોડાવવા માટે પોતાના રથમાં વાયુવેગે જાય છે. વાયવ્યાસ્ત્રથી દૈત્યોને સમુદ્રમાં ફેંકી દઈને, ઉર્વશી અને ચિત્રલેખાને તેમના બંધનમાંથી મુક્ત કરીને, પોતાના રથમાં બેભાન ઉર્વશી તેમજ તેની સખી ચિત્રલેખા કે જે તેને આશ્વાસન આપી રહી છે તેને લઈને પુરુરવા હેમકૂટ શિખર ઉપર આવવા નીકળે છે. પુરુરવા પોતે પણ सुन्दरि समास्वसिहि समाश्वसिहि । કહીને ભયથી ક્ષુબ્ધ બનેલી ઉર્વશીને આધાર અને આશ્વાસન આપે છે.

નાટકના પ્રારમ્ભમાં જ ઉર્વશી તથા અપ્સરાઓના દુઃખ પ્રત્યેની રાજા પુરુરવાની સમભાવશીલતા જોઈ શકાય છે. બેભાન બનેલી ઉર્વશી સખી ચિત્રલેખાના પ્રયત્નોથી ભાનમાં આવે છે. ભાનમાં આવેલી ઉર્વશી ચિત્રલેખાને પૂછે છે કે મને મહેન્દ્રએ બચાવી? જવાબમાં ચિત્રલેખા ઉર્વશીને રાજા પુરુરવા બતાવે છે. રાજાને જોઈને ઉર્વશી મનમાં બોલી ઊઠે છે - उपकृतं खलु दानवैः । "દાનવોએ મારા પર ઉપકાર કર્યો." ઉર્વશી રાજાના પ્રેમમાં પડી ચૂકી છે એવું આ વાક્યથી સૂચવાય છે. અત્યંત આકર્ષક બનેલો રાજા પુરુરવાનો વ્યક્તિત્વપુંજ ઉર્વશીને ભાન પ્રાપ્ત થતાં પ્રથમ નજરે જ સ્પર્શી જાય છે. પ્રેમની દશ અવસ્થાઓમાંની પહેલી અવસ્થા નયનપ્રીતિનું બીજ અહીં મંડાય છે. રાજાએ વ્યક્ત કરેલી ઉર્વશીની પ્રશસ્તિ તથા સખીઓની સમુત્સુકતાના વર્ણનમાં દેખાયેલ તેનું આભિજાત્ય ઉર્વશીને માટે પોતાની પણ ઉત્સુકતાનું સૂચન ઉર્વશીને માટે અમૃત સમાન થઈ પડે છે. તે બોલી ઊઠે છે – अभिजातं खलु अस्य वचनम् । अथवा चन्द्रादमृमिति किमत्राश्चर्यम् । જોતજોતામાં રાજા પુરુરવા માટે ઉત્પન્ન થયેલા પ્રણયને કારણે ઉર્વશીના વાક્યમાં પટુત્વ પ્રવેશી જાય છે અને તે કહે છે – समदुःख पिबतीव मां नयनाभ्याम् । એક નાના નાજુક પ્રસંગ પરથી સમગ્ર નાટ્યકૃતિની રચના કરવી એ કાલિદાસની ઉત્તમ નાટ્યકલા સૂચવે છે.

રાજાના અદ્ભુત પરાક્રમથી તેને પ્રાપ્ત થયેલી કીર્તિની જેમ ઉર્વશી પણ સ્વાભાવિકતાથી તેની પાસે જીતાય જાય છે. અહીં ઉર્વશી અપ્સરા હોવા છતાં જાણે કે સંપૂર્ણ રીતે માનવી લાગે છે. હેમકૂટ શિખર ઉપર રાજાનો રથ ઊભો રહેતાં જ ઉર્વશી અને પુરુવાના અંગોના સ્પર્શથી પરસ્પરના થયેલા રોમાંચના ઉદ્ભવમાં જાણે કે પરસ્પરનો પ્રણયનો ઉદ્ભવ પણ ખભે ખભા મિલાવીને રહ્યો હોય તેમ એક સમાન કવિ કાલિદાસ દ્વારા સૂચવાઈ જાય છે. ઉર્વશી તથા તેની બીજી સખીઓના સમાગમનું સુંદર દૃશ્ય હેમકૂટ પર સર્જાય છે. એવામાં જ ઉર્વશીને પાછી મેળવવા માટે ઈન્દ્રએ મોકલેલી ગંધર્વસેનાનો અધિપતિ ચિત્રરથ ગંધર્વ ત્યાં આવી પહોંચે છે. રાજા પુરુરવા વિવેકપૂર્વક ચિત્રરથને જ ઉર્વશીને ઈન્દ્ર પાસે લઈ જવા કહે છે. અંતે ઉર્વશી તથા રાજાના વિખૂટા પડવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે. પ્રથમ અંકને અંતે એકાવલી પ્રસંગ જેવા નાનકડા પ્રસંગને રજૂ કરીને કાલિદાસે ઉર્વશીના પ્રણયબીજને અંકુરીત કર્યું છે. ચિત્રરથ ગંધર્વની સાથે અનિચ્છાએ જવા તૈયાર થયેલી ઉર્વશી અચાનક જ રોકાઈ જાય છે અને ચિત્રલેખા દ્વારા કારણ પૂછતા તેની એકાવલી માળાની શેર લતામાં ભરાઈ ગઈ હોવાનો અભિનય કરે છે. રાજાને નિહાળતી ઉર્વશી પોતાની સખી ચિત્રલેખાને એકાવલી લતામાંથી મુક્ત કરવા વિનવે છે. ઉર્વશીનું રાજાને જોવા માટેનું બહાનું એની પ્રિય સખી ચિત્રલેખાથી છૂપું રહી શકતું નથી અને ચિત્રલેખા ઉર્વશીની મશ્કરી કરતાં કહે છે दृढं खलु लग्ना । दुर्मोचनीयमेव मम प्रतिभाति । આ રીતે ઈન્દ્રના જેવા પ્રભાવ વાળા રાજા પુરુરવા પ્રત્યે સ્વર્ગની

અપ્સરા આકર્ષાય છે અને તેને માટે ગાંડી બને છે. આમ સ્વર્ગની અપ્સરા અને પૃથ્વીના રાજા વચ્ચે પ્રથમ અંકમાં જ પ્રણય થાય છે. આ પ્રણય માત્ર ઉપરનો ઉભરો ન હતો તે એક બીજી રીતે પણ સિદ્ધ થાય છે, બંનેનું પ્રથમ મિલન સ્વર્ગ અને પૃથ્વી વચ્ચેના ભાગમાં આકાશમાર્ગમાં થાય છે. એટલે અહીં ઉર્વશી સ્વર્ગની દેવાંગના નથી રહેતી કે પુરુરવા માનવોનો રાજા રહેતો નથી, તે બની ગઈ છે કેવળ સ્ત્રી જ્યારે બીજો છે કેવળ પુરુષ. પ્રણયમાં પડેલા બન્ને પાત્રો એકબીજાથી ઘણા જુદા હોવા છતાં બન્ને પ્રણયના રસાયણમાં જાણે કે એકરૂપ થઈ જાય છે. પ્રણય નિષ્પત્તિ પ્રણયી પાત્રોના અસામાન્ય ગુણોમાંથી થાય છે અને જાણે કે સ્વર્ગ અને પૃથ્વી એ બન્ને મહાન લોકને એક કરતી હોય તેમ તેમનો વિકાસ કરે છે.

બીજા અંકના આરમ્ભે આવતા પ્રવેશકમાં વિદૂષક અને ચેટી નિપુણિકાની વાતચીત દ્વારા સ્પષ્ટ થાય છે કે નગરમાં આવ્યા પછી તથા રાજકાજમાં પરોવાયા પછી પણ રાજા ઉર્વશીને ભૂલ્યો નથી. તેની ઉર્વશી પ્રત્યેની સ્પૃહા ઉત્તરોત્તર વધતી ચાલી છે. આમ પ્રથમ અંકમાં રાજાના મનમાં પ્રગટ થયેલો પ્રણય ફૂલ્યોફાલ્યો છે. રાજા ઉર્વશીના વિરહમાં વિવશ બની ગયો છે. બીજી તરફ રાણી ઔશિનરી દાસી નિપુણિકા દ્વારા રાજાની અવસ્થાનું કારણ એ ઉર્વશી તરફનો પ્રેમ હોવાનું જાણી લે છે. વ્યાકુળ બનેલો રાજા વિદૂષકની સાથે બગીચામાં બેસીને ઉર્વશી વિશેની વાત કરે છે. એટલામાં જ આકાશ માર્ગે ઉર્વશી પોતાની સખી ચિત્રલેખાની સાથે ત્યાં આવે છે અને રાજા તથા વિદૂષકનો વાર્તાલાપ સાંભળે છે. રાજાની વ્યાકુળતાનું કારણ પોતે જ છે એમ જાણીને ઉર્વશી અદૃશ્ય રહીને જ એક ભૂર્જપત્રનું નિર્માણ કરે છે જેમાં રાજા પ્રત્યેના પોતાના પ્રેમને વ્યક્ત કરે છે. રાજા તે વાંચીને ખુશ થાય છે અને ભૂર્જપત્ર સાચવવા માટે વિદૂષકને આપે છે. ત્યારપછી ઉર્વશી તિરસ્કરિણી વિદ્યા દૂર કરીને રાજા સમક્ષ પ્રત્યક્ષ થાય છે. રાજા ઉર્વશીનું સ્વાગત કરે છે એની સાથે પ્રેમાલાપ કરે છે. એટલામાં તો ઈન્દ્રનો દૂત ઉર્વશીને ભરતમુનિના નાટકમાં ભાગ ભજવવાનો હોવાથી ઝડપથી સ્વર્ગમાં પાછા જવાનું જણાવે છે. તેથી ઉર્વશી સ્વર્ગ તરફ જતી રહે છે. વિદૂષકને સાચવવા આપેલું ભૂર્જપત્ર રાણી ઔશિનરીના હાથમાં આવતા તે ક્રોધે ભરાઈને રાજાનો તિરસ્કાર કરીને ત્યાંથી જતી રહે છે.

ત્રીજા અંકના પ્રારમ્ભમાં આવતા વિષ્કમ્ભક દ્વારા પ્રેક્ષકોને જણાય છે કે ઉર્વશીએ નાટકના સંવાદ બોલવામાં ભૂલ કરી 'પુરુષોત્તમ' એવું બોલવાને બદલે 'પુરુરવા' બોલી આથી ભરતમુનિ દ્વારા તેને સ્વર્ગ થવાનો શાપ મળે છે અને ઈન્દ્ર ભરતમુનિના શાપને હળવો કરે છે. પુરુરવાને ઉર્વશીથી પુત્ર પ્રાપ્તિ થાય અને પુત્રનું મુખ જુએ ત્યાં સુધી જ ઉર્વશી પૃથ્વીલોકમાં રહેશે એવો ઉચ્છાપ આપે છે. બીજી તરફ ક્રોધે ભરાયેલી રાણી ઔશિનરી રાજાનો તિરસ્કાર કરીને ચાલી ગઈ હતી તે પોતાના પતિને પ્રસન્ન કરવા માટે 'પ્રિયાનુપ્રસાદન વ્રત' કરે છે. એ વ્રત દ્વારા જાહેરાત કરે છે કે, 'રાજા જે સ્ત્રીને ચાહે કે જે સ્ત્રી રાજાને ચાહે એની સાથે તે પોતે પ્રેમપૂર્વક વર્તશે.' આ રીતે રાજા અને ઉર્વશીનો પ્રણય માર્ગ વિઘ્ન રહિત બને છે. એક તરફ ઉર્વશીને સ્વર્ગમાંથી પૃથ્વી પર આવવાનો શાપ મળે છે અને બીજી તરફ રાણી ઔશિનરી પ્રિયાનુપ્રસાદન વ્રત કરીને રાજા અને ઉર્વશીના પ્રણય માર્ગમાંથી ખસી જાય છે. ઉર્વશી સ્વર્ગમાંથી પૃથ્વી પર આવીને રાજાને મળે છે. ચિત્રલેખા ઉર્વશીને રાજા પુરુરવા પાસે મૂકીને સ્વર્ગમાં જાય છે. ત્યારપછી બન્ને પ્રેમીઓ પ્રસન્ન દામ્પત્યનો અનુભવ કરે છે અને બન્ને વિહાર માટે ગંધમાદન પર્વત ઉપર જાય છે.

ચતુર્થ અંકના પ્રારમ્ભે આવતા પ્રવેશકમાં ઉર્વશીની બે સખીઓ ચિત્રલેખા અને સહજન્યાની વાતચીતથી બની ગયેલ ઘટનાનું સૂચન કરવામાં આવ્યું છે. ગંધમાદન પર્વત ઉપર પુરુરવા અને ઉર્વશી વિહાર કરવા ગયા હોય છે ત્યાં ઉર્વશી ભૂલથી સ્ત્રીઓને માટે નિષિદ્ધ એવા કુમાર વનમાં પ્રવેશી જાય છે. પરિણામે લતા બની જાય છે. આ રીતે પોતાની પ્રિયતમાના અચાનક અદૃશ્ય થઈ જવાથી પુરુરવા ખૂબ જ વ્યાકુળ બની જાય છે. વળી વર્ષાઋતુના આગમનથી તેની વ્યાકુળતામાં અત્યન્ત વધારો થઈ જાય છે. આકાશમાં મેઘને જોઈને પુરુરવાને જાણે કે એ મેઘ પોતાની પ્રિયાને લઈ જતો રાક્ષસ હોય તેવો ભાસ થાય છે. પુરુરવાને નૂતન કદલી, પગલાની હાર, કેકારવ કરતા મયૂરો, ચક્રવાક પક્ષીયુગલ, રાજહંસો, ભમરા વગેરે સર્વને ઉદ્દેશીને ઉર્વશી વિષયક પ્રલાપો કરે છે, અને અન્તે પુરુરવાને એક સંગમનીય મણિની પ્રાપ્તિ થાય છે. પાર્વતીના પગના અળતામાંથી ઉદ્ભવેલો એ લાલ રંગનો સંગમનીય મણિ રાજાને મળતા પોતે મૂળ સ્વરૂપમાં પાછી ફરી છે એવું ઉર્વશી રાજાને જણાવે છે. રાજા અને ઉર્વશીને પુનર્મિલન કરાવનાર આ મણિ રાજાને ખૂબ જ પ્રિય લાગે છે. રાજા તથા ઉર્વશી બન્ને વાદળ રૂપી વિમાન દ્વારા રાજગૃહે પાછા ફરે છે. રાજાને જો સંગમનીય મણિ ન મળ્યો હોત તો રાજા કાયમને માટે ઉર્વશીના વિરહમાં રહ્યો હોત અને ઉર્વશી કાયમ લતા ભાવમાં રહી હોત. નાટક કરુણાન્ત બની ગયું હોત, પરંતુ નાટ્યકાર કાલિદાસે આ મણિ દ્વારા નાટકને સુખાન્ત બનાવ્યું છે.

હવે પાંચમાં અંકમાં જણાય છે કે જે સંગમનીય મણિ પુરુરવા અને ઉર્વશીના સંગમનું પ્રતીક બન્યો હતો એને એક ગીધ માંસનો ટુકડો માનીને ઝડપી જાય છે. આ બનાવથી જાણી-અજાણી રીતે પણ પ્રેક્ષકોના મનમાં ઉર્વશી-પુરુરવાનો સંગમ વિક્ષિપ્ત થશે કે શું એવો સંશય ઉત્પન્ન થાય છે. પણ જે મણિને ગીધ ઉઠાવી ગયો હતો તે મણિ લઈને કંચુકી પ્રવેશ કરે છે. કંચુકીની પાસે મણિની સાથે પુરુરવાના પુત્ર કુમાર આયુષનું બાણ પણ હોય છે. અહીં આ પાંચમા અંકમાં સંગમનીય મણિને પાછો મેળવવાનું કામ રાજા પુરુરવા નહીં પણ તેનો પુત્ર આયુ કરે છે. કાલિદાસે આમ બતાવીને જાણે કે પોતાના વિશિષ્ટ જીવન-દર્શનનું સૂચન કર્યું હોય એમ લાગે છે. ઉર્વશીને મળેલા ઉચ્છાપ પ્રમાણે તો પૂરુરવાથી પ્રાપ્ત થનાર પુત્ર પુરુરવા-ઉર્વશીના વિરહનું કારણ બનવાનો હતો, પરંતુ સંગમનીય મણિના ગુમ થવા સાથે નાયક-નાયિકાના વિરહની શક્યતા ઉત્પન્ન થઈ હતી તેને આયુ એ જ પાછો મેળવેલો સંગમનીય મણિ તોડી નાખે છે. એટલે કે એક રીતે તો પુરુરવા અને ઉર્વશીનો પુત્ર આયુ જ સંગમનું કામ કરે છે. સંગમનીય મણિની પુનઃપ્રાપ્તિ રાજા તથા ઉર્વશીને તેમના પુત્રનો સમાગમ કરી આપીને ફરી એકવાર પોતાની પ્રિયાનો સંગમ કરાવી આપવાની શક્તિ સિદ્ધ કરે છે, પણ પુરુરવાના પુત્રનું મુખ જોતાં ઉર્વશીને સ્વર્ગમાં પાછા ફરવાનું હોઈ જાણે કે તે બન્નેના વિરહની સંભવિતતા ઊભી થાય છે. પુરુરવા અને ઉર્વશીના ઘનિષ્ઠ પ્રેમનો આ રીતે અંત આણવાનું કાલિદાસને યોગ્ય લાગે નહીં. પુરુરવાને આ રીતે એકાએક પત્નીવિહોણો બનાવી દેવામાં જાણે કે સમગ્ર નાટકનો તર્ક અસંગત લાગે. એટલે કાલિદાસે પુરુરવાની સમક્ષ તેમના પુત્ર આયુને ઉપસ્થિત કરાવ્યો અને પ્રાણયીઓના વિરહની સંભાવના ઊભી કરી. ઉર્વશી રહિત બનેલા રાજા પુરુરવા એ પણ વાનપ્રસ્થ લઈ વનમાં જવાની તૈયારી કરી, પરંતુ એટલામાં જ નારદજીએ આવીને પુરુરવાને ઈન્દ્રનો સંદેશો આપ્યો કે ત્રિકાળદર્શી મુનિઓએ ભાખ્યા પ્રમાણે દેવાસુર સંગ્રામ થવાનો છે અને ઈન્દ્રને સહાય આપવા માટે પુરુરવાની જરૂર છે. તેથી હમણાં રાજાએ શસ્ત્ર ત્યાગ ન કરવો અને ઉર્વશી તમારા આયુષ પર્યંત તમારી સાથે રહેશે. નારદ દ્વારા લવાયેલ ઈન્દ્રના સંદેશથી ઉર્વશી પુરુરવાનો વિરહ અટકી ગયો. આ રીતે નાટ્યકાર કાલિદાસે ઉર્વશી અને પુરુરવાના પાત્રને માતૃ-પિતૃત્વ આપીને પરિપૂર્ણ બનાવી માતા-પિતા અને પુત્રનું મિલન કરાવ્યું. આ પ્રમાણે કાલિદાસે પોતાની નાટ્યકલા દ્વારા સ્વર્ગની અપ્સરા ઉર્વશી અને પૃથ્વીના રાજા પુરુરવાનું પુરુરવાના જીવન સુધી મિલન કરાવીને

જાણે કે સ્વર્ગ અને પૃથ્વી નું મિલન કરાવી આપ્યું છે.

**સન્દર્ભ ગ્રન્થ:**

(1) विक्रमोर्वशीयम्, सं. श्रीआशानन्दवर्मा, संस्कृत पुस्तकालय, लाहौर, 1926

(2) વિક્રમોર્વશીયમ્, સં. અંજના મહેતા, યુનિવર્સિટી ગ્રન્થનિર્માણ બોર્ડ, અમદાવાદ, 2014

(3) વિક્રમોર્વશીયમ્, સં. સુરેશ જ. દવે, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, 2011-12

(4) સંસ્કૃત નાટકોનો પરિચય, સં. ડૉ. તપસ્વી શં. નાન્દી, યુનિવર્સિટી ગ્રન્થ નિર્માણ બોર્ડ, અમદાવાદ, 1996

## સ્ત્રી સશકિતકરણ માટેની યોજનાઓ

ડો.કલ્પનાબેન બી.ચૌધરી

વિભાગ –સમાજશાસ્ત્ર,

**સારાંશ :**

સ્ત્રી સશકિતકરણનો ખ્યાલ સામાજીક કલ્યાણ સાથે સાંકળી લેવામાં આવ્યો છે.સશકિતકરણ એક એવી પ્રક્રિયા છે, જેના દ્વારા પીડિત કે દબાયેલા–કચડાયેલા લોકો વિકાસ પ્રવૃત્તિઓ અને માળખાઓમાં બીજા લોકો સાથે સહભાગી બનીને તેમના જીવન ઉપર થોડુક નિયંત્રણ મેળવે છે.અહી સ્ત્રી સશકિતકરણની વિવિધ યોજનાઓ એમ સામાજીક અને આર્થિક યોજનાઓ થકી સ્ત્રી સશકિતકરણમાં વધારો થયો છે.જે યોજનાઓ વિશેની માહિતી આપવામાં આવી છે.

**ચાવીરૂપ શબ્દો :**

સ્ત્રી, સશકિતકરણ,સશકિતકરણની વિભાવના, સત્તા, વ્યાખ્યા, સામાજીક, આર્થિક યોજનાઓ

**પ્રસ્તાવના :**

યોગેન્દ્રસિંઘ નોંધે છે તેમ સશકિતકરણની વિભાવના વિશાળ સૂચિતાર્થો ધરાવે છે.સશકિતકરણનો ખ્યાલ કળા અને સીમાંત સમૂહોની સામાજીક ચળવળની વિચારસરણીમાંથી ઉદ્‌ભવ્યો છે.સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લેવા માટે તમામ વર્ગોની હજારો

સ્ત્રીઓ ઘરમાંથી બહાર આવી. કાપડિયા નોંધે છે, તેમ રાષ્ટ્રીય ચળવળમાં જોડાવાથી સ્ત્રીઓને સૌ પ્રથમ વખત પોતાની કાર્યશકિતનો અને નેતૃત્વ શકિતનો પરિચય થયો. સમાજમાં અને કુટુંબમાં યોગ્ય સ્થાન પ્રાપ્ત કરવું એ સ્ત્રીઓ સામે પડકાર હતો. સ્વાતંત્ર્ય ચળવળમાં સ્ત્રીઓએ અનેક વિધ ભૂમિકાઓ થી પોતે પુરૂષો જેવી શકિત દાખવી શકે છે. તેના અનુભવ કર્યા. આવા અનુભવે સ્ત્રીને પુરૂષ સમોવડી બનવા સમર્થ બનાવી , પોતે હવે અબળા નહીં પરંતુ સબળા છે તેવા જાત અનુભવ કર્યા.

સ્વતંત્ર ભારતમાં સશકિતકરણનો ખ્યાલ સામાજીક કલ્યાણ સાથે સાંકળી લેવામાં આવ્યો છે.હવે સ્ત્રીઓનો વિકાસ સ્ત્રીઓનું સશકિતકરણમાં વધારો થતો દેખાયો છે.સ્ત્રીઓના ખાસ કરીને ગરીબ સ્ત્રીઓના જીવનમાં તેમની પોતાની પસંદગીના અવકાશ પર ભાર મૂકવામાં આવ્યો છે.સ્ત્રીઓને સત્તા આપવાથી વિકાસ પ્રક્રિયામાં ક્રાંતિકારી પરિવર્તનોની આશા રાખવામાં આવી છે.

સશકિતકરણની વિભાવના :–

ઈવલિન હસ્ટ નોંધે છે તેમ ‘Empowerment’ શબ્દમાં power એટલે સત્તા શબ્દ સમાવિષ્ટ છે.એટલે Em powerment ની વિભાવના powerની વિભાવના સાથે ગાઢ સબંધ ધરાવે છે.ઉષા ઠાકરના મતે, પોતાની જાત પર,સાધનો પર, વિચારસરણી પર અને સત્તા નિર્ધારિત કરતા પરિબળો પર નિયંત્રણ મેળવવાની પ્રક્રિયાને સશકિતકરણ કહેવાય.

ઉષા શર્મા સ્ત્રી સશકિતકરણની વ્યાખ્યા આપતા નોંધે છે તેમ સ્ત્રીઓનું સશકિતકરણ એક અવિરત ચાલતી અને ગત્યાત્મક પ્રક્રિયા છે. જે તેઓને તાબેદારીમાં રાખતા સામાજીક રચનાતંત્રો અને વિચારસરણીમાં પરાવર્તન લાવવાની સ્ત્રીઓની શકિતને વધુ તીવ્ર બનાવે છે.આ પ્રક્રિયા સ્ત્રીઓને વધુ સંશોધનો મેળવવા અને નિર્ણયો લેવા, પોતાના જીવન પર વધુ નિયંત્રણ મેળવવા તેમજ વધુ સ્વાયત્તતા મેળવવા શકિતમાન બનાવે છે.

**સ્ત્રી સશકિતકરણ માટેની યોજનાઓ :–**

૧) સ્ત્રીઓના આર્થિક સશકિતકરણની યોજનાઓ :–

સ્ત્રીઓના આર્થિક સશકિતકરણ માટે સ્ત્રીઓને તાલીમ અને રોજગારી કાર્યક્રમ

અને સ્વયં સિધ્ધા યોજના અમલમાં મુકવામાં આવી છે.

સ્ત્રીઓના આર્થિક સશકિતકરણ માટે તાલીમ અને રોજગારી કાર્યક્રમ અમલમાં મુકવામાં આવ્યો છે.જેના અંતર્ગત સ્ત્રીઓને પરંપરાગત વ્યવસાયમાં કામ કરતી સ્ત્રીઓને તાલીમ આપી વ્યવસાયિક કૌશલ્યોમાં સુધારો કરવામાં આવે છે.આ માટે સ્ત્રીઓને જૂથોમાં સંગઠિત કરવામાં આવે છે.તેમણે કરેલા ઉત્પાદનોના વેચાણ માટે બજારની ગોઠવણ કરવામાં આવે છે.ટેકારૂપ સેવાઓ પુરી પાડવામાં આવે છે.તેમજ ધિરાણ પુરૂ પાડવામાં આવે છે.

૨) સ્વયંસિધ્ધા યોજના :–

સ્ત્રીઓના વિકાસ અને સશકિતકરણ માટે સ્વયંસિધ્ધા યોજના અમલમાં મુકવામાં આવી છે. તે એક સંકલિત યોજના છે.ખાસ કરીને સ્ત્રીઓનું સામાજીક અને આર્થિક સશકિતકરણ કરવું તે યોજનાના મુખ્ય ધ્યેય છે.આ ધ્યેયને સિધ્ધ કરવા સ્વસહાય જૂથો રચવામાં આવે છે.બીજાની સહાય વિના પોતાની જાતને સહાય કરવી એટલે સ્વસહાય,આ જૂથો ધ્વારા સ્વરોજગારીની યોજના હેઠળ સખી મંડળો સ્થાપવામાં આવ્યા છે.

સ્વસહાય જૂથોના સભ્યોમાં દરજ્જો,સ્વાસ્થ્ય,પોષણ,સ્ત્રી શિક્ષણ,સ્વચ્છતા અને આરોગ્ય કાનૂની અધિકારો વગેરે અંગે જાગૃતિ અને આત્મ વિશ્વસા પૂરો પાડવામાં આવે છે.ગ્રામીણ સ્ત્રીઓમાં બચતની ટેવો કેળવવામાં આવે છે.ગુજરાતમાં સ્વશકિત યોજના અમલમાં મૂકવામાં આવી છે. સ્વશકિત એટલે ગ્રામીણ સ્ત્રીઓના સ્વશકિતકરણ અંગે સામૂહિક પ્રયત્નો.આ યોજના ૨૦૦૧માં અમલમાં મૂકવામાં આવી હતી. વર્તમાન સમયમાં આ યોજનાનો લાભ ગુજરાતના તમામ ગ્રામીણ વિસ્તારની બહેનો લે છે.ગ્રામીણ સ્ત્રીઓના આર્થિક સશકિતકરણમાં આ યોજના મહત્વપૂર્ણ બની રહી છે.

**(૨) સ્ત્રીઓના સામાજીક સશકિતકરણની યોજનાઓ :–**

૧) સ્વાધાર યોજના :– આ યોજનામાં મુશ્કેલ સંજોગોમાં મુકાયેલી સ્ત્રીઓને સમગ્રદર્શી સેવાઓ પુરી પાડવાની યોજના છે.આ યોજના ખાસ કરીને મુશ્કેલીમાં મુકાયેલી સ્ત્રીઓ,નિરાધાર વિધવાઓ,જેલમાંથી મુકત કરાયેલી અને કુટુંબના આધાર

વિનાની,વેશ્યાગૃહ કે અન્ય સ્થળેથી ભાગી છૂટેલી,આવી વિવિધ પ્રકારની સમસ્યાઓમાં ફસાયેલી સ્ત્રીઓને સેવાઓ પુરી પાડવાનું કામ કરે છે.આ યોજના હેઠળ આવી સ્ત્રીઓ માટે ખોરાક,પોષાક, આશ્રય, સ્વાસ્થ્ય, સંભાળ,સલાહ માર્ગદર્શન કાનૂની સહાય તેમજ સામાજીક, આર્થિક પુનઃ વર્સનની જોગવાઈ કરવામાં આવી છે.

૨) હંગામી રહેઠાંણ ગૃહો :– જે સ્ત્રીઓ અને છોકરીઓ કુટુંબના દબાણ, સામાજીક બહિષ્કાર,નૈતિક જોખમ વગેરેને લીધે સામાજીક,આર્થિક અને માનસિક સમસ્યાઓનો સામનો કરી રહી હોય તેમના માટે રક્ષણ માટે અને પુનઃ વર્સન હેતુથી આ યોજના અમલમાં મુકવામાં આવી છે.

૩) કુટુંબ સલાહ માર્ગદર્શન કેન્દ્રો :– આવા કેન્દ્રોને અત્યાચાર અને કૌટુંબિક કુમેળનો ભોગ બનેલી સ્ત્રીઓ અને બાળકોને સલાહ માર્ગદર્શન પુરા પાડે છે.આ યોજનાનો અમલ સ્વૈચ્છિક સંગઠનો ધ્વારા સેન્ટ્રલ સોશ્યલ વેલફેર બોર્ડ કરે છે.આવી યોજનાઓ પોલીસ હેડકવાર્ટસ તેમજ અન્ય કેટલાંક ખાસ કેન્દ્રો ધ્વારા પુરી પાડવામાં આવે છે.

૪) સ્ત્રીના શિક્ષણના સંક્ષિપ્ત અભ્યાસક્રમો :– આ યોજનાનું ધ્યેય સ્ત્રીઓનું સામાજીક,આર્થિક સશકિતકરણમાં સહાયક બનવાનું છે.જેના અભ્યાસક્રમમાં સ્ત્રીઓને શિક્ષણ સબંધિત કૌશલ્યો પુરાં પાડે છે.આ યોજના ખાસ કરીને અધવચ્ચેથી શાળા છોડી દીધી હોય અને નાપાસ થયેલી હોય તેવી સ્ત્રીઓને શાળા શિક્ષણ પુરૂ કરાવવા માટેની છે.આ યોજના ૧૫ વર્ષથી અને તેથી વધુ ઉંમરની સ્ત્રીઓને આવરી લે છે.

૫) સામાજીક જાગૃતિ કાર્યક્રમ :– સ્ત્રીઓના હકકો,સમસ્યાઓ અને દરજ્જાને લગતા પ્રશ્નો અંગે સામાજીક કલ્યાણ બોર્ડ ધ્વારા ગ્રામીણ અને ગરીબ સ્ત્રીઓ માટે સમુદાયમાં સામાજીક જાગૃતિ વિકસાવવાનું કામ કરે છે.

૬) ટેકારૂપ સેવા તરીકે કામ કરતી સ્ત્રીની હોસ્ટેલ :– આ યોજના કામ કરતી સ્ત્રીઓના બાળકોની સંભાળ રાખવાની સુવિધા પુરી પાડે છે.સ્ત્રીઓને સલામત અને આર્થિક રીતે પોસાય તેવી રહેઠાણની સુવિધાની જોગવાઈ કરે છે.ખાસ કરીને સીગલ વર્કીંગ વુમન,કામનું સ્થળ દૂર હોય,વિધવા સ્ત્રીઓ,છૂટાછેડા લીધેલી ત્યકતા અને રોજગારી માટે

તાલીમ લેતી સ્ત્રીઓ અને શિક્ષણ મેળવતી છોકરીઓને હોસ્ટેલની સુવિધા પુરી પાડવાનું કામ આ યોજના કરે છે.

## વેઠે છે તે જ વિકસે છે ને જીવનમંત્ર બનાવનાર મણિલાલ હ પટેલ

ડૉ. યોગેશચંદ્ર પટેલ
ગુજરાતી વિભાગ

### જીવન ઘડતર

જીવનમાં સંઘર્ષ અર્થાત્ વિઘ્નોનો સામનો કરીને જીવન જીવનારા ઓછા મનુષ્યો હોય છે. વેઠવું, વિકસવું અને વિસ્તરવું બધાંના જીવનમાં હોતું નથી. ઘણાં દુઃખો અને મુશ્કેલીઓ દરેક પગલે નવો આકાર લેતી હોય છે એમાંથી પણ રસ્તો કરનારા ખૂબ ઓછા હોય છે. અભાવગ્રસ્ત જીવનમાં ભાવોના ખ્યાલો તો ક્યાંથી જન્મ લે! આ બધાને પાછળ મૂકી જાત-મહેનત કરી ઘણા ઓછા આગળ વધતા હોય છે. આપબળે આગળ આવનારા માનવીની કસોટીઓ ઘણી થતી હોય છે. આ બધાને પાછળ મૂકીને આવનાર જીવ એટલે મણિલાલ હ પટેલ. ગુજરાતનો અભાવગ્રસ્ત વિસ્તાર એટલે પંચમહાલ. વ્યક્તિની જેમ આ વિસ્તારોમાં કોઈ ને કોઈ ઊણપ રહી ગઈ છે. એટલાં મોટાં નગરો નથી કે માણસ ત્યાં જઈ પોતાનો વ્યવસાય કરી શકે. મણિલાલ હ પટેલ આ પ્રદેશમાંથી આવે છે. બાપદાદાનો વ્યવસાય ખેતીનો એટલે મોટા થઈ દરેક ખેતીમાં જોતરાય. ભાગ્યે જ કોઈ ભણીગણીને આગળ જઈ શકે. એક સમય એવો હતો કે આખો જન્મારો માટીમાં જ પૂરો થઈ જાય. શિક્ષણના વિચારો અને ખ્યાલો આવ્યા પણ જીવનમાં એટલાં અમલી ન બન્યા. ખરું જીવન તો ખેતી કરવી, કુટુંબ, સમાજ સાચવવાં તેના વ્યવહારો નિભાવવા એ જ. આ બધાથી પર આવ્યા એટલા આગળ ગયા. જોવાની દૃષ્ટિ ટૂંકી કામ કરવાની વૃત્તિ ટૂંકી આવા વિચારો ધરાવતી વ્યક્તિ અને સમાજ બંને આગળ આવતાં નથી. બધાંથી પર થયા હોય તો તે એક મણિલાલ હ પટેલ. મહીસાગર નદીને કિનારે વસેલું ગોલાના પાલ્લા ગામ. ગામમાં વીસ-પચ્ચીસ પટેલનાં કુટુંબ બધાંમાં પરભુમોરાડનું કુટુંબ આગળ પડતું હતું. પરભુમોરાડ આમ તો ઓછાબોલા અને શાંત સ્વભાવના હતા. પિતાની નામના અને

પિતાના મોભાને હરિદાસ જાળવે છે. ગામમાં, તડમાં (અગિયાર ગામનું ઝૂમખું) અને સમાજમાં હરિદાસે પોતાનું નામ કર્યું હતું. સ્વભાવે આકરા અને જિદ્દી ખરા. વ્યવહારમાં અને પુણ્ય કમાવવામાં તેઓ આગળ પડતા હતા. ઘસાઈને ઊજળા થવામાં માનતા. રસ્તે જનારને પણ મહેમાન બનાવી ઘરે તેડી લાવતા. આગતા-સ્વાગતામાં પાછું વળી ન જુએ તે હરિદાસ પટેલ. આવા હરિદાસ પરભુદાસ પટેલને ત્યાં તારીખ ૯ નવેમ્બર ૧૯૪૯ના રોજ મણિલાલ હ પટેલનો જન્મ થાય છે. તેમની માતાનું નામ અંબા. પણ તેમને જીજી કહી સંબોધતા. જ્ઞાતિએ તેઓ લેઉઆ પાટીદાર. ત્રણ દીકરાઓમાં મણિલાલ વચેટ દીકરા. પાંચ બહેનો અને ત્રણ ભાઈઓ. તેમાં ત્રણ બહેનોનું અવસાન થયું. બાનું અકાળે અવસાન અને ઘરનું અભાવગ્રસ્ત વાતાવરણ ઘડતરમાં મદદરૂપ બને છે. એમના બાળપણને વધારે કઠોર બનાવે છે પણ એ જ અનુભવો એમના ઘડતરને લાભદાયક બને છે. મહિનાઓ અને વર્ષો વીતતાં જાય છે ને કસોટીઓ શરૂ થાય છે. વિપરીત સંજોગોએ જાતને ઘડવાનું શરૂ કરી દીધું હતું. પહેલા ધોરણમાં પ્રવેશ પોતાની ગામની શાળામાં જ લે છે. ગામની શાળામાં એકથી ચાર ધોરણનો અભ્યાસ પૂરો થાય છે. પાંચમા ધોરણમાં અભ્યાસ કરવા માટે બાજુના ગામ મધવાસમાં જવું પડે છે. પાંચમા ધોરણમાં અભ્યાસ કરતા હતા ત્યારે અકાળે માતા અંબાબાનું અવસાન થાય છે જે જીવનની પ્રથમ કરુણ ઘટના બને છે. હજુ તો બાળપણ પૂરું થયું ન થયું ત્યાં તો કિશોર વયમાં જીવન પરીક્ષાઓ કરવાનું શરૂ કરે છે. નાની જમનામા અને વિધવા કાકી રામીમાની કાળજી વચ્ચે જીવન આગળ ચાલે છે. માને ઘરકામમાં મદદ કરવી, ભાઈબહેનોને સાચવવા અને ભણવું તેમનો નિત્યક્રમ બન્યો હતો.

રોજ ભણવા જવા બે માઈલ જવાનું અને આવવાનું. સાથે કોઈ કોઈ વાર તો ઘઉં કે મકાઈ લઈ જવાનાં દળાવવા માટે, ઘરકામ પૂરું કરીને શાળાએ જવાનું. તે જ ગાળામાં દાદાનું પણ અવસાન થાય છે. આ જીવન જ તેમને ઘડે છે. પિતાનો આકરો સ્વભાવ તેમને વધુ કઠોર લાગતો. પિતૃવાત્સલ્યની તો તેમને આજીવન ઊણપ જ રહી. પિતા પાસેથી આયોજન, વહીવટ, ચોકસાઈ, વ્યવસ્થા અને વ્યવહારના પાઠોનું આયોજન કરતાં શીખ્યા હતા.

મધવાસની પ્રાથમિક શાળામાં હતા ને એ સમયે શાળામાંથી અનેક નાનામોટા પ્રવાસો તેમણે કર્યા છે. એ દ્વારા ઘણું શીખ્યા. એટલે જ તો તેમણે મધવાસને 'ગનાનનું ગોંદરું' કહ્યું છે. ભણવામાં તેઓ હોશિયાર હતા તેથી શાળાના સાહેબો તેમના ઉપર વહાલ દર્શાવતા હતા. પ્રાથમિક શાળાનો અભ્યાસ કરીને મધવાસમાં જ હાઈસ્કૂલનું શિક્ષણ લીધું હતું. આમ વર્ષો સુધી પાલ્લાથી મધવાસ ચાલીને જતા અને આવતા. જેના ઘણા અનુભવો તેમને થયા છે. માની ગોદ તો છીનવાઈ ગઈ પણ પ્રકૃતિએ ગોદમાં રાખ્યા છે તે જણાવતાં કહે છે – "ભૂખ્યા જવું પડે ને વળતાં ભૂખ લાગે – એવા અનુભવો ઘણા છે. પણ સીમનો રસ્તો; ખેતરશેઢેપગવાટે ને નેળિયે થઈને જઈએ-આવીએ. કંથારા – ચણીબોર – કાચાં કેર – મગફળી – ડોડી – ચણા – તુવેર – પાપડી જતાંવળતાં 'સીઝન પ્રમાણે ખાતા." નદી–સીમ–વગડો, ડુંગરોમાં રખડવું, મેળાઓમાં જવું ને

આનંદ લૂંટવો તેમને મન મોંઘી મૂડી હતી. દલપતરામ, નર્મદ, કાન્ત, કલાપી, ઉમાશંકર જોશી, સુન્દરમ્, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, નિરંજન ભગત, બાલમુકુન્દ દવે, રાજેન્દ્ર શાહ, ઉશનસ્, જયંત પાઠક વગેરે સર્જકોની સાહિત્યસૃષ્ટિનો તેમને પરિચય થવા માંડે છે. જે તેમને સતત કંઈક સર્જન કરવા પ્રેરતું હતું. આ રીતે તેમને સાહિત્ય પ્રત્યેનો અનુરાગ જાગ્યો અને સર્જન તરફ પ્રેરાય છે. હાઈસ્કૂલના આઠમા-નવમા ધોરણનાં વર્ષોમાં તેઓ કાવ્યસર્જનનીપ્રવૃત્તિ તરફ વળ્યા હતા. દસમા-અગિયારમાં ધોરણમાં આવતા સુધીમાં તો એક કાવ્યસંગ્રહ થાય તેટલી કવિતાઓનું સર્જન કર્યું હતું. મણિલાલ હ પટેલ અગિયારમા ધોરણમાં ભણતા ત્યારે 'નચિકેતા' સામયિકમાં 'ગરીબો' નામની કવિતા પ્રગટ થઈ હતી ત્યારથી કાવ્યસર્જનનાંબીજ રોપાયા હતાં.ઈસ ૧૯૬૮માં ગુજરાતી વિષય સાથે તેઓ બીએ પાસ કરે છે. કૉલેજમાં પ્રથમ અને યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને તેજસ્વી વિદ્યાર્થી તરીકેની નામના મેળવે છે.

ઈ.સ.૧૯૭૦થી સર્જનનો પ્રારંભ થઈ ગયો હતો. કવિતા અને વિવેચનના સાહિત્યજગતમાં પ્રવેશ થયો હતો. આ વર્ષો દરમિયાન ડૉ ધીરુભાઈ ઠાકર પાસે ઈસ ૧૯૭૯માં 'અર્વાચીન ગુજરાતી કવિતામાં પ્રેમનિરૂપણ' વિષય પર શોધનિબંધ લખીને તેમણે પીએચડીની ઉપાધિ મેળવી હતી. નિબંધો કરવટ પકડી રહ્યા હતા. ઘર-વતન અને વૃક્ષ-પ્રકૃતિ પ્રતિ પ્રીતિ નોખી રીતે ને નવા રૂપે પ્રગટે છે. ઈડરમાં નોકરી કરવી એટલું નિમિત્ત નથી બનતું બલકે ઈડરના મલકને તેઓ આત્મસાત્ કરે છે. કૉલેજના સાથીમિત્રો રમણ સોની, પ્રસાદ બ્રહ્મભટ્ટ તેમજ અન્ય વિષયના પ્રાધ્યાપકો સાથે મળીને સાહિત્યિક આબોહવા ઊભી કરેલી.

ઈસ ૧૯૮૭માં મણિલાલ પટેલ ઈડર છોડી સરદાર પટેલ યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં જોડાય છે. ઈડર કૉલેજના અનુભવને લીધે તેઓ અહીં ઝડપથી ગોઠવાઈ જાય છે. વિદ્યાનગરમાં તેમને વૃક્ષો અને મિત્રોનો સાથ મળે છે. ઈડરનાં વનોનો અહીં અહેસાસ તો થાય છે પણ પહાડોની ખોટ સતત લાગ્યા કરે છે. વિદ્યાનગરના પરિસરને તેઓ ઝડપથી પોતાનો બનાવી દે છે. વિદ્યાનગરમાં તેમને અદમ ટંકારવી તથા બીજા મિત્રો મળે છે, જેઓએ અનુઆધુનિક સાહિત્યના ભાગ રૂપે 'પરિષ્કૃતિ' નામનું સાહિત્ય-આંદોલન પ્રારંભ્યું હતું. તેની અસર સમગ્ર ગુજરાતી સાહિત્ય પર પડી હતી. યુનિવર્સિટીના અનુસ્નાતક ગુજરાતી વિભાગમાં તેઓ રીડર અને પ્રોફેસર બને છે. ઉપરાંત વલ્લભ વિદ્યાનગરમાં એમનું કથાસર્જન પાંગરે છે. અહીં તેમને સાહિત્યના સર્જનની સાથોસાથ શૈક્ષણિક વાતાવરણ પૂરતા પ્રમાણમાં મળે છે. તેમણે વિદ્યાર્થીઓની નવી પેઢીઓ તૈયાર કરી છે. જે આજે શિક્ષકો, અધ્યાપકો તરીકે સેવારત થઈ છે. તેમનું સાહિત્યસર્જન સ્કૂલ, કૉલેજના અભ્યાસક્રમોમાં મુકાતું જાય છે. તેમની ઘણી કાવ્યકૃતિઓના, વાર્તાઓના અનુવાદો થયા છે અને બીજા રાજ્યનાં પાઠ્યપુસ્તકોમાં મુકાયા છે. સમયે સમયે થઈ રહેલું સર્જન વિવિધ એવૉર્ડ, પારિતોષિકોથી નવાજાયું છે. તેમના સમગ્ર સાહિત્યસર્જન માટે વર્ષ ૨૦૦૭નો 'ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થાય છે. તો શિક્ષણક્ષેત્રે વિશેષ સિદ્ધિ હાંસલ કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીએ તેમનું સન્માન કર્યું હતું. મણિલાલ પટેલે 'દસમો દાયકો' નામે સામયિકનું

સંપાદનકાર્ય કર્યું હતું. એ ઉપરાંત 'શીલશ્રુતમ્', 'ખેવના' અને 'પરસ્પર' જેવાં સામયિકોનું સંપાદનકાર્ય કરેલ છે. અને એ નિમિત્તે ઘણા બધા નવોદિતોને લખતા કર્યા છે. આમ અભ્યાસી, નિષ્ઠાવાન અને નિસબત ધરાવનાર અધ્યાપકોમાં મણિલાલ પટેલ વિશેષ છે. વિદ્યાર્થીઓના લોકપ્રિય અને વ્યવહારુ પણ એટલા જ. જીવનશિક્ષણ અને સાહિત્યશિક્ષણ બંને રીતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા રહે છે. ગુજરાતભરની શાળા-કૉલેજો અને યુનિવર્સિટીઓમાં તેઓ વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે વક્તવ્યો આપે છે. તેમનાં વક્તવ્યો ભાવકપ્રિય બની રહે છે.

'દીવો પોતાના દિવેલથી બળે છે' અને 'વેઠે છે તો... વિકસે છે' આ તેમના જીવનમંત્રો હતા. વ્યક્તિ સર્જક અને અધ્યાપક તરીકે સતત વિકસતા જ રહ્યા છે. આમ અધ્યાપક તરીકેની તેમની કારકિર્દી વર્ષ ૨૦૧૨માં પૂરી થાય છે.આજે પણ નિવૃત્તિના દિવસોમાં સતત પ્રવૃત્ત રહ્યા કરે છે. વાંચવું, વિચારવું, લખવું આજે પણ ચાલ્યા કરે છે. નિવૃત્તિની પ્રવૃત્ત ડિઝાઇનમાં તેઓ જીવી રહ્યા છે. ખૂબ વાંચવું, વિચારવું અને જરૂર લાગે ત્યારે લખતા રહ્યા છે.

## સર્જનનો પ્રારંભ

મણિલાલ હ પટેલને તેમના અનુભવોએ ઘણું શિખવાડ્યું છે. અભાવગ્રસ્ત બાળજીવનની મુશ્કેલીઓ જ વાંચન તરફ ખેંચી જાય છે. બાળપણની ઉંમર નાની, પણ જવાબદારીઓ વધુ હતી. ઘરની નાનીમોટી જવાબદારી, ભાઈબહેનને રાખવાના અને શાળાએ અભ્યાસ કરવા જવાનું. વધુમાં તેઓ કેફિયતમાં જણાવે છે તે રીતે "ત્રિભેટાના કૂવેથી ઉતાવળે, એ – ઘડા અને ડોલથી સીંચીને – પાણી ભરી દે છે; ભેંસપાડાંને કોઢિયામાં બાંધી ઘાસપૂળાનું નીરણ કરી ચોપાડ-પડસાળને વાળીને સાફ કરી દે છે. એક ચૂલે દેવતા ધિકાવી હાંડલી(માટીની)માં ખીચડી ઓરી બીજે ચૂલે છાણાંના ધીમે તાપે; તાવડીમાં, પાણીમાં મકાઈનો લોટ બાફી નાનાં ભાઈબહેનને ખવડાવે છે, અને ચોપાડ વચ્ચે ખાટલો ઢાળી માના સાડલાની ગોદડી પાથરી સુવાડે છે ને નાની બહેનને ઘોડિયે ઢબૂરી હિંચોળે છે; વચ્ચે, યાદ આવતાં વાડાના ચૂલે ગરમ પાણી માટે દેગડી ભરીને મૂકી આપે છે ને પછી ગ્યાસતેલનો ખડિયો-દીવો સળગાવીને દલપતરામની કવિતા વાંચે છે – 'પૂરી એક અંધેરી ને ગંડુ રાજા' – ઘરમાં હજી ખેતરેથી આવ્યાં નથી. પેલા કિશોરને થાય છે કે ગંડુ રાજાની નગરી કેટલે દૂર હશે? 'ઝરણું રૂમઝૂમ કરતું નાચે – ઝરણું ઝમઝમ કરતું ગાય' એનું પણ કિશોરને અચરજ છે પણ ડુંગરાવાળા ખેતરે દાદા સાથે એણે વરસાદમાં વહી જતા વહેળા જોયા હતા. એટલે ઝરણાંની કલ્પના એ કરી શકે છે. 'એક ઈડરનો વાણિયો' – વાંચતાં કિશોરને એ ઈડર ગામ અને વાણિયાને જોવાનું મન થાય છે. તો વળી 'ડુંગર કેરી ખીણમાં/ ગાંભુ નામે ગામ'–ની ભાત લઈ જતી ને વાઘનો કોળિયો બની જતી મીઠી માટે એ કિશોરનું મન ભરાઈ આવે છે. એને વળી વળીને થયા કરે છે એ મીઠડી તો જાણે એની પોતાની બહેન હતી." અહીં જ આપણને બાળપણમાં સાહિત્યપ્રીતિના દર્શન થાય છે. પરિસ્થિતિઓએ તેમને સાબદા કર્યા છે અને ટકી રહેવાનું બળ પૂરું પાડ્યું છે. ઘરની ક્રિયાઓમાં વ્યસ્ત

રહેવા છતાં હાથમાં કવિતા, વાર્તા કે નવલકથાનું પુસ્તક અચૂક હોય. જીવનમાં પીડાઓ, દુઃખો, યાતનાઓ તો હતી જ. સાહિત્યરુચિના કારણે સઘળુંય સાહિત્ય સર્જનમાંપરિણમે છે. તેમના અનુભવો જ સાહિત્યમાં નોંધપાત્ર બન્યા છે. સાહિત્યે તેમને સાચા ને શાણા બનાવ્યા છે. વાંચીને તેઓ વિચારતા અને શાણા બનતા જાય છે. તેઓ કહે છે, ‘‘સમજણે વાંચવા ને વિચારવા પ્રેર્યો... લેખન અને વાચન બંનેએ મળીને માલીપા એક શાણો માણસ ઘડવાનું કામ ચાલુ રાખ્યું છે...’’

કિશોરકાળમાં વાંચનના કારણે મન ઉપર અનેક સંસ્કારો પડ્યા હતા. કવિતા વાંચતા જાય તેમ ગમતી જાય છે અને શરૂઆતમાં દલપતરામની કવિતાની રટણા શરૂ કરેલી. કેફિયતમાં તેઓ જણાવે છે, ‘‘કવિતા લખવાનું આ દિવસોમાં બનેલું. દલપતરામની રચનાઓની રટણા રહેતી એટલે આરંભ દલપતશૈલીથી કરેલો. ચોપડીઓમાંથી જાતે છંદો શીખ્યા. કઠલાલમાં ટ્રેનિંગ કૉલેજમાં ટ્રેનિંગ લેવા ગયેલા કાકાના દીકરા શિવુભાઈ (માસ્તર)ને છંદોમાં પત્રો લખતો અને એ રાજી થવાના બદલે અકળાતા. છંદો, શું એમને સમજાતા નહોતા? કદાચ! પછી તો પાકા પૂંઠાની નોટોમાં કાચું કાચું લખતો જ ગયેલો. અગિયારમા ધોરણ સુધીમાં તો એક નોટ કવિતાની, બીજી વાર્તાઓની ને ત્રીજીમાં નવલકથા લખેલી.’’ ચોથા-પાંચમા ધોરણમાં ભણતા હતા ત્યારથી લખવાનું એમનું શરૂ થયેલું. ગામમાં નાટક ભજવ્યું. ગામવાળાઓએ રાજી થઈને ફાળો આપ્યો તેમાંથી ગ્રંથાલય શરૂ કર્યું. એ નિમિત્તે પન્નાલાલ, પેટલીકર, ક મા મુનશી, ઝવેરચંદ મેઘાણી જેવા સર્જકોનું સાહિત્ય વંચાતું જતું. મનમાં વિચારોનો સળવળાટ ચાલુ જ હતો. હાઈસ્કૂલમાં ભણતા ત્યારે કરસનદાસ માણેકને મળવાનું થયેલું. જોઈને આનંદ પણ ખૂબ જ થયેલો. મણિલાલ પટેલે તેમની રચના કરસનદાસ પટેલને સંભળાવી. તેમાંથી એક રચના ‘નચિકેતા’ માસિકમાં છપાઈ હતી. આખા ગામમાં કવિ હોવાની વાત ચર્ચાઈ હતી. સર્જક થવાની વાત તો તેમણે કહ્યું છે તેમ ‘‘હજી તો હું હાઈસ્કૂલમાં હતો ને મેં લેખક થવાનું, કૉલેજમાં અધ્યાપક થવાનું નક્કી કરી લીધું...’’ ઘરની પરિસ્થિતિએ અને અનુભવોએ તેમને સર્જનની પીઠિકા રચી આપી હતી. કવિતાના આરંભનાં વર્ષોમાં છંદોથી તેમણે સર્જનની શરૂઆત કરી હતી. બીજી એક વાત નોંધવા જેવી છે કે પોતાનું વેવિશાળ બાળપણમાં થયું હતું. સાસરીમાં જાય છે અને થનાર પત્ની(કન્યા)ને જોઈને સૉનેટ સૂઝે છે જે પછીથી ‘કુમાર’ સામયિકમાં છપાયું હતું :

‘પરોઢે આવેલા સપન સમ આવ્યા, પિયુ તમે
અહીં મારે ઘેર, સ્વજન વચ હું એકલ ઊભી
કમાડે અંઢેલી નયન જલ રોકી – નવ શકી...’

કથાવાર્તા સાથેનો નાતો તેમણે પહેલેથી જ રાખેલો. જાણતાં-અજાણતાં, સહજતાથી આ પાસું મજબૂત બનતું ગયું હતું. સમાજના વાસ્તવજગતને તેમણે નજીકથી જોયો છે, જાણ્યો છે અને તેને સાહિત્યમાં આકાર આપ્યો છે. પોતાનું વતન, એ લોકો પાસેથી એમને કથાબીજ મળ્યાં છે. સંવેદન, સામગ્રીની સાથે ભાષા પણ તળજીવની મૂકી આપી છે. એટલે તેમને મન કવિતા, નિબંધ અને વાર્તા સહજ સર્જન પામે છે. સર્જનની

સાથે ઘણી વાર વેઠવું પણ પડતું હોય છે. 'પીટીસી થયેલી વહુ' (૧૯૮૯) જેવી વાર્તા લખાય ને સમાજમાં ખળભળાટ મચી જાય. સંકુચિત સમાજ સામે અનેક પ્રશ્નો આવીને ઊભા રહેતા હોય છે.

આમ, મણિલાલ વિદ્યાર્થીકાળથી જ લખતા થાય છે પણ ઈડરના અધ્યાપનનાં વર્ષોમાં તેઓ સર્જક તરીકે પોંખાતા જાય છે. કવિતા, નિબંધો, નવલકથા, વાર્તા જેવાં સ્વરૂપોમાં તેમનું સર્જન પોંખાતું જાય છે. ઈડર અને વિદ્યાનગરમાં રહેતા હોવાથી વતનઝુરાપો તેમને સતત ગામડાં તરફ લઈ જતો હતો. આજે પણ સર્જન તેમના માટે આનંદદાયી બની રહે છે.

ગુજરાતી સાહિત્યસર્જનમાં અનેક સ્થિત્યંતરો આવતા રહ્યા છે. બદલાતા સમયની સાથે સાહિત્યિક સર્જનમાં પણ તેનાં વહેણો બદલાયાં છે. જેમાંથી પરિબળો અને પરિમાણો પણ બચી શક્યાં નથી. નગર, યંત્રસંસ્કૃતિથી કંટાળેલો માણસ પાછો પોતાના મૂળ કુળમાં જાય છે. આ સમય એટલે અનુઆધુનિક સાહિત્યપ્રવાહનો. આ વાતની નોંધ કરતા હસિત મહેતા કહે છે, 'સદ્નસીબે અનુઆધુનિક ગાળાએ રચનાવિધાનને સાથે રાખીને પોતાનાં મૂળિયાંની જરૂરિયાતને પોંખવાનો પ્રયોગ આદર્યો. ત્યારે ચમત્કાર એ થયો કે અત્યાર સુધીના ગુજરાતી સાહિત્યમાં જે ગ્રામીણ સમસ્યા કે ગ્રામસમાજ ચીતરાતો હતો તે હવે બદલાતી જતી આંતર્ચેતનાને, એટલે કે નોખી ગ્રામચેતનાને સૂક્ષ્મતાથી આલેખવા માંડ્યો. આવા આલેખનમાં જે કેટલાક મહત્ત્વના વળાંકો આપણા સાહિત્યને મળ્યા છે, તેમાંનો નોંધનીય પડાવ મણિલાલ હ પટેલનાં સર્જનો છે.'' ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાનો પ્રવાહ હજી તો શરૂ થવાનો હતો ત્યારે મણિલાલ પટેલનો જન્મ થાય છે. તેમનું બાળપણ અને ઘડતર આધુનિક સમયમાં થાય છે. પ્રાથમિક અને માધ્યમિક અભ્યાસ દરમ્યાન તેમના સર્જનકાર્યનો આરંભ થઈ ચૂક્યો હતો. ૧૯૫૫થી આરંભાયેલા આધુનિક પ્રવાહના ૧૯૭૫-૮૦ સુધીમાં તો વળતાં પાણી થઈ જાય છે. અનુઆધુનિક સમયમાં ગુજરાતી સાહિત્યસર્જકો પોતાની પરંપરામાં પાછા જાય છે. પોતાનું અસલ ગામડું – એ પરિવેશ સાહિત્યમાં પુનઃ પ્રવેશે છે. એટલે આ સમયગાળામાં ગ્રામચેતના, દલિતચેતના, નારીચેતના, નગરચેતનાનું સાહિત્ય સર્જાતું હતું. આ સમયગાળામાં જૉસેફ મેકવાન, અજિત ઠાકોર, વિનોદ જોષી, જયદેવ શુક્લ, જયેન્દ્ર શેખડીવાળા, હરીશ મીનાશ્રુ, માય ડિયર જયુ, કાનજી પટેલ, રામચંદ્ર પટેલ વગેરે સર્જકો પોતાનો નોંખો અવાજ રજૂ કરતા હતા. મણિલાલ હ પટેલ મૂળે ગામડામાં ઊછર્યા હતા પણ અધ્યાપન અર્થે નગર સાથે જોડાયેલા હતા. એટલે એમના સાહિત્યમાં ગામડું, એ ગ્રામપરિસર, તળજીવનને તેમણે નવા સમયસંદર્ભે મૂકી આપ્યાં છે. નગરજીવનમાં રહી તેઓ ગ્રામજીવન સુધી પહોંચી શક્યા છે. મનમાં સાચવેલા જગતને તેઓ સાહિત્યસર્જનમાં પાછું લાવ્યા છે. આ સમયમાં 'પરિષ્કૃતિ'ના કલાઆંદોલને બરાબરનો વેગ પકડ્યો હતો. જેમાં પોતે અને અન્ય સર્જકોએ આધુનિક સાહિત્યની મર્યાદાઓનો પરિહાર કરીને સર્જન કર્યું હતું. આ કલા-આંદોલનની ચર્ચા કરતાં તેઓ જણાવે છે કે, ''તળમાં પાછા જવું ને નિજી ધારાઓને ઓળખવી, સાંસ્કૃતિક સંદર્ભો સાથે નૂતન જીવનવાદી દષ્ટિકોણોને ચકાસવા, યંત્રચેતનાથી પ્રભાવિત નગરચેતના,

ગ્રામચેતના-નારી અને દલિતચેતના, આરણ્યકોની જીવનચર્યામાં પરિવર્તનો અને એમની મૌખિક પરંપરાનો સમાવેશ થતાં અનુઆધુનિક સાહિત્ય-પરિષ્કૃતિનું સાહિત્ય વધુ વેગીલું અને બહુઆયામી બની રહ્યું છે.'' મણિલાલ આ આબોહવામાં તેમણે પોતાના સર્જનનાનોખા પ્રતિભાવો સાહિત્યમાં પાડ્યા છે.

મણિલાલ પટેલની સર્જનપ્રવૃત્તિનો પ્રારંભ કવિતાથી થયો. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પદ્મા વિનાના દેશમાં' ઈસ ૧૯૮૩માં પ્રગટ થયો હતો. કવિતામાં ગ્રામચેતનાનો અવાજ નોખો પડતો હતો. ઉત્તરાર્ધમાં 'ડુંગર કોરી ઘર કર્યાં', 'વિચ્છેદ'ની કાવ્યરચનાઓ આનાં ઉત્તમ ઉદાહરણો છે. કવિતાને 'પ્રોસેસ ઑવ ફિલિંગ' ગણાવતાં તેઓ કહે છે કે 'કવિતા મારે મન પુષ્પની સુગંધસમ સૂક્ષ્મ વસ્તુ છે. એમાં પુષ્પ કે છોડનાં નિરૂપણોને હું જરૂરી ન ગણું.' ભાવસંવેદન, અભિવ્યક્તિને તેમણે ગીત, ગઝલ, સૉનેટ, અછાંદસ, દીર્ઘકાવ્ય કે ખંડકાવ્યમાં આકાર આપ્યો છે. આ જ સમયમાં વિનોદ જોશી, જયદેવ શુક્લ, હરીશ મીનાશ્રુ, નીતિન મહેતા વગેરે કવિઓની કવિતા સૂર્યોદય ભણી હતી.

મણિલાલ પટેલે 'તરસઘર' (૧૯૭૮)થી 'અંજળ' (૨૦૦૦) સુધીના સર્જનવર્ષમાં નવલકથાકાર તરીકેની ભોંય બાંધી હતી. ૧૯૭૮ના સમયગાળામાં પણ આધુનિક ઘટનાપ્રસંગ વાળી નવલકથાઓ લખાતી હતી. કિશોર જાદવની 'નિશાચક્ર' (૧૯૭૯), ભગવતીકુમાર શર્માની 'ઊર્ધ્વમૂલ' (૧૯૮૧), ધીરેન્દ્ર મહેતાની 'ચિહ્ન' (૧૯૭૮) વગેરે કૃતિઓ આ અરસામાં પ્રગટ થઈ હતી. સામાજિક વાસ્તવ, તળજીવન, નારી સંવેદનને કેન્દ્રમાં રાખી કથાસૃષ્ટિને તેમણે પૂરતો ન્યાય આપ્યો છે. કાનજી પટેલ, રામચંદ્ર પટેલ, જોસેફ મૅકવાન વગેરે સર્જકોનું કથાસાહિત્યસર્જન આ અરસામાં ઉઘાડ પામી રહ્યું હતું.

ગુજરાતી સાહિત્યમાં લલિત અને લલિતેતર ગદ્યસ્વરૂપોમાં નિબંધ સૌથી વધુ ખેડાયેલું સાહિત્યસ્વરૂપ છે. પણ આ લલિતનિબંધનું સ્વરૂપ ઉમાશંકર જોશીના નિબંધોથી રૂઢ થતું જાય છે. Personal Eassay શબ્દથી પર્યાય બનેલો લલિતનિબંધ ઉમાશંકર જોશી, દિગીશ મહેતા, ચંદ્રકાન્ત શેઠ, ભોળાભાઈ પટેલ વગેરે નિબંધકારોથી પરિપક્વ બને છે. મણિલાલ હ પટેલે નિબંધક્ષેત્રે ઈસ ૧૮૮૫ 'અરણ્યોમાં આકાશ ઢોળાય છે'થી વિધિવત્ પ્રવેશ કર્યો હતો. આ અરસામાં ગુજરાતી સાહિત્યમાં ભોળાભાઈ પટેલ, ચંદ્રકાન્ત શેઠ, ગુણવંત શાહ, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, પ્રવીણ દરજી, પ્રીતિ સેનગુપ્તા, બકુલ ત્રિપાઠી વગેરે નિબંધકારોના નિબંધો પ્રગટ થતા હતા. છેલ્લા બે દશકામાં મણિલાલ પટેલ નિબંધસાહિત્યની અગ્ર હરોળમાં સ્થાન પામ્યા છે.

આમ, અનુઆધુનિક ગુજરાતી સાહિત્યનાં આરંભના વર્ષોમાં એક બાજુ સાહિત્યસ્વરૂપોની વિભાવના સ્થિર થવા મથતી તે વર્ષોમાં મણિલાલ પટેલ સાહિત્યનાં જુદાં જુદાં સ્વરૂપોમાં પોતાનું સર્જન આપતા હતા. આ સમયમાં કવિતા, નવલકથા, નવલિકા, નિબંધ જે વાંસ્વરૂપોમાં કામ કરી પોતાના સર્જનને તેમણે નોખું પાડ્યું છે. અનુઆધુનિક સાહિત્યને ઘણા પડકારો ઝીલવા પડ્યા છે અને આ પડકારો ઝીલીને મણિલાલ પટેલ પોતાની કલાસૂઝ સાથે અવિરતપણે સર્જનો આપતા રહ્યા છે.

# પ્લાસ્ટિક મુક્ત ભારત

**ડૉ. દિપીકાબેન કે. રોહિત**
**સમાજશાસ્ત્ર વિભાગ**

' પ્લાસ્ટિક મુક્ત ભારત ' એ વિચાર જ સૌ પ્રથમ તો આપણને ભાગી નાખે પરંતુ આપણે દેશને તો પ્લાસ્ટિક મુક્ત કરીએ એ અઘરુ જરૂરી છે. પણ અશક્ય તો નથી જ. હાલની સ્થિતિએ તો ભારત સહિત વિશ્વભરના દેશો પ્લાસ્ટિકના કચરાથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ પણ ભારતના નાગરિકોને પ્લાસ્ટિક વિરુદ્ધ જન આંદોલન છેડવાનું આહવાન આપી દીધું છે. અને સાથે જ સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ લગાવવાની કવાયત હાથ ધરી છે. ત્યારે તેનો વિરોધ પણ થઈ રહ્યો છે. ચાલો આપણે જાણીએ કે વિશ્વ માટે મહામારી બની ચુકેલ પ્લાસ્ટિકના પ્રદુષણની અસરોને દુર કરવી અને પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવાનું સ્વપ્ન કેટલું સાકાર થઈ શકશે.

આપણી ' મા ' સમાન પૃથ્વી ની નુકસાન પહોંચાડવા માટેના દુનિયામાં અનેક કારણો જવાબદાર છે. પરંતુ છેલ્લા કેટલાક દાયકાઓથી ' પ્લાસ્ટિક ' પૃથ્વી માટે ગંભીર અને ભયંકર પડકાર બની ઊભું છે. આપણે જાણીએ છીએ કે સવારે જાગીએ ત્યારથી તો રાત્રે સુઈએ ત્યાં સુધી પ્લાસ્ટીક આપણા પડછાયાની જેમ આપણી સાથે હોય છે. તો ચાલો આપણે એના ઈતિહાસને ચકાસીએ.

' પ્લાસ્ટિક ' શબ્દ ગ્રીક ભાષાના પ્લાસ્ટિકોજ શબ્દ પરથી આવ્યો છે.જેનો અર્થ બનાવવું એવો થાય છે. એની શોધની શરૂઆત ૧૮૬૨માં એલેકઝાન્ડર પાર્કસે ઈંગ્લેન્ડમાં કરી હતી. ત્યારથી વર્ષો જતા એના ઘણા સ્વરૂપ બદલાયા અને છેવટે ૧૯૭૦માં એનો ઉપયોગ ઔદ્યોગિક તેમજ ઘરગથ્થુ ક્ષેત્રમાં બહોળો પ્રમાણમાં થવા લાગ્યો જે અન્ય ધાતુ કરતા સસ્તુ અને ઓછી જગ્યા રોકવાથી અન્ય ધાતુની જગ્યા પ્લાસ્ટિકે લઈ લીધી. આ સાથે વાહન, ઈલેક્ટ્રોનિક્સ , દુરસંચાર , કૃષિસાધનો , પ્રિન્ટેડ સર્કિટ બોર્ડ, ચંપ્પલ , ટી.વી. કેબિનેટ રેડિયો , કુલર , ફર્નિચર સહિતના ક્ષેત્રમાં તેનો પગપેસારો થઈ ગયો.

આમ જે પ્લાસ્ટિક માનવજાત માટે આશીર્વાદ રૂપ હતું. તે હાલની સ્થિતિએ અભિશ્રાપ બની ગયું છે. જે રાક્ષસી હુદે વધી રહ્યું છે. તેને નાથવા માટે આપણે શું કરી શકીએ તે આગળ જોઈએ

→ પ્લાસ્ટિક પ્રદુષણ અટકાવવાના ઉપાયો :-

પ્લાસ્ટિકનાં લીધે થતી આડઅસરો અને ભયસ્થાનોની વકરતી સમસ્યા બાદ અનેક દેશો સાથે ભારતે પણ ૨૦૧૮ ના વિશ્વ પર્યાવરણ દિવસની થીમ તરીકે " બીટ પ્લાસ્ટિક પ્રદુષય " સાથે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવાની હિલચાલ આદરી છે. અને ૨૦૨૨ સુધીમાં આ પ્રકારના પ્લાસ્ટિક મુક્ત ભારત બનાવવાનું આહવાન કર્યું છે. પરંતુ ઘણા સંગઠનો દ્વારા આનો વિરોધ કરવામાં આવ્યો છે. જેના કારણો એવા દર્શાવવામાં આવ્યા છે કે તેનાથી રોજગારી, અર્થતંત્ર અને પર્યાવરણને ભારે નુકશાન પહોચશે. પ્લાસ્ટિક બંધ કરવામાં આવે તો તેની અવેજીમાં એકમાત્ર ઉપયોગ પેપર અને કાપડ છે. જે બનાવવા માટે પર્યાવરણ પર આડઅસર થાય.

સિંગલ યુઝ પ્લાસ્ટિક બાયોડિગ્રેબલ નથી. તેની સામે આપણે બાયોડિગ્રેબલ પ્લાસ્ટિક બનાવવું જોઈએ. બાયોડિગ્રેબલ પદાર્થમાંથી બનતી વસ્તુઓના નિર્માણને વેગે આપવો જોઈએ. એની સાથે કૃત્રિમ રીતે બાયોડિગ્રેબલ પ્લાસ્ટિકનાં વૈજ્ઞાનિક સંશોધનોને ભંડોળ પુરુ પાડવું જોઈએ. જેવી દાનવ પ્લાસ્ટિકના ઉપયોગમાંથી આપણે છુટકારો મેળવી શકીએ.

પ્લાસ્ટિકના વિકાસ તરીકે ભારત પાસે શણ, કપાસ, નાળિયેર, વાંસ વગેરે વિકલ્પો છે. તો આવા સમયે આ ઉત્પાદનોમાંથી પ્લાસ્ટિકની થેલી અને સાધનો કેવી રીતે બનાવવા તેને લગતી ટેકનિકલ સુવિધા અને માર્ગદર્શન માટે દેશભરમાં હેલ્પ સેન્ટર્સ બનાવવા જોઈએ.

ઉપરોક્ત કુદરતી થેલીઓનું ઉત્પાદન હાલની પ્લાસ્ટિક ઉત્પાદન કરતી કંપનીઓ જ કરે તો આ પરીવર્તન પવનવેગે લાવી શકાય. શોપિંગ કરતી વખતે આપણે ધ્યાન રાખીએ કે પ્લાસ્ટિકની બેગની જગ્યાએ કાપડની થલીનો ઉપયોગ કરીએ શાકભાજી ખરીદતી વખતે કાપડની બેગ સાથે લઈને જઈએ જેથી પ્લાસ્ટિકની બેગનો અનાદર કરી શકીએ.

દા.ત. ઓફિસોમાં કે ચાની દુકાન પર વપરાતા પ્લાસ્ટિકના મગ(કપ) ની જગ્યાએ સ્ટીલ કે કાચન મગ (કપ)નો ઉપયોગ કરીએ. જ્યાં જ્યાં યુજ એન્ડ થ્રો ગ્લાસનો ઉપયોગ થાય છે. ત્યાં પણ સ્ટીલ અથવા કાચના ગ્લાસનો ઉપયોગ કરીએ.

પાણીની બોટલમાં પણ આપણે પ્લાસ્ટિકની બોટલની જગ્યાએ સ્ટીલની બોટલનો આગ્રહ રાખવો જોઈએ. એવી જ રીતે કાપડમાં પણ આપણે પ્લાસ્ટિક મુક્ત ફાઈબરને પસંદ કરીએ. એક્રેલિક જેવા પિતફએબરના કપડા ન હોય તેનું ધ્યાન રાખીએ અને કોટન, સિલ્ક અને ઉનનાં વસ્ત્રો પસંદ કરીએ. બિઝનેસ દ્રષ્ટિએ જોઈએ તો તેમ રિટેલ બિઝનેસ કરતા હોય તો પ્લાસ્ટિકના સ્થાને પેપર કે કાપડની બેગમાં ચીજવસ્તુ કે સામાન આપવાનું પસંદ કરો. આપણે પ્રવાસ દરમિયાન પ્લાસ્ટિકનો ઉપયોગ વધારે પ્રમાણમાં કરીએ છીએ. અને તેને યોગ્ય જગ્યાએ ના ફેકતા ગમે ત્યાં ફેંકી દઈએ. જે પર્યાવરણ માટે નુકસાનકારક છે. માટે ધ્યાન રાખીએ કે પ્રવાસ દરમિયાન

પ્લાસ્ટિક ઉપયોગ નહિવત કરીએ.

પ્લાસ્ટિક મુક્ત ભારતના પ્રયાસો :

એ વાતમાં તથ્ય અને દમ છે કે પ્લાસ્ટિકને રોજીંદા જીવનમાંથી સંપૂર્ણ પણે મુક્તિ આપવી અઘરી છે. પરંતુ આપણા જ દેશના એક રાજ્યે આ વાતને અપનાવીને આપણા માટે ઉદાહરણ પુરૂ પાડ્યું છે. અને એ રાજ્ય છે. સિક્કિમ જ્યાં રાજ્ય સરકારે લોકોમાં જાગૃતા ફેલાવી અને લોકોને પ્લાસ્ટિકનો ઉપયોગ કરતાં ન બંધ કર્યો. અને જ્યારે પ્લાસ્ટિકનો ઉપયોગ કરતાં નહિવત થઈ ગયો ત્યારે પ્લાસ્ટિક પર પ્રતિબંધ લાદવામાં આવ્યો.

કેરલ સરકારે પ્લાસ્ટિક કચરાનો ઉપયોગ રસ્તાઓ બનાવવામાં કર્યો. તેના માટે મહિલા સંગઠન બનાવવામાં આવ્યું. અને એ મહિલા સંગઠન દ્વારા ડોર ટુ ડોર પ્લાસ્ટિકનો કચરો એકત્રિત કરવાનું અભિયાન ચલાવવામાં આવ્યું. જેથી પ્લાસ્ટિકના કચરો ગમે ત્યો ન ફેકતા પર્યાવરણની મળવણી પણ થઈ. અને અભિયાન ચલાવતી મહિલાઓને રોજગારી પણ મળી. આમ કરેલ પણ ઉદાહરણ રૂપ બની રહ્યું.

આવું જ કે બીજું ઉદાહરણ છે. દિલ્હીની મધર ડેરી,મધર ડેરીએ પણ આ મુદ્દે એક અનોખી પહેલ કરી છે. લોકો છૂટુ દૂધ લેવા પ્રેરાય તે માટે જે લોકો દૂધ લેવા માટે ઘરેથી વાસણા લઈને આવે તેમેને પ્લાસ્ટિકની થેલીવાળા દૂધ કરતાં 4 રૂપિયા સસ્તું આપે છે. દિલ્હીના લગભગ 900 જેટલાં બુથ પર આ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. કંપની અધિકારી સંગ્રામ ચૌધરી કહે છે. કે એક લિટર દૂધના પેકિંગમાં 4.2 ગ્રામ પ્લાસ્ટિકનો ઉપયોગ થાય છે. ત્યારે છૂટક દૂધના વેચાણથી વર્ષે 900 મેટ્રિક ટન પ્લાસ્ટિક ઓછો ઉપયોગ થશે.

સિંગલ યુઝ પ્લાસ્ટિક હંમેશા પર્યાવરણમાં માટે ખતરારૂપ છે. પી.એમના 'સિંગલ યુઝ પ્લાસ્ટિક' અભિયાન ને સફળ બનાવવા યુરોપની ઘકાતી કમાનિવાળી નોકરી છોડી મુરૈનાનો બ્રજેશ શર્મા એક મિશન પર નીકળ્યો છે. એન સંપૂર્ણ ભારતમાં સાયકલ યાત્રા કરી સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને બંધ કરવા માટે જન જાગૃતિ ફેલાવી રહ્યો છે. સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરવા માટે જન જાગૃતિ લાવવા હેતુસર અત્યાર સુધીમાં બ્રજેશ એ 23000 કિલોમીટરની યાત્રા પૂરી કરી છે. જેમાં તેણે 105 શહેરો અને 8000 ગામડાઓની મુલાકાત લીધી છે. તેમજ 22 લાખ જેટલી કોલેજ તેમજ સ્કૂલના બાળકોને માહિતિગાર કર્યા હતા. આ એક પ્લાસ્ટિક મુક્ત ભારત તરફ પ્રયાણ માટેની પહેલ જ કહી શકાય.

આમ ભલે હાલ પ્લાસ્ટિક પર પ્રતિબંધનો અમલ અશક્ય લાગે પણ સૌનો સાથ અને સહકાર મળે તો પ્લાસ્ટિક રૂપી કાળાનાગને આપણે નાથી શકીએ. અને પ્લાસ્ટિકની સમસ્યાથી છુટકારો મેળવી પ્લાસ્ટિક મુક્ત ભારતનું સપનું સાકર કરી શકીએ. જય હિંદ જય ભારત.

**સંદર્ભ :-**
પ્લાસ્ટિક મિત્ર કે શત્રુ - ઋષિકેશ પંચાલ 14/11/2020
પ્લાસ્ટિક પોલ્યુશન અને સોલ્યુશન - સાધના વિકલી 12/10/2019
પ્લાસ્ટિકનું પ્રદૂષણ એક સમસ્યા અંક - 4

# શિખા અને યજ્ઞોપવિતનું તત્ત્વજ્ઞાન

પ્રો.ડૉ.શૈલેષકુમાર કે. જોષી
આર્ટ્સ કોલેજ,સતલાસણા

કોઇપણ દેશની ઉપાસના પ્રણાલી અને જીવનપ્રણાલીમાં આગવી વિશેષતાઓ જોઇ શકાય છે. ભારતીય સંસ્કૃતિની ઉપાસના પ્રણાલી નિરાલી છે. તેમાં ઋષિઓનો બુદ્ધગમ્ય વિચાર અને તર્ક જોડાયેલો છે. જેમ કે મંદિર, મૂર્તિપૂજા વિવિધ ઉત્સવો, વિવિધ પ્રતિકો, તિલક, શિખા, યજ્ઞોપવિત, એકાદશી, વ્રતો વગેરેનો સમાવેશ થાય છે. આ બધાની સાથે વિજ્ઞાન પણ જોડાયેલું છે.શિખા અને યજ્ઞોપવિતનો વિચાર કરીએ તો તે હિન્દુ સંસ્કૃતિના ઉપયોગી બાહ્યચિહ્નો છે. તે શાસ્ત્રમૂલક અને દ્રષ્ટમૂલક છે તેનાં દ્રષ્ટ ને બાહ્ય પ્રયોજનો અંગે વિચાર કરીએ. મનુસ્મૃતિમાં કહ્યું છે

**चूडाकर्म द्विजातीनां सर्वेषामेव धर्मतः।**
**प्रथमेऽब्दे तृतीये वा कर्तव्यं श्रुतिचोदनात् ।।**[1]

વળી વેદના કહેવાથી શિખા રાખવાનું કહ્યું છે વેદના બે ભાગ છે, મન્ત્રભાગ તથા બ્રાહ્મણભાગ તેમાં મંત્રભાગનું પ્રમાણ નીચે પ્રમાણે છે

**यत्र बाणाः सम्पतन्ति कुमारा विशिखा इव।** [2]

બીજો મંત્ર આ પ્રમાણે છે.

**आत्मन्नुपस्थे न वृकस्य लोम**

**मुखे श्मश्रूणि न व्याघ्रलोम।**
**केशा न शीर्षन् यशसे श्रियै शिखा**
**सिंहस्य लोम त्विषिरिन्द्रियाळि।** [3]

અહીં શ્રી માટે શિખા ધારણ કરવાનું કહ્યું છે અહીં શિખાના વાળને સિંહની યાળની ઉપમા આપી છે. હવે વેદના બ્રાહ્મણભાગનું પ્રમાણ જોઇએ-

**अथापि ब्राह्मणम् - रिक्तो वा एषोऽनपिहितो यन्मुण्डः तस्य एतद् अपिधानं यत् शिखा।** [4]

અહીં શિખારહિતને શૂન્ય અથવા શ્રીહીન કહ્યો છે. અન્ય પ્રમાણ પણ મળે છે. હવે તેનું રહસ્ય સમજવું જોઇએ યજુર્વેદીય તૈતિરિયોપનિષદ્ ના શિક્ષાધ્યાય નામની પ્રથમ વલ્લીના છઠ્ઠા અનુવાકની પ્રથમ કંડીકામાં કહ્યું છે

**अन्तरेण तालुके। य एष स्तन इवावलम्बते। सेन्द्रयोनिः। यत्रासौ केशान्तो विवर्तते। व्यपोह्य शीर्षकपाले।** [5]

અર્થાત્ તાલુના મધ્યમાં જ્ઞાનની જેમ જે કેશરાશિ દેખાય છે ત્યાં વાળનું મૂળ છે ત્યાં મસ્તકના કપાળનું ભેદન કરીને ઇન્દ્રયોનિ ઇન્દ્ર અર્થાત્ પરકમાત્માની પ્રાપ્તિનો માર્ગ સુષુમ્ણા નાડી છે યોગીઓ સુષુમ્ણા નાડીને પ્રબુદ્ધ(જાગૃત)કરીને તેનાથી આત્મસાક્ષાત્કાર કરે છે. આ નાડી પોતાના મૂળ સ્થાનથી લઇને લલાટના મધ્યમાં વિચરે છે યોગીઓ જેને સુષુમ્ણાનું મૂળસ્થાન કહે છેવૈદ્યો તેને મસ્તુલિંગ કહે છે મસ્તુલિંગના સાથવાળા અગ્રભાગને યોગવિદ્યાનિષ્ણાત બ્રહ્મરન્ધ્ર કહે છે. વૈદ્ય તેને મસ્તિષ્ક કહે છે.

વૈદ્યોનો આ અભિપ્રાય છે કે આખા શરીરમાં પ્રધાન અંગ મસ્તક છે. આખા શરીરમાં વ્યાપ્ત નાડીઓનો મસ્તકથી સંબંધ છે. મનુષ્યજીવનનું કેન્દ્ર પણ મસ્તક જ છે મસ્તકમાં બે શક્તિઓ રહે છે. એક જ્ઞાનશક્તિ અને બીજી કર્મશક્તિ આ બન્ને શક્તિઓની પરંપરા નાડિઓ દ્વારા આખા શરીરમાં ફેલાય છે. તેથી શરીરમાં જ્ઞાન અને કર્મ આ બે વિભાગ છે. આ બન્ને વિભાગોનું મૂળ સ્થાન તે સુષુમ્ણાનું મૂળસ્થાન મસ્તુલિંગ તથા મસ્તિષ્ક છેમસ્તિષ્કની સાથે જ્ઞાનેન્દ્રિયો કાન, નાક, આંખ, જીભ, ત્વચાનો સંબંધ છે તથા હાથ, પગ, વાણી, ગુદા, ઇન્દ્રિય આ કર્મેન્દ્રિયોનો મસ્તુલિંગથી સંબંધ હોય છે મસ્તિષ્ક તથા મસ્તુલિંગ જેટલા વધારે સ્વસ્થ કે સામર્થ્યવાન હશે, જ્ઞાનેન્દ્રિય તથા કર્મેન્દ્રિયોમાં પણ તેટલી જ શક્તિ વધશે. તે બન્ને જો અસ્વસ્થ હોય તો તે ઇન્દ્રિયોમાં પણ ત્રુટિ થઇ જાય છે.

પ્રકૃતિની વિલક્ષણ મહિમાથી બન્ને સ્થળોની પ્રકૃતિ ભિન્ન ભિન્ન છે. મસ્તિષ્ક ઠંડક ઇચ્છે છે. મસ્તુલિંગ ગરમી મસ્તિષ્કની ઠંડક માટે ક્ષૌર બનાવવામાં આવે છે. તૈલ, જળ, વાયુ

વગેરેનું સેવન શિરોવેદનામાં તાલુના વાળ કપાવવાથી વેદના શાંત થઇ જાય છે હવે રહ્યો મસ્તુલિંગનો પ્રશ્ન. તેમાં કેટલી ગરમી જોઇએ? ગરમીની ન્યૂનતાઃ અધિકતાથી નાડિયોમાં પ્રકોપ થાય છે. તેનાથી ઘણી હાનિ થાય છે, તેથી તેમાં મધ્યમ ગરમી જોઇએ, તે કપડાં વગેરેથી જતી નથી, કારણ કે તેના ગુણ જુદા જુદા હોય છે. તેથી તેનાથી પૂર્ણ લાભ થતો નથી. એ વાત ચોક્કસ છે કે કોઇપણ વસ્તુ જેમાંથી ઉત્પન્ન થાય છે તે જ તેના માટે ઉપયોગી થાય છે. જેમ કે ઘડો માટીમાંથી બને છે તે ઘડાના પ્રત્યેક અવયવની પૂર્તિ પણ માટીમાંથી જ થઇ શકે છે, જળ, અગ્નિ વગેરેથી નહિ. મસ્તુલિંગ મસ્તિષ્કનો એક ભાગ છે. તેનુ રક્ષણ પણ મસ્તકથી ઉત્પન્ન પદાર્થથી જ થાય છે. ટોપી પહેરવાથી નહિ. તે પદાર્થ વાળ છે. તેથી ત્યાં ગોખુરના વાળ જ મધ્યમાં ગરમી લાવે છે અન્ય વાળ નહિ. પહેલાં કહ્યું તેમ મસ્તિષ્ક શીતળતા ઇચ્છે છે અને મસ્તુલિંગ ઉષ્ણતા તેથી મસ્તિષ્કની શીતળતા માટે તેના વાળ થોડા જોઇએ. પરંતુ મસ્તુલિંગની ઉષ્ણતા માટે ત્યાં ગાઢ વાળની આવશ્યકતા હોય છે. તેથી મસ્તુલિંગમાં હંમેશાં ગાઢ વાળ રહે છે અન્ય વાળ કરતાં તેની વિશેષતા અથવા ઉચ્ચતા રહેવી જોઇએ. તેથી તેનું નામ શિખા રાખ્યું છે સંધ્યા વગેરે દ્વારા પરમાત્માની કૃપા આપણી અંદર પહોંચે છે. તેથી જ મસ્તક ખુલ્લું રાખીને સંધ્યા કરવાનો નિયમ છે તૈતિરીયોપનિષદે આ સ્થાનનું નામ 'ઇન્દ્રયોનિ'રાખ્યું છે.

સંન્યાસમાં શિખાત્યાગ અપવાદરૂપ છે. સામાન્ય રીતે સંન્યાસનું વિધાન પંચોતેર વર્ષો બાદ હોય છે. ત્યારે આયુષ્યની વૃદ્ધિ થઇ જવાથી શરીરની પૂર્ણતા થઇ જવાને કારણે શિખાસ્થાન કઠોર થઇ જાય છે. શિખાજન્ય લાભ પણ પંચોતેર વર્ષ સુધી પ્રાપ્ત થઇને આખા શરીરમાં વ્યાપ્ત થઇ જાય છે. ત્યારે શિખા છોડવાથી પણ કોઇ હાનિ થતી નથી, ત્યારે કર્મકાંડ તથા ઉપાસનાકાંડ સમાપ્ત થઇ જવાથી તત્સમ્બદ્ધ શિખાનો ત્યાગ પણ અનુચિત નથી

શિખા અંગે કેટલાક વિદ્વાનો અન્ય ઉપપત્તિઓ આપે છે. આખી સૃષ્ટિનું મૂળ અગ્નિજ છે. અગ્નિનું સ્વરૂપ તેની શિખાથી વ્યક્ત થાય છે. અગ્નિને સંસ્કૃતમાં શિખા કહેવામાં આવે છે અગ્નિ જો શિખા વગરનો હોય તો તેમાં હવન નિષિદ્ધ માનવામાં આવે છે. જ્યારે તે શિખિ હોય છે, ત્યારે કોઇ એવી શક્તિ નથી કે તેનો સ્પર્શ કરી શકે. તેનું તે સ્વરૂપ નષ્ટ થઇ જાય છે ત્યારે ભસ્મ તેને ઘેરી વળે છે. આપણે અગ્નિના ઉપાસકો છીએ, અગ્નિથી જ ઉત્પન્ન થયા છીએ, જેમ કે

**तन्वं मे पाहि।** [6]

તથા

**तया मामद्य मेधयाग्ने मेधाविनं कुरु स्वाहा।**

વગેરે પ્રાર્થનાઓ કરીએ છીએ .

જે જેની ઉપાસના કરે અંતમાં તે તેના સ્વરૂપને પ્રાપ્ત થાય છે. ઉપાસક પણ એવું ઇચ્છે છે, તેથી ઉપાસ્યના સ્વરૂપની પ્રાપ્તિ માટે ઉપાસ્યનું ચિહ્ન ધારણ કરે છે. જેમ શૈવ ભસ્મ, રુદ્રાક્ષનીમાળા વગેરેને, વૈષ્ણવ તુલસીમાળાને ધારણ કરે છે શુક્લયજુર્વેદના શતપથ બ્રાહ્મણમાં કહ્યું છે -

**देवो भूत्वा देवानेति।** [7]

આમ ત્રણેય આશ્રમોમાં અગ્નિના ઉપાસક એવા આપણે અગ્નિનું ચિહ્ન શિખા રાખીએ છીએ સંન્યાસમાં અગ્નિનો ત્યાગ હોવાથી શિખાનો પણ ત્યાગ કરવામાં આવે છે. અગ્નિસેવન (યજ્ઞ) તથા અધિકારપટ્ટ યજ્ઞોપવિતનો પણ ત્યાગ કહ્યો છે. આમ તેનો અગ્નિમય સંસારમાં પણ સંબંધ ન હોવાથી મૃત્યુ સમયે સંન્યાસીને અગ્નિથી સળગાવવામાં આવતા નથી

હવે યજ્ઞોપવિત અંગે વિચાર કરીએ. યજ્ઞોપવિત બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય ત્રણેયને ધારણ કરવામાં કરાવવામાં આવતી હતી. યજ્ઞોપવિતનો સંબંધ યજ્ઞથી, યજ્ઞનો સંબંધ વેદ સાથે છે. ન્યાયદર્શનમાં કહ્યું છે -

**यज्ञो मन्त्रब्राह्मणस्य (वेदस्य) विषयः।** [8]

વેદનો સંબંધ વેદાધિકારી દ્વિજોથી છે. યજ્ઞોપવિત વગર બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન છતાં પણ વેદાધ્યયનનો અધિકારી બની શકતો નથી.

યજ્ઞોપવિત હાથની ચાર આંગળીઓ પર 96 વાર લપેટવામાં આવે છે. વેદ 1131 શાખાઓમાં વિભક્ત છે. તેમાં કર્મકાંડ, ઉપાસનાકાંડ, જ્ઞાનકાંડ એમ ત્રણ ભાગ છે. તેમાં બધા મળીને એક લાખ મંત્રો છે. જેમ કે

**आद्यो वेदश्चतुष्पादः शतसाहस्त्रसंमितः।** [9]

છન્નુ હજાર મંત્રો ચારેય વેદના છે. તેથી ચાર આંગળીઓ પર તેટલી સંખ્યાથી સૂત્ર લપેટવામાં આવે છે. ફરી તેને ત્રણગણા કરીને ઉપર ડાબી બાજુ લપેટવામાં આવે છે. તેનાથી તેમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય એમ ત્રણ વર્ણોનો અધિકાર બતાવાયો છે. ફરીથી તે ત્રણ ઘડીવાળા સૂત્રને ત્રણગણા કરીને જમણીબાજુથી નીચે લપેટવામાં આવે છે જેનાથી બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ આમ ત્રણ આશ્રમોને તેમાં અધિકૃત બતાવાયા છે.

આ નવ સૂત્રયુક્ત દોરાને એવી રીતે ત્રણગણો કરવામાં આવે છે કે જેમાં ત્રણેય

સૂત્રોની યોજના મસ્તકમાં એક થઇ જાય તે સમયની ત્રિગુણતા ઋષિઋણ, દેવઋણ, પિતૃ ઋણને સૂચિત કરે છેઆ યજ્ઞોપવિત સૂત્રથી સનાતન ધર્મનો પારમાર્થિક અદ્વૈતવાદ પણ સિદ્ધ થાય છે. તેમાં એક જ સૂત્રથી યજ્ઞોપવિતની રચનાનો પ્રારંભ થાય છે એક જ સૂત્રથી ત્રણ સૂત્રો બની જાય છે અંતમાં એક જ બ્રહ્મગ્રંથિમાં તેની સમાપ્તિ થઇ જાય છે. મધ્યમાં જ કેવળ ત્રિગુણચક્ર હોય છે.

યજ્ઞોપવિતને શૌચ વગેરે ક્રિયા દરમિયાન જમણા કાન પર રાખવાની પરંપરા છે. મનુસ્મૃતિમાં કહ્યું છે કે

**ऊर्ध्वं नाभेर्मध्यतरः पुरुषः परिकीर्तितः।** [10]

પુરુષ નાભિથી ઉપર પવિત્ર છે, નાભિની નીચે અપવિત્ર છે. નાભિથી નીચેનો ભાગ મળમૂત્ર ધારક હોવાથી વિશેષતઃ શૌચક્રિયા દરમિયાન અપવિત્ર થાય છે તેથી તે સમયે યજ્ઞોપવિતને જમણા કાન પર રાખવામાં આવે છે. જમણા કાનની પવિત્રતા અંગેનાં પણ પ્રમાણ મળે છે, જેમ કે દીક્ષા સમયે આચાર્ય ગુરુમંત્રોપદેશ જમણા કાનથી કરે છે. ઉપરાંત વાયુ, ચન્દ્રમા, ઇન્દ્ર, અગ્નિ, મિત્ર તથા વરુણ આ બધા દેવતા બ્રાહ્મણના જમણા કાનમાં રહે છે.

**मरुत सोम इन्द्राग्नी मित्रावरुणौ तथैव च।**
**एते सर्वे च विप्रस्य श्रोत्रे तिष्ठन्ति दक्षिणे ।।** [11]

વળી છીંક આવતાં, થૂંકતાં મોંથી જૂઠી વાત નીકળતાં પોતાના જમણા કાનનો સ્પર્શ કરવો જોઇએ. એને લીધે જ અપરાધીઓ પોતાની શુદ્ધિ માટે જમણા કાનને પકડે છે.

વળી પંચમહાભૂતોમાંથી ઇન્દ્રિયો વગેરેની ઉત્પત્તિ થઇ છે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ પૈકી પૃથ્વીનો સંબંધ નાક સાથે છે, જળનો જિહ્વા સાથે, તેજનો આંખ સાથે, વાયુનો સ્પર્શેન્દ્રિય સાથે, તથા આકાશનો કાન સાથે છે. ઉપર્યુક્ત પાંચ મહાભૂતોમાંથી પ્રથમ ચારની વાત કરીએ તો દેશકાલાદિ અનુસાર સ્મશાનાદિરૂપમાં પૃથ્વી મદ્ય વગેરેના યોગથી જળ, સ્મશાનાગ્નિ રૂપમાં તેજ, પુરીષાલયદિ રૂપમાં વાયુ અશુદ્ધ, અપવિત્ર થઇ શકે છે, પરંતુ આકાશ કોઇપણ રીતે અપવિત્ર, અશુદ્ધ થતું નથી આપણા શરીરમાં આકાશના પ્રતિનિધિરૂપ ઇન્દ્રિય કાન છે. તેથી શૌચાદિ ક્રિયા દરમિયાન યજ્ઞોપવિતનો સંબંધ કાન સાથે કરવાથી તે પવિત્ર જ રહે છે.

ઉપરાંત યજ્ઞોપવિત માત્ર સૂત્ર નથી પણ ભગવાનનું સ્વરૂપ જ છે. તેને શરીર પર ધારણ કરવાથી ધારણ કરનારને વૈશ્વિક શક્તિ સતત મારી સાથે છે, તેનું ભાન થાય છે. તેની લઘુતાગ્રન્થિ, ભય દૂર થાય છે. તે ખોટું કાર્ય કરતાં અટકે છે.

## સંદર્ભ


1. मनुस्मृति - 2.35
2. शुक्लयजुर्वेद वाजसनेयी संहिता - 17.48
3. शुक्लयजुर्वेद वाजसनेयी संहिता - 19.92
4. आपस्तम्बधर्मसूत्र - 1.10.8
5. तैतिरियोपनिषद् -1.6.1
6. पारस्करगृह्यसूत्र - 2.4
7. शतपथब्राह्मण - 14.6.10.4
8. न्यायदर्शन - 4.1.62
9. वायुपुराण - 60.7
10. मनुस्मृति - 1.12
11. गोभिलगृह्यसंग्रह 2.90

# શ્રીમતી.આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજનો ઇતિહાસ તેમજ વિકાસનું સમાજશાસ્ત્રીય અવલોકન

ડૉ.વિષ્ણુ આર.વણકર

પ્રસ્તાવના :

માનવ સમાજ પરિવર્તનશીલ છે. કોઈ પણ સમાજ સ્થિર રહી શકતો નથી.સમય,સંજોગો અને પરિસ્થિતી પ્રમાણે દરેક સમાજમાં અને સમાજમાં રહેતા લોકોનું જીવન તથા જીવનશૈલી પણ બદલાતી રહે છે. આ બદલાતા જીવન અને જીવનશૈલીને સમાજશાસ્ત્રમાં સામાજિક પરીવર્તન કહી શકાય.ગઢવાડા વિસ્તારમાં વસવાટ કરતાં લોકોના સામાજિક,શૈક્ષણિક તેમજ આરોગ્યલક્ષી બાબતો માટે આ વિસ્તારમાં વસતા કેટલાક સેવાભાવી લોકો પ્રવૃતિશીલ હતા જેઓ સતત સમાજનું ચિંતન અને ચિંતા કરતાં હતા. તેમના દિલમાં પોતાના સમાજ અને વિસ્તાર માટે કઈક નવું કરવાની ભાવના તેમજ પ્રબળ ઈચ્છા હોવાથી કેટલાક આગેવાનો સતત વિચારશીલ હતા. જેમાં ગઢવાડા વિસ્તારમાં જન્મેલા બે મહાન વિરલાઓ જેમાં એક માનનીય બચુભાઈ શાહ સાહેબ તેમજ બીજા નટુભાઇ પટેલ સાહેબ.

વર્ષ ૨૦૧૫માં અધ્યાપક સહાયક તરીકે હું આ કોલેજમાં જોડાયો.પ્રથમ અઠવાડિયામાં આચાર્યશ્રીની ઓફિસમાં અમારી શુભેચ્છા મુલાકાતથઈ. પ્રથમ મુલાકાતમાં જ બન્ને મહાનુભાવો સાદગીભર્યા જીવનનો પરિચય થયો.તેમની પ્રથમ મુલાકાત પણ યાદગાર રહી હતી. જેમની વાતોમાં વિસ્તાર માટેની લાગણી અને પ્રેમ દેખાયો હતો. આ કોલેજ માટેનું સ્લોગન પણ ગણું બધુ કહી જાય છે.

*" વેર્યાં બીજ અમે છૂટે હાથે*
*હવે વાદળ જાણે,ને જાણે વસુંધરા...."*

### ❖ કોલેજનો ઇતિહાસ સમજતા પેહલા ગઢવાડાને સમજવું જરુરી છે

સમાજશાસ્ત્રના આદ્યાપક તરીકે આ સવાલ થવો એ ખુબજ વ્યાજબી છે. કે આ વિસ્તારનું નામ ગઢવાડા કેમ પડ્યું હશે? એક પ્રચલિત માન્યતા અનુસાર માવોળ પીરના નામ સાથે મહાવડગઢનો સબંધ જોડવામાં આવે છે પરંતુ તેમાં ઉડાણપૂર્વક તપાસ કરતાં માવોળગઢના કારણે પીરનું નામ " માવોળપીર " થયું હશે તેવું લાગે છે બીજી એક માન્યતા અનુસાર મહાવા રબારીના નામ સાથે પણ માવોળગઢ નામ જોડાયેલુ હોય તેમ જણાય છે,તદ્ઉપરાત ગઢવાડના રાજવીને પૂર્વ ઇડરના રાજા અને પાલનપુરના બાદશાહ સાથે ખંડણી બાબતે સમજુતી થયેલી એ વખતે આ બંને રાજ્યોમાંથી કોઈકે પોતાના તરફ થી મુસ્લિમ પરિવારને સમજાવટ માટે રાખ્યું હશે,જે પછીના વર્ષોમાં મહાવડગઢમાં સ્થાયી થયું હશે. એ પરિવારમાંથી કે પછી તેમની સાથે કોઈ મૌલવી આવ્યા હોય અને તેવો ગઢવાડામાં ખ્યાતિ પામ્યા હોય અથવા તો મહાવડગઢના રક્ષક બનીને રહ્યા હોય તેથી કદાચ માવોળપીર તરીકે ઓળખાયા હશે.અને એમની કબર પણ એ નામથી ઓળખાઈ હશે. જો " માવોળ" શબ્દ મુસ્લિમ પીરના નામ પરથી ઉતરી આવ્યો હોય તો તેના પર પ્રત્યય " ગઢ " ના લાગ્યો હોત. વળી મહાવડગઢની વ્યુત્પતિ કે શબ્દ રચના તપાસીએ તો "મહા " એટલે મોટો અને વડ એટલે વડલાનું ઝાડ એમ જ્યાં મોટા વડલાનું ઝાડ આવેલું છે તેવું સ્થાન એટલે "મહાવડ" એમ પણ કહી શકાય.એ સ્થાને મહારાજા મૂળસિંહ ચૌહાણે ગઢની સ્થાપના કરી એટલે મહાવડગઢ બન્યું. આ વાત વધારે ઉચિત લાગે છે માવોળ ગઢનો ઇતિહાસ લગભગ ૮૦૦ વર્ષ જૂનો લાગે છે.

આ ગઢવાડા વિસ્તાર પ્રકૃતિનો વૈભવ ધરાવે છે ચારેબાજુ અરવલ્લીની ગિરિમાળા વિસ્તરેલી છે. આ વિસ્તારના પૂર્વ ભાગમાં સાબરમતી તથા પશ્ચિમ ભાગમાં સરસ્વતી નદી વહે છે. ગઢવાડાની વચ્ચે થઈ લૂણી નદી પસાર થાય છે જેને સ્થાનિક લોકો ગોઠડાની નદી તરીકે પણ ઓળખાવે છે. આ લૂણી નદીની વિશેષતા એ છે કે તેનો પ્રવાહ સાબરમતી અને સરસ્વતી નદીના પ્રવાહ કરતાં એકદમ ઉલટો એટલે કે ઉત્તર પૂર્વ તરફ વહે છે. આગળ વધીને લૂણી નદી સાબરમતી નદીમાં ભળી જાય છે આ લૂણી ગઢવાડાની જીવાદોરી સમાન છે. ગઢવાડા વિસ્તારના ગામોમાં દરેક જ્ઞાતીના લોકો વસવાટ કરે છે. જેમાં કડવા પટેલ,ચૌધરી પટેલ,દરબાર,જૈન વાણિયા,ઠાકરડા,, બ્રમભટ્ટ, કુભાર, પ્રજાપતિ, દરજી, સુથાર

રાવળ, સેનમાં, વાલ્મિકી, વાદી, રબારી, વણકર, જાદવ, રોહિત, પગી, બારોટ, શાહ, ગામિત, બારિયા, ચૌહાણ, દેશાઈ જેવી અનેક વિધ જ્ઞાતિઓનો સમાવેશ થાય છે.જેમાથી ગણી જ્ઞાતિઓ સ્થાનિક છે તો કેટલીક જ્ઞાતિઓ અહી નોકરી માટે સ્થાયી થઈ છે. બધા માટે ગઢવાડા હવે કર્મભૂમિ બની છે વળી આ વિસ્તારના દરબારોની ઓળખાણ માટે તો "ગઢવાડા" કે "ગઢીયા" વિશેષણ શાખ તરીકે પ્રચલિત બન્યું છે. સમગ્ર વિસ્તારને ફરતે અરવલ્લીના ડુંગરોને જોડતી એક ગઢ એટલે કે કિલ્લા જેવી પર્વતમાળા હોવાથી આ વિસ્તારનું આવું નામાભિધાન થયું હોવાનું મનાય છે

મેહસાણા જિલ્લાના થોડાક આંતરિયાળ કહી શકાય તેવા તારંગા અંબાજીની અરવલ્લી પર્વતમાળાને જોડતી એક સાકળસમા ઉત્તર ગુજરાતનાં સતલાસણાની આસપાસના વિસ્તારને "ગઢવાડા"તરીકે ઓળખાવામાં આવે છે મેહસાણા અને બનાસકાઠા એમ બે જિલ્લાઓમાં આ વિસ્તાર પથરાયેલો છે. જેમાં વર્તમાન સતલાસણા તાલુકાના મોટા ભાગના વિસ્તારનો સમાવેશ થાય છે.

કોલેજના વિકાસમાં પ્રમુખ અને મંત્રીનું યોગદાન

(1) પ્રમુખશ્રી બચુભાઈ શાહનો પરિચય :

કોઈ પણ સંસ્થાના પાયામાં જેમનો અથાગ પરિશ્રમ હોય છે એમ અમારી સસ્થામાં પણ પ્રમુખશ્રીનો બહુ મોટુ યોગદાન છેજેમના યોગદાનને શબ્દોમાં વર્ણવવું અતિ મુશ્કેલ છે.

નામ : મહેતા પૂનમચંદ અમૃતલાલ( બચુભાઈ શાહ )

જન્મ તારીખ :૧૮/૧૦/૧૯૪૧

પિતા : મહેતા અમૃતલાલ તલકચંદ

માતા : મહેતા મોતીબેન અમૃતલાલ

વતન : સતલાસણા

અભ્યાસ : ગુજરાતી ૬ ધોરણ પાસ

વ્યવસાય : વ્યાપાર

બચુભાઈ શાહ મૂળ વેપારી છે કાપડનો વેપાર ઉપરાંત નાણાની ધીરધાર માટે શરાફી મંડળી ચલાવે છે જે અત્યારે ખૂબ ફૂલીફાલી છે. સ્કૂલ, કોલેજ કે જીવનધારા હોસ્પિટલ માટે ગમે તેવા પ્રસંગે દાન મેળવવામાં અને નાનાં મોટા પ્રસંગોમાં દાતાશ્રીઓને આમંત્રીત

કરી તેમણે કરેલા દાનનો યોગ્ય ઉપયોગ થાય છે તે બતાવી નવા દાતાઓ શોધવામાં બચુભાઈ શાહ જેવુ મહાન વ્યક્તિત્વ શોધવું મુશ્કિલ નહીં પણ અસંભવ છે જેમની એક આગવી પંકિતને યાદ કર્યા વગર રહી શકાય તેમ નથી

કલમ ને કલાકાર સે કહા,

કી મેરા મુહ તો શાહી મે ડૂબાકાર તુમને કાલા કિયા હે

મગર કુછ એસા મત લીખના,

કે તેરા મુહ ભી કાલા હો જાયે

સાંકેતિક ભાષામાં એમની આ પંક્તિ ગણુબધું કહી જાય છે જેને કેહવું હોય એને જાહેરમાં કહી જાય છે. હમેશા કોઈ પણ કાર્યક્રર્મમાં હમેશા મારૂ સન્માન ના કરો તેવો તેમનો આગ્રહ હમેશા મે જોયો છે. આવા મહાન વ્યક્તિ માટે જેટલું લખું એટલુ ઓછું પડે એમ છે

(2) મંત્રીશ્રી, નટુભાઇ પટેલનો પરિચય :

નામ : ડૉ. નટુભાઇ રણછોડભાઈ પટેલ

જન્મ તારીખ :૦૨/૦૭/૧૯૪૬

પિતા : રણછોડભાઈ જેસંગદાસ પટેલ

માતા : કકુંબેન રણછોડભાઈ પટેલ

વતન : ઉંઝા

અભ્યાસ : એમ.બી.બી.એસ

વ્યવસાય : તબીબી વ્યવસાય

ડૉ.નટુભાઇ પટેલ ગઢવાડા વિભાગ કેળવણી મંડળના મંત્રીશ્રી તરીકે પોતાની સેવા આપી રયા છે.તેમણે ૧૯૭૨ થી ૧૯૭૯ એમ કુલ સાત વર્ષ સુધી મેડિકલ ઓફિસર,સતલાસણા તરીકે પોતાની ફરજ નિષ્ઠા સાથે નિભાવી છે. ૧૯૮૮ થી સ્થપાયેલ "જીવનધારા " હોસ્પિટલની સ્થાપના કરવામાં ખૂબ મોટું યોગદાન હતું ગઢવાડા વિભાગ કેળવણી મંડળના મંત્રીશ્રી તરીકે ૧૯૯૫ થી આજદિન સુધી તેઓ કાર્યરત છે. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રમાં તેમનું યોગદાન નોધપાત્ર છે અને આજે પણ તેઓ દરેક પ્રસંગમાં બચુભાઈ શાહ સાથે ખભે ખભો મિલાવીને દરેક શરૂ કરેલું કામ પૂરું થાય ત્યાં સુધી સતત પ્રયત્નશીલ જોવા મળે છે. વર્તમાન સમયમાં શ્રીમતી.આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજની બિલ્ડીંગમાં વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજ શરૂ કરી છે જેમાં હાલ ગઢવાડા વિસ્તારના અનેકવિધ વિદ્યાર્થી

લાભ મેળવી રયા છે. નવીન મકાનની કામગીરી હાલ શરૂ છે જે ટુક સમયમાં બનવાની શકયતા જણાઈ રહી છે.આમ મત્રીશ્રીનું યોગદાન પણ નોધપાત્ર છે.

(3) શ્રીમતી.આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજનો વિકાસ અને પ્રગતિ :

વર્ષ ૧૯૯૬માં ૬૫ વિધાર્થીઓથી શરૂ થયેલ આ કોલેજમાં વર્ષ ૨૦૨૦ -૨૦૨૧ માં બી.એ અને એમ.એમ માં કુલ ૨૯૩૨ વિધાર્થીઓ ભણતા જોવા મળે છે. આ કોલેજ માં ગુજરાતી,હિન્દી,સંસ્કૃત,અગ્રેજી એમ ચાર ભાષાઓ અને સમાજશાસ્ત્ર જેવા મુખ્ય વિષય ભણાવવામાં આવે છે. આ કોલેજને નેશનલ એસેસમેંન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલન સેકન્ડ સાઇકલ રી એક્રીડીટેશન મૂલ્યાંકન બાદ ગુણવત્તાના ધોરણે"બી" ગ્રેડ (૨.૭૯) પોઈન્ટ પ્રાપ્ત થયેલ છે. વિશેષમાં આ કોલેજને " કોલેજ વીથ પોટેન્શિયલ ફોર એકસલન્સ " એવોર્ડથી પણ યુ.જી.સી દ્વારા પુરસ્કૃત કરવામાં આવેલ છે R U S A (રાષ્ટ્રીય ઉચ્ચતર શિક્ષા અભિયાન ) હેઠળ રૂપિયા ૨,00,00,000 (બે કરોડ) નું અનુદાન પ્રાપ્ત થયેલ છે કેન્દ્ર સરકારના પ્રકલ્પ ઉન્નત ભારત અભિયાન અંતર્ગત ઉત્તર ગુજરાતની આર્ટ્સ કોલેજો પૈકી આ કોલેજનું સિલેકશન થયું છે. જેની ૫0000 રૂપિયાની ગ્રાન્ટ પ્રાપ્ત થયેલ છે. કોલેજ અનેકવિધ પ્રવુત્તિ ધ્વારા યૂનિવર્સિટીના વિવિધ કાયકર્મમાં વિધાર્થીઓ સારું પ્રદશન કરતાં રહે છે કોલેજના ઘણા ભુતપૂર્વ વિધાર્થીઓ સરકારી નોકરી માં લાગ્યા છે જેમાં બે વિધાર્થીઓ અઘ્યાપકની નોકરીમાં પણ લાગ્યા છે. જેમાં એક વિધાર્થીની પટેલ હિરલબેન જંયતિભાઈ અગ્રેજી વિષયમાં નેટ, જીસ્લેટ અને પીએચ.ડીની પદવી પ્રાપ્ત કરી ૨૦૧૫માં અઘ્યાપક સહાયક તરીકે આર્ટ્સ કોલેજ ખેરાલુ જોડાયા છે. જ્યારે બીજા પરમાર યોગેશકુમાર ચીમનભાઈ કે જેમણે બી.એ,એમ.એ અને એમ.ફિલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગોરવ વધાર્યું છે જે હાલમાં પાટણ યુનિવર્સિટીમાં અગ્રેજી વિભાગમાં ટીચિંગ આસીસ્ટંટ તરીકે સેવા આપે છે.ઉપરાંત બે વખત નેટ અને એક વખત જી સ્લેટની પરીક્ષા પાસ કરી છે. જેમણે જ્યારે બીજા વિધાર્થી પરમાર નરપતસિંહ જશવતસિંહ હિન્દી વિષયમાં નેટ અને પીએચ.ડીની પદવી પ્રાપ્ત કરી તેમજ ૨૦૨૦માં જી.પી.એસ.સી પાસ કરી (વર્ગ ૨) આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે સરકારી આર્ટ્સ કોલેજ કડોલીમાં જોડાયા છે. ડૉ.વિષ્ણુ આર.વણકર કે જેઓ સમાજશાસ્ત્ર વિભાગમાં ૨૦૧૫થી જોડાયા છે તેમણે વર્ષ ૨૦૧૮માં જી સ્લેટની પરીક્ષા પાસ કરી છે. સમાજશાસ્ત્ર વિભાગ તરફથી કોલેજને બે આચાર્યશ્રી જેમાં એક પ્રા.વી કે પગી અને વર્તમાન આચાર્ય ડૉ. એન.બારોટ પ્રાપ્ત થયેલ છે. આમ સમાજશાસ્ત્ર વિભાગનું પણ કોલેજમાં સક્રીય યોગદાન

છે.આ કોલેજ ચલાવવામાં આવતા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો ચલાવી પ્રો.રાકેશભાઈ જોશી અને કોલેજના વિવિધ વિભાગોમાં કામ કરતાં વિવિધ પ્રોફેસરો તેમના વિભાગના વિધાર્થીઓને યોગ્ય માર્ગદર્શન આપી તેમને જુદી જુદી નોકરી પ્રાપ્ત કરવામાં સતત મદદરૂપ થાય છે જેના થકી અનેકવિધ ભુતપૂર્વ વિધાર્થીઓએ સરકારી નોકરી કરવામાં સફળતા મેળવી છે તેમજ આ સફર હજુ ચાલુ છે જેના પરિણામ આ વિસ્તારના વિધાર્થીઓ મેળવતા રહશે.આ કોલેજના વિકાસમાં અનેકવિધ નામી અનામી લોકો જેમનું યોગદાન રર્યું છે. અનેકવિધ દાતાઓનો નોધપાત્ર ફાળો જોવા મળે છે.તાજેતરમાં આ કોલેજે નેક ટીમના નેશનલ એસેસમેંન્ટ એન્ડ એક્રીડીટેશન કાઉન્સિલ ના ત્રીજા સાઇકલ રી એક્રીડીટેશન મૂલ્યાંકન બાદ ગુણવત્તાના ધોરણે એ ગ્રેડ સાથે ૩.૧૮ ગુણ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાતની આર્ટ્સ કોલેજમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.જેમાં કોલેજના આચાર્યશ્રી ડૉ.જે એન બારોટ સાહેબના માર્ગદર્શન અને સલાહ મુજબ આઈક્યું.એ.સીના કોર્ડિનેટર પ્રો.ભરતભાઇ પટેલના બુદ્ધિ કૌશલ્ય તેમજ આગવી સુજબૂજ વડેયોગ્ય રજૂઆત અને સમગ્ર કોલેજ પરિવારના અધ્યાપકો, લાઈબ્રેરીયન ડૉ.બી.કે.ચૌધરી, ક્લાર્ક, પટાવાડા, સફાઈ કામદાર તમામ કર્મચારીઓની મેહનતના પરિણામે કોલેજ એ ગ્રેડ મેળવી શકી છે. આ કોલેજ એ ગ્રેડ માથી A+ ગ્રેડ પ્રાપ્ત કરવા માટે કોલેજ પરિવાર હાલ ગતિશીલ છે.કોઈ પણ સંસ્થાના વિકાસમાં અનેકવિધ નામી અનામી લોકોનો ફાળો હોય છે એ તમામ લોકોનો કોલેજ પરિવારવતી કોલેજના વિકાસમાં યોગદાન બદલ આભાર ની લાગણી વ્યક્ત કરું છું.

❖ સંદર્ભસૂચિ:

૧. સંદેશ ન્યૂઝ પેપર,
૨. ગુજરાત સમાચાર ન્યૂઝ પેપર,
૩. ભાવે વિનોબા, શિક્ષણના વિચારો,
૪. પટેલ મધુબેન ડી ,પીએચ.ડી.૨૦૦૨ (ઇતિહાસ વિભાગ) ગુજરાત યુનિવર્સિટિ

# જનાન્તિકેના નિબંધોમાં ગદ્ય

ર્ડા.શીતલ બી. પ્રજાપતિ
ધ.કે.એન.એસ.બી.એલ.
આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ખેરાલુ

સુરેશ હરિપ્રસાદ જોશી ગુજરાતી ભાષાના કવિ,વિવેચક, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, અનુવાદક, હતા.તેમણે ગુજરાતી સાહિત્યમાં અર્વાચીન ચેતનાનો પ્રારંભ કર્યો હતો.તેમનો જન્મ બારડોલી નજીક આવેલા વાલોડ નગરમાં 30 મે ૧૯૨૧ના રોજ થયો હતો.તેમણે શાળાકીય શિક્ષણ સોનગઢ અને ગંગાધારા ખાતે પૂર્ણ કર્યું બી.એ.અને એમ.એ ની પદવી મેળવી.તે જ વર્ષમાં તેઓ કરાચીની ડી.જે.સિંગ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા.અને પછી ૧૯૪૭ માં વલ્લભ વિધ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીમાં જોડાયા ૧૯૫૧ થી ૧૯૮૧ માં તેમની નિવૃત્તિ સુધી તેઓ વડોદરાના મહારાજા સયાજીરાવ વિશ્વ વિધ્યાલયમાં અધ્યાપક તરીકે ફરજ બજાવી.

સોનગઢમાં ગાળેલા પ્રારંભિક સમયની તેમના જીવન પર અસર રહી હતી.૮ વર્ષની ઉમરે છૂપા નામે તેમણે બાલજીવન સામયિકમાં કવિતા મોકલી હતી.જે તેમાં પ્રગટ થઈ હતીકોલેજ જીવન દરમિયાન તેમણે ફાલ્ગુની સામયિકમાંનું સંપાદન કાર્ય કર્યું. ઉપજાતિ તેમનું પ્રથમ સર્જન હતું.તેમણે મનીષા,ક્ષિતિજ,એતદ અને ઉહાપોહ સામયિકોનું સંપાદન કર્યું. ૬ સપ્ટેમ્બર,૧૯૮૬ ના રોજ કિડનીની બીમારીથી નડિયાદ ખાતે તેમનું અવસાન થયું હતું.

**જનાન્તિકેના નિબંધો:** આ પુસ્તકમાં સર્જક તમારી સાથે વાત માંડે છેજરાય દૂર બેસીને નહીં,પ્રેમથી નિકટ બેસીને. જનાન્તિકે એટલે કાનમાં કરેલી વાત-મધુર અને અંગત. એ અંગત વાતોમાં

બાળપણના વિસ્મય ભર્યા સ્મરણો છે.શૈશવની ને પ્રકૃત્તિની રમણીય લીલા છે. કલ્પનાભરી અને શિષ્ટ – મિષ્ટ રિતિની ભાષાની. આપણી અંદર-બહારની આ સુંદર સૃષ્ટિ એક સર્જકના અવાજથી કેવી અધિકતર સુંદર બને છે એ જાદુ આ પુસ્તકનાં પહેલા વાક્યથી જ શરૂ થઈ જવાનો છે. ૧,૨,૩ એવો પ્રત્યેક ખંડ અલગ-અલગ રાગિણી જે વો સંતર્પક છેતો,પ્રવેશો....(પરિચય-રમણ સોની)

સાહિત્યના મોટા ભાગના સ્વરૂપોમાં સર્જનાત્મક ઉન્મેશો પ્રગટવનારાસ્વતંત્રતાના સમયગાળાના આપણા મૂર્ધન્ય સાહિત્યકાર સુરેશ જોશી કવિ તરીકેની જે ટલી અસાધારણ પ્રતિભા ધરાવે છે એટલી જ અસાધારણ પ્રતિભા રમણીય ગદ્યના સર્જક તરીકેની પણ ધરાવે છે એમની સંવેદનશીલ કવિ પ્રતિભાના સ્પર્શને કારણે  જનાન્તિકેના લલિત નિબંધો ગુજરાતી ગદ્યના નવાન્મેશોનો એક તાર્કિક પ્રકરણ બની રહે છે. જનાન્તિકે ગુજરાતી લલિત નિબંધ સાહિત્યનું ઉત્તુંગ શિખર બની રહે છે. જનાન્તિકે નિબંધ સૃષ્ટિનું અવતરણ લલિત નિબંધ એની અનેરી છટાઓ તથા રૂપ રમણાઓમાં વિવિધતા રહે છે. અહી ગદ્યનું સ્વરૂપ તરણ ઇન્દ્રિય ગ્રાહય,ચિત્રાત્મક,અને ભાવપૂર્ણ રહ્યું છે. જનાન્તિકેમાં ગદ્યરૂપોનું એક વિશ્વ ઉઘાડ પામ્યું છે. જગતના પદાર્થો ,ઘટનાઓ,વ્યક્તિઓ,ભોજક સ્થાનો,પ્રકાશ,અંધકાર,અને પવન જે વા અમુક તત્વો ભાવાત્મક અવ્યવસ્થાનોની લેખકના ચિત્તમાં વળગી રહેલી રૂપછાયાઓ તથા તે અંગેના લેખકના પ્રતિભાવોનો વિસ્મય નિષેધ ઉપદ્રવ પામ્યો છે.

આરંભમાં લેખકના મતો આકાશમાં કશા આધાર વિના ટકી રહેલો લેખકનો શ્રી શુલોક રૂપ પામ્યો છે. અદભૂત અને ભયાનક રસના સીમાડા વચ્ચે વસતા અનામી ગામની હોઈ એ શિશુ લોક ઉદય પામ્યો છે.કિલ્લો,વન,પ્રાણીઓ,નદી,સતીનુંવન,સતીના પગલાં,કેસૂડો,મહુડો,સીમાડો,જૂઈ,ચમેલી અને ઘાસના બીડ એ આ શિશુલોકની વસ્તી,સાતકાશીનું ગાઢ વન  એમાં થઈને વહેતી તાપી,પહાડો એ આ વનાન્ચલની અદભૂત અને રમણીય અને રૌદ્ર વનસ્થિમાં શિશુલોગનો વિહાર સાંભળ્યો છે. એ શિશુલોગ કલ્પનના પાતળા બંધમાં છે. પરિ વિશિષ્ટ વર્ણનમા નિબંધક પામ્યો છે. આ શિશુ વિહારની ઘટનાઓ અપૂર્વ નથી વન પ્રદેશમાં ઉછરેલા કોઈપણ શિશુના જીવનમાં જોવા મળે તેવી સર્વ સામાન્ય ઘટનાઓ છે. પરંતુ તેની રૂપ નિર્મિતિમાં રહેલો અભિનવ અભિગમ સૂક્ષ્મ,સંવેદનશીલ,અને રચનાનો કસબ એને અપૂર્ણતા બક્ષે છે. શૈશવના બહુવિધ વિહરોની ગતિવિધિ એ વર્ણનો દ્વારા ઇન્દ્રિય પ્રત્યક્ષ બની રહે છે. વિગતોની સામુચિત અને દૂક્ષ વર્ણન એમાં અનુભવતો ઇન્દ્રિય સ્પર્શ તથા સબળ વાક્યરચનાઓનો ઉપયોગ એ વર્ણનો શૈલી સ્પષ્ટ રેખ,ઇન્દ્રિય ગ્રાહય,ગતિશીલ અને પ્રાણવાન બનાવે છે. આ વર્ણનો સર્જનાત્મક પરિણામ બક્ષે છે

રસ વૈવિધ્ય પ્રમાણે ગદ્યનું પોત અને લય તથા ગતિ બદલાતા રહે છે. ગદ્યલયનીપલટાતી છટાઓ અનોખો આસ્વાદ અર્પે છે. જેમ કે.,ઝાંખરી નદીનું વર્ણન જુઓ... 'આ ઝાંખરીના છીછરા પાણીમાં પગ ઝંબોળીએ તરત ધરતી સાથે ઝકડાયેલ પગ પણ પ્રવાહી બનીને વહી જાય,એના અસ્ખલિત ખળ-ખળ નાદમાં તાપીની વાણી સંભળાય તેના શીતલ સ્પર્શમાં સાતકશી નિવિડ અરણ્યમાં ઘૂંટાયેલો અંધકારના સ્પર્શની અનૂભૂતિ હતી. ગદ્યનો લય અહી કેવો ઝરણાના ખળખળ નાદ જેવી તરણગતિ ધારણ કરે છે 'મધુમાલતીની ગભરુ કળીનું દૂ:સ્વપ્ન" જેવી કપોળ કલ્પિત શૈલીનું નિરુપયેલી રચનાઓમાં ગદ્યને તરલતા અને સ્નિગ્નતાનો ગુણ પ્રાપ્ત થાય છે. કેસૂડો,મહુડો,કે સીમડાના ફૂલની અલગ અલગ ભાષા જુદા જુદા વૃક્ષની વિભિન્ન છટાઓ ઘાસના બીડ પર આંગળી ફેરવીને સારેગમ જતો પવન વગેરે પ્રાકૃતિક વિશ્વના સંસ્કારો અને ગદ્યને સાંપડેલું LYRIC નો પરિણામ આ સર્વને સર્જનાત્મક કોટિ એ મૂકી આપે છે સુરેશ જોશી પ્રકૃત્તિના અનેક રુદ્ર-રમ્ય રૂપોને એવી અનેકવિધ છટાઓ સહિત વર્ણવે છે. આ વર્ણનોમાં ગદ્યની જીવંત છટાઓ પ્રગટતી જોવા મળે છે. દા:ત...સીમાડો દિગંબર બની ગયો અને એને ઉન્મત અનુરાગની ટસરો ફુટવા માંડી છે. કેસૂડામાં વસંતની પગલીઓ ખોવાઈ ગઈ છે. અવકાશનું પાત્ર પંચમ સૂરથી છલોછલ ભરાઈ ચૂક્યું છે. લીમડા પર મંજરી બેઠી છે. ઝીણા ઝીણા અક્ષરે કોઈ નિશાળિયો પાટીભરી દે એવી ખીચો ખીચ...સવાર વેળાની સુરખીમાં ચાર હોઠના દામ વચ્ચેની ભીની ઉપમા છે.

લેખકના પ્રકૃતિ દર્શનને ગદ્યનું પરિણામ સર્જનાત્મક કોટીએ મૂકી આપે છે નિબંધના ઘટકઅંશો વચ્ચે સધાતો અનાયાસ દ્રઢ શંશ્લેષ રચનાને પૂર્ણતા અને લાવણ્ય કરતા લેખકના વૈયક્તિક સત્યનો સ્પર્શ એ રચનાઓને એ પ્રકારની સજીવ પ્રતિભા બક્ષે છે.

ઉનાળાની સવારના તડકાનું ઘટપોત પ્લાસ્ટર ઉખડી ગયેલી ભીંત પર તડકાની તથા મધુમાલતીની સહ ઉપસ્થિતિથી રચાતી વાત ઉડતા પંખીની પાંખમાંથી હવામાં ખરતા પીંછા બે આંખમાથી અદ્રશ્ય રેખાઓમાં રચાતું નિરાકાર ઈશ્વરનું ચિત્ર તોલ્સુકા ઢીંગલીઓ,સમુદ્રના ઉછળતા મોજા સાથે પ્રાસ મેળવતો પવન,મધુમાલતીની કળીને આવેલું દૂ:સ્વપ્ન આ બધુ લેખકના ચિત્તભાવને પ્રાપ્ત થતી રૂપ નિર્મિતિઓ છે. લેખકની સંવેદનશીલતા આત્મપ્રક્ષેપ,આત્માભિવ્યક્તિ,અને આત્મોસર્જન સિધ્ધ કરવા સમર્થ શબ્દ સમરચના સર્જે છે એમાં પ્રવર્તતી કલ્પનાની નિરામય રમણિય ગતિ આ રચનાઓની અપૂર્વ સર્જનાત્મક પરિણામ આપે છે.

લેખકે કરેલા અરૂપ પવનની વિવિધ રૂપ મુદ્રાઓમાં વર્ણનમા પવનની ગતિ,સ્પર્શ,ગંધ અને સ્વયમનો રસ

પૂર્ણ ચિત્તબોધ અનુભવાય છે. પવનને રૂપ આપવા ઉપયોગમાં લીધેલા ઉપાદાનોનું પ્રત્યક્ષી કરણ અભિનય વાળું છે. એ લેખકના પટુઇન્દ્રિય વંદનનું પરિણામ અહી લેખકની મૌલિક સર્ગ વ્યક્તિના દર્શન થાય છે.આ પ્રયોજાયેલા વર્ણનાત્મક ગદ્યમાં લેખકનો કલ્પના વૈભવ અને વૈવિદય જોવા મળે છે.

દીપ જ્યોતિની હાલવાની ક્રિયા આશ્લેષ સાથે સૂકાયેલા પાંદડાના અવાજનો સાપની સળહળાટ સાથે સબંધ જોડવામાં લેખકના કુવારા નિરીક્ષણનો પ્રથમ પરિચય થાય છે.

લેખકને એક સમર્થ ગતિકાર તરીકે પ્રસ્થાપિત કરી શકાય.નવી પેઢીના કવિઓની કવિતામાં હજુ અનુભૂતિના અગોચર સત્વને ત્યાગવાનું સાહસ નથી એમ કહે છે.તો વળી તેઓ કવિતામાં મૌનનો મહિમા કરે છે.અલંકારોની સિન્થેટીક મધુરતા ગૂંથયેલા શબ્દોની દૂરદશા તથા મૃતપ્રાય બનેલા પ્રતિકોની ઠેકડી પણ ઉડાડે છે.તો વળી તેઓ પ્રતિક શબ્દને વર્તમાન દૂરદશાથી નારાજ થઈ એ અંગે કટાક્ષ વ્યક્ત કરે છે. આપનો અગ્રણી કવિ કે વિવેચક ટાગોર કે રોબર્ટ ગ્રેવ જેવો ખમીરવંતો નથી તેની ચિંતા વ્યક્ત કરે છે આમ એકંદરે જનાન્તિકેમાની સાહિત્યિક વિષયક વિચારણા એક વિલક્ષણ વૈયક્તિક પરિવેશમાં રસાળ શૈલીઓ વિકસી છે.આ રચનાઓ અરૂઢ શૈલીની એટલા માટે છે કે એમાં જોવા મળતી સભાનતા પૂર્ણ શાસ્ત્રીય સર્વાંગી તાર્કિક ભૂમિકા સાથે રૂઢ છે. ડો.સુમન શાહ યોગ્ય જ નોધે છે કે.. રસાળ સાહિત્ય વિચારણા આ નિબંધોનું લક્ષ નથી પણ એક પરિણામ છે.'

એટલે કે અનાયાસ વિકાસથી સાહિત્યિક ચિંતન કરતી આ રચનાઓ લલિત નિબંધની આગવી ભૂમિકાને સહજપણે પામે છે. ઇન્દ્રિય સંવેદના,આત્મનિષ્ઠા,લાલિત્ય,રસાળતા જેવા ગુણો આ રચનાઓમાં સર્જકતાનું ન્યૂનતમ ઉન્મેષ પ્રગટાવે છે

## સંદર્ભ ગ્રંથો ;

1. અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ-આધુનિક અને અનુયાધુનિકયુગ,બ્રહ્મભટ્ટ પ્રસાદ – અમદાવાદ;પાર્શ્વ પબ્લિકેશન 22-23
2. સુરેશ જોશીથી સુરેશ જોશી ,શાહ સુમન , પાર્શ્વ પબ્લિકેશન - 2000
3. જનાન્તિકે,જોશી સુરેશ -1965
4. ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદ-પટેલ પ્રમોદકુમાર-1993

## ચાર્વાક નવલકથા

(વૈચારિક આંદોલનને જગવતી કથા)

- ડૉ. મનીષ બી. ચૌધરી

- Novel- ચાર્વાક
- Author – કલ્પેશ પટેલ
- GENRE- નવલકથા
- Language– ગુજરાતી
- Prize – 125
- Pages – 134
- ISBN- 9789351084778
- PUBLICATION DATE – 2016(પાર્શ્વ પબ્લિકેશન,અમદાવાદ)
- MEDIA TYPE - PAPER BACK

MY VIEW= હિન્દુ પારંપારિક વિચારધારા મહદંશે ઈશ્વરવાદી રહી છે.સાથે સાથે સાંખ્ય અને લોકાયત જેવી નિરીશ્વરવાદી,અનાત્મવાદી વિચારધારાઓ પણ જોવા મળે છે. ચાર્વાક પુરાણપ્રસિધ્ધ પાત્ર છે. એ મિથ છે કે ઇતિહાસ આપણે જાણતા નથી. પણ,ઈશ્વરવાદી હિન્દુ દર્શનનોની સમાંતરે લોકાયતનની નિરીશ્વરવાદી પરંપરા રહી છે,લોકાયત યાને ચાર્વાક.

ચાર્વાકના વિચારો આજે પણ ધારદાર અને ક્રાંતિકારી લાગે છે તો તત્કાલિન સમયે યાને

કે આજથી આશરે બાવીસો ત્રેવીસો વરસ પહેલા કેટલા વિસ્ફોટક લાગ્યા હશે?પ્રાચીન કાળમાં વેદવિરોધી વિચારો પ્રગટ કરવાનું દુ:સાહસ ચાર્વાક માટે મોતનું કારણ બની ગયું કિંવદંતી એવી છે કે ચાર્વાકને એના વિચારો માટે જીવતો સળગાવી દેવામાં આવ્યો. એની સાથે જ કદાચ એનું સર્જન પણ સળગાવી દેવાયું હશે

લેખકે નવલકથાની શરૂઆત બહુ ધમાકેદાર રીતે કરી છે. કથાનું પહેલું વાક્ય છે:"બૃહસ્પતિએ મદિરાલયમાં પ્રવેશ કર્યો."

મનના ફ્લેશ બેક પર પુરાણના ચિત્રો ઊઘડી આવે છે બૃહસ્પતિ એટલેદેવોના ગુરુશુક્રાચાર્ય એટલે અસૂરોના ગુરુલેખકે કદાચ એમ લખ્યું હોત કે"શુક્રાચાર્યએ મદિરાલયમાં પ્રવેશ કર્યો"તો ઝાટકો ના લાગત અહી ચાર્વાકનું નામ દેવગુરુ બૃહસ્પતિ સમાન રાખીને લેખકે તાતું તીર માર્યું છે. જ્યારે બીજા બ્રાહ્મણો મધ્યરાત્રિએ મુખ પર વસ્ત્ર ઢાંકીને ગુપ્ત રીતે મશક લઈને સ્વગૃહે જઈને મદિરાપાન કરે છે એની સામે બૃહસ્પતિ નિર્ભીક છેદંભી નથી,જેવો છે એવો પ્રગટ થવામાં એને કોઈ છોછ નથી.અને એટલે જ એ દિવસે મદિરાલયમાં જાય છે. બ્રાહ્મણ અને એય કુલિન બ્રાહ્મણ આ રીતે મદિરાલયમાં આવે એ એની સમજ બહારની વાત છે.વ્યાપારીનું નામ છે પ્રસેનબંને વચ્ચે ચર્ચા મંડાય છે. પ્રસેનને બૃહસ્પતિ પહેલા તો સજ્જન લાગે છે.પણ એના વિચારો ધર્મવિરોધી,વેદવિરોધી લાગતાં એ ગભરાય છે. બૃહસ્પતિ કર્મકાંડમાં માનતો નથી અને એટલે એણે યજ્ઞોપવીત ત્યજી દીધી છે. કહેવાતા ધર્મથી ડરીને,દંભ કરીને જીવવું એણે પસંદ નથીએ પિતાને,પિતામહને પ્રશ્નો કરે છે. પિતા અકળાય છે પિતામહ ધીરજ રાખીને એને સમજાવવા પ્રયત્ન કરે છે. પણ એના પ્રશ્નો તર્ક બહારના છે. શાંડિલ્યને પણ એ તર્ક કરીને હંફાવે છે. શાંડિલ્યનો ક્રોધ વશમાં રહી શકતો નથી અને કહે છે મને આની નાસ્તિકતા જોઈને ચિંતા થાય છે.

બૃહસ્પતિને ગુરુકુલમાં મૂકવામાં આવે છેગુરુ સામે તે અનેક પ્રશ્નો ઉપસ્થિત કરતો રહે છે થોડા સમયમાં વેદધર્મને પડકારતા બૃહસ્પતિને ગુરુકુલમાંથી લઈ જવાનો સંદેશ મળે છે આની પાછળનું કારણ વનમા ફરવા ગયેલો બૃહસ્પતિ ગુરુના હસવાનો અને કોઈ સ્ત્રી સ્વર સાંભળે છે. અવાજ બાળબ્રહ્મચારી ગુરુનો હતો જે સંધ્યાકાળે ઝાડીમાં દેહસુખ માણી રહ્યા હતા બીજે દિવસે બૃહસ્પતિ ગુરુ પાસે જાય છે કવિતા સંભળાવે છે. ગુરુ અભિપ્રાય આપે છે,કહે છે :

- દૈહિક વર્ણન છે, સ્થૂળ
- હા,કવિને પણ એ જ અપેક્ષિત છે!

- તારા વિચારો ભોગવાદી છે, બૃહસ્પતિ!
- ના,ભૌતિકવાદી છે!

અને છેલ્લે ગુરુ એને કહે છે,"તારા આ કૃત્યો જ તારા મોતનું કારણ બનશે"

બૃહસ્પતિની સુજનતા પ્રગટ થાય છે ગુરુના દુષ્કૃત્ય જાણ્યા પછી પણ તેમના પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરી ચૂપચાપ તે આશ્રમ છોડી જાય છે.

પૌત્રને પરત ફરેલો જોઈ પિતામહ ચિંતાવશ થાય છે.અને ચિંતામા જ ગુજરી જાય છે. પિતામહનું શ્રાધ્ધ કરવા પિતા જણાવે છે. શ્રાધ્ધથી પિતૃઓ તૃપ્ત થાય એમબૃહસ્પતિ માનતો નથી અને જે ના માનતો હોય એવા કર્મકાંડ પણ એ કરતો નથી. પિતા અને પુત્ર વચ્ચે વિવાદ થાય છે પિતા એને ઘર છોડીને ચાલ્યા જવાનું કહે છે બૃહસ્પતિ પિતાની વાતથી દુભાયા વિના ઘર છોડે છે. રસ્તામાં એક સ્ત્રીને તસ્કરોથી બચાવે છે એમાં એ ઘાયલ થાય છે. બચેલી સ્ત્રી શકટમાં બેસાડીને ઘાયલ બૃહસ્પતિને પોતાના ભવને લઈ જાય છે. એની સેવા કરે છે બૃહસ્પતિ સાજો થાય છે. એકમેકનો પરિચય પછી પરિણયમાં ફેરવાય છે. એ સ્ત્રી શ્રાવસ્તીની નગરીની ગણિકા કમલા હોય છે કમલાભવનમાં કમલા સાથે રહેતા શ્રેષ્ઠી સુબંધુ સાથે તકરાર થાય છે. નગરના જાણીતા વેદજ્ઞાની ગૌતમપાદજી સાથે ચર્ચા થાય છે. બૃહસ્પતિના તર્કો સામે ગૌતમપાદજી ઝાંખા પડે છે.

કમલા સાથેના પ્રસંગો ભાવવાહી રીતે આલેખયા છે. એકવાર બૃહસ્પતિ કહે છે,'મારે હવે અહીથી જવું જોઈએ'ત્યારે કમલા 'આ આપણું ઘર છે'એમ કહેતા પૂછે છે,તમને એક વેશ્યા સાથે રહેતા સંકોચ થાય છે ને?ત્યારે બૃહસ્પતિ સ્પષ્ટ રીતે કહે છે "એવું નથી કમલા! તું એવો અનુચિત વિચાર પણ મનમાં ન ધરીશ. તું મારે માટે એક સ્વમાની યુવતી છે પ્રત્યેક સ્ત્રી વેશ્યા નથી હોતી પરંતુ પ્રત્યેક વેશ્યા એક સ્ત્રી હોય છે એની ભીતર સુકોમળ હ્દય અને ભાવનાશીલતા હોય છે. એક સાંજે કમલા ઉપવનમાં વિહાર કરવા ગઈ હોય છે ત્યાં બૃહસ્પતિ મદિરાલય તરફ જાય છે.ત્યાં એક મદ્યપ પાસેથી કૌશલદેશમા ભૂકંપ આવ્યાની જાણ થાય છે એમાં એ મદ્યપે પરિવાર ગુમાવ્યો હોય છે એને સાથે લઈ બૃહસ્પતિ કમલાભવને આવે છે. મદ્યપને સાત્વના મળે છે. કર્તવ્યથી શ્રેષ્ઠ કોઈ ધર્મ નથી એવું કમલાને સમજાવી બૃહસ્પતિ ભૂકંપપીડિતોની સેવાર્થે નીકળી પડે છે ભૂકંપપીડિતોની સહાય માટે કમલા સુબંધુ પાસે જાય છે. પણ સુબંધુ કહે છે"જેનામાં મનુષ્ય માટે જરા પણ સહાનુભૂતિ નથી તે"શ્રેષ્ઠી"કહેવાય છે. કમલા સુબંધુને તિરસ્કારીને નીકળી પડે છે થોડા દિવસ પછી કમલાની સડેલી લાશ મળે છે એના ખૂનનો આરોપ કમલાના પતિ બૃહસ્પતિ પર મૂકવામાં આવે છે બ્રાહમ્ણ ક્ષત્રિય અને

વૈશ્ય ત્રણે સત્તાના પાખંડનો બૃહસ્પતિ ભોગ બને છે એણે દેહાંત દંડની સજા કરવામાં આવે છે.

પ્રત્યક્ષ પ્રમાણમા માનનારા અને ભારતીય દર્શનજગતમાં પોતાની અમીટ છાપ મૂકી જનારા અસ્તિત્વવાદના પુરસ્કર્તા "ચાર્વાક" નો અકાળે અંત આવે છે.

# આદિવાસી આંદોલનો

**ડૉ. માલાબેન ગામીત**
**સમાજશાસ્ત્ર વિભાગ**

ભારતના મૂળ નિવાસી ગણાતા આદિવાસીઓએ કરેલા આંદોલનો સામાજિક આંદોલનોનો જ એક ભાગ છે. આદિવાસીઓએ મૂળભૂત રીતે સ્વતંત્ર, વિશ્વાસુ અને સ્વમાની પ્રજા છે. જયારે પણ તેમની સ્વતંત્રતા પર તરાપ આવે ત્યારે તેમની સાથે વિશ્વાસઘાત થાય ત્યારે અને તેમનું સ્વમાનભંગ થાય ત્યારે તેને સહી લેતા નથી અને અંદોલન થાય છે. સામાન્ય રીતે અંદોલનો નકારાત્મક હોય એવી છાપ પ્રવતે છે.પરંતુ આદિવાસીઓ સામાજિક ધાર્મિક સુધારણા શિક્ષણ વ્યસનમુક્તિ અને કુરિવાજોની નાબુદી માટેના સકારાત્મક અંદોલનો પણ કર્યા છે. એક અનુમાન મુજબ ભારતમાં જેટલા આંદોલનો થયા છે, તેમાંના 40% ટકા આંદોલનો આદિવાસીઓના છે. સ્વતંત્રતા પહેલા વિવિધ કારણોસર આદિવાસીઓએ આંદોલનો કાર્ય હતાં. ભારતનની સ્વતંત્રતા પછી પણ આદિવાસી આંદોલનો થતા રહ્યા છે. રાજ્યની માંગણીઓ સાથે થયા હતાં. ઉપરાંત જંગલ અને જમીનના અધિકારોના મુદ્દે, વિકાસના મુદ્દે તથા સામાજિક – ધાર્મિક સુધારા માટે પણ આદિવાસીઓએ આંદોલનો કર્યા હતાં.

ડૉ. ચંદ્રકાન્ત ઉપાધ્યાની નોધ પ્રમાણે સ્વતંત્રતા પહેલા કે સ્વતંત્રતા પછી ઈશાન ભારતનો આદિવાસી પટ્ટો ક્યારેક શાંત રહ્યો નથી આં વિસ્તાર સિવાય પણ દેશનાં અન્ય આદિવાસી પ્રદેશમાં દિનપ્રતિદિન અસંતોષ વધતો જાય છે. અને તેના મુખ્ય કારણમાં જો કોઈ દેખાતું હોય તો તે વિકાસની નીતિ છે વિકાસની નીતિથી આદિવાસીઓ સંતુષ્ટ નથી. આપણે વિકાસ સમગ્ર રાષ્ટ્રનો કરીએ છીએ અને તેની કીમત આદિવાસી ચૂકવે છે. એમ કહી શકાય કે છેલ્લા ત્રણ દસકાથી વિકાસનું સ્વપ્ન ભાંગવા લાગ્યું છે. પોલીસી અને પ્રોગ્રામમાં બહુ ફેર છે, આથી ડેમ વિસ્થાપન સ્થળાંતર, પુનઃ સ્થાપન, જમીન અને જંગલના અધિકારો, યોજનાકીય વસવાટો માળખાગત પ્રશ્નો સાધનો પરના નિયંત્રણો અને અસ્મિતાના પ્રશ્નો ઉભા થયા છે. આમ ભારતના કેટલાક પ્રમુખ આંદોલનોની માહિતી રજુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

- **બિરસા મુંડાનું આંદોલન(ઈ.સ.૧૮૯૫ થી ઈ.સ. ૧૯૦૧)**

સરદારોએ બિરસાનું નેતૃત્વ સ્વીકાર્યું જોરદાર આંદોલનનો આરંભ થયો. જોત જોતામાં બિરસા મુંડા આદિવાસીઓના મસીહા અને તારણહાર બની ગયો એ ધરતી આંબાના નામે જાણીતો થયો, ધરતી આંબાના એટલે પૃથ્વીનો પિતા ! બિરસા મુંડા આદિવાસીઓ માટે પયગંબર હતાં રોગ દુર કરનાર હતાં. તથા ચમત્કારી દેવપુરુષ હતાં. બિરસાએ સફેદ સુવર અને સફેદ મરઘાં ગંદા હોય છે એમ કહીને તેમનો સફાયો કરવાનો આદેશ આપ્યો મુંડાઓએ આદેશનું પાલન કર્યું. ત્યાર બાદ બીરસાએ ભવિષ્યવાણી કરી : ' આકાશ માંથી આગ અને ગંધકનો વરસાદ થશે. જે લોકોએ નવા વસ્ત્રો ધારણ કરીને ચલકદમાં મારી સાથે રહેશે એ જ વિનાશમાંથી બચશે." બીરસાના આંદોલનનું સ્વરૂપ બદલાઈ ચુક્યું હતું. અગાઉ ચલકદ માં પયગમ્બરના રૂપમાં કાર્ય કરતી વખતમાં બીરસાએ ધાર્મિક સુધારા ઉપર ભાર મુક્યો હતો પણ બીજા આંદોલનોના ઉપદેશ પ્રાચીન ધાર્મિક મુલ્યોને પુનઃજીવિત કરવાનો હતો. બિરસા એ પૂર્વજોના ગૌરવશાળી ભૂતકાળ અને વીરતા ભરી વાતો કહીને લોકોના હૃદયમાં દેશભક્તિની ભાવનાને પ્રજ્વલિત કરી. પોતાના અધિકારો અને ભૂમિના હક્કો વિષે વાત કરતા કહ્યું 'રાજા અને જમીનદાર આપનું શોષણ કરે છે આપણને આજીવન ગુલામ બનાવીને શરમજનક જીવન જીવવા માટે મજબુર કરે છે આપણેને આપના પરંપરાગત વસ્ત્રો – ધોતી અને પાઘડીથી વંચિત કરી દેવાયા છે. આપણે રાજા કે જમીનદાર સામે છત્રીનો ઉપયોગ કરી શકતા નથી. ઊંચા સ્થાને કે ખુરશી ઉપર બેસી શકતા નથી. અને સોના ચાંદી કે પીતળ ની થાળીમાં ભોજન કરી શકતા નથી. બિરસાવાણી પ્રત્યે લોકો આકર્ષાયા.

બિરસા મુંડાના આંદોલનોનું વિશ્લેષણ કરતા એમ કહી શકાય કે આ ચળવળ આરંભમાં ધાર્મિક આંદોલનના રૂપમાં હતી આદિવાસીઓના **અંધશ્રદ્ધાળુ** હોવાના કારણે બિરસાએ સામાજિક સુધારા કરવા માટે જાદુમંતર અને ચમત્કારોનો આશરો લીધો પાછળથી સરદારોના પ્રભાવ હેઠળ બિરસા આંદોલન બ્રિટિશરોના શાસન અને જમીનદારોના શોષણ માથી મુક્તિ માટેનું હતું. મુંડારાજની સ્થાપના માટેનું હતું એટલે એમ કહી શકાય કે, એ આંદોલન સ્વતંત્રતા માટેનું હતું. આઝાદી આંદોલન જ હતું આ આંદોલન નિષ્ફળ ગયું હોવા છતા મુંડાઓની સ્થિતિમાં પરીવર્તન લાવવાની દ્રષ્ટિએ સફળતા મળી હતી.

### ❖ કોલ આંદોલન :

છોટાનાગપુરના મુંડા આદિવાસીઓ એ ફરી એક વાર અંગ્રેજ શાસન સામે માથુ ઉચક્યું હતું. ઈ.સ. ૧૮૩૧- ૩૨ માં બિન્દરાય માનકી નેતૃત્વ હેઠળ થયેલો આં વિદ્રોહ કોલ સ્વતંત્ર આંદોલન તરીકે પણ જાણીતો છે. છોટાનાગપુરમા અંગ્રેજોના આગમન સાથે જ આંદોલનના બીજ રોપાયા હતાં એ પહેલા આ પ્રદેશના આદિવાસીઓ સુખચેનથી રહેતા હતાં લગભગ ૨૦૦૦ વર્ષ થી સંથાલ અને મુંડાઓ સ્વતંત્ર જીવન જીવી રહ્યા હતાં. મુંડાઓ અને સંથાલોને કોલ કહેવાય છે.

આ કોલ આંદોલન આદિવાસીઓની જમીન સંસ્કૃતિ અને ધર્મ ની રક્ષા માટે હતું. તેની પુનઃસ્થાપના માટે હતું. આ સંદર્ભમાં 'ઝારખંડથી ગુજરાત મૂળ નિવાસી આદિજાતિ આંદોલનમાં જયંતીભાઈ મનાણી નોંધે છે. કોલ આદિવાસી ઓ પોતાના ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરવા માંગતા હતાં. આ આંદોલન સંપૂર્ણ છોટા નાગપુર, માનભૂમિથી પલામ અને હજારી બાગથી સિંહભુમ સુધીના મુંડા, ઉરાવ હો ભુઇયા વિગેરે આદિવાસી ઓએ મળીને નક્કી કર્યું કે તેઓ દીકુઓ ને પોતાની ભૂમિ માંથી હાંકી કાઢશે બિન્દરાય માનકી અને સુરગા મુંડાએ છેવટ સુધી જંગ જારી રાખી પરંતુ માર્ચ ૧૮૩૨ માં તેમણે પણ હથિયાર હેઠા મૂકી દીધા અને બળવાનો અંત આવ્યો.

### ❖ સંથાલ આંદોલન :-

ઈ.સ. ૧૮૫૫ માં સિંધુ અને કાન્હુંના નેતૃત્વમાં સંથાલ આદિવાસીઓએ અંગ્રેજોને પડકાર્યા હતાં. આં વિદ્રોહ ' સંથાલ હુલ' તરીકે પણ જાણીતો છે. પ્રથમ સંથાલ સ્વતંત્રતા સેનાની તિલક માઝી હતો. જયારે બીજા

ક્રમે સિંધુ અને કાન્હુ હતાં. આં બે ભાઈનાં નેતૃત્વમાં જ સંથાલ અધિકારીઓએ અંગ્રેજ શાસન **વિરુદ્ધ** બંડ પોકાર્યું હતું.

ભારતની આદિવાસી વસ્તીમાં સંથાલોની સંખ્યા બહોળી છે. ભારતની મુખ્ય જનજાતિમાં સંથાલોનો સમાવેશ થાય છે. તેઓ બિહારના સંથાલ પરગણામાં વસે છે. ખેતી તેમનો મુખ્ય વ્યવસાય છે. સંથાલો **ઉદ્યમી** હોયે છે. જંગલો સાફ કરવામાં કુશળ. જમીનને ખેતીલાયક બનાવામાં નિપુણ સંથાલો 'ખેડે તેની જમીન' એવો દઢપણે માને છે. સંથાલોની કનડગત કરવામાં આવે તો પ્રતિકાર કરવાને બદલે તેઓ જંગલમાં અતરિયાળ જતા રહે છે. જ્યાં શોષણ થાય એવા ઠેકાણે વસે છે. જમીનને ખેતી લાયક બનાવીને કૃષિ કામમાં જોતરાઈ જાય છે.

સંથાલો શાહુકારો, જમીનદારો અને મહાજનોથી ત્રસ્ત હતાં જ, તેમાં યુરોપિયનોનો ઉમેરો થયો. આ યુરોપિયનો રેલ્વેના કર્મચારીઓ તરીકે કામ કરતા હતાં. તેઓ સંથાલોના ઘર લુંટી લેતા, તેમનો પાક ચોરી જતા, સંથાલ સ્ત્રીઓની છેડતી કરતા અને તેમના બાળકોની હત્યા કરતા હતાં. પરિણામે સંથાલો સ્વાભાવિક જ અકળાયા હતાં. આં સંજોગોમાં સંથાલોએ વારવાર બળાપો વ્યક્ત કર્યો હતો. સંથાલો લાંબા સમય સુધી શોષણનો શિકાર બન્યા. એમને અત્યાચાર સહન કર્યા, પરંતુ હવે તેમની ધીરજનો અંત આવ્યો હતો. સહનશક્તિ ખૂટી ગયી હતી. તઓ આર્થિક શોષણમાંથી મુક્તિ મેળવવા માંગતા હતાં. પુરાણા દિવસોની સ્વતંત્રતા અને સ્વાયતતા ઝંખતા હતાં. મુક્ત પંખીની જેમ ફરી એકવાર વિચારવા અને વિહરવા માંગતા હતાં .સંથાલરાજની સ્થપનાનુ સ્વપ્ન સાકાર કરવાનું ઇચ્છતા હતાં. આ હેતુ પાર પાડવાનો એક જ વિકલ્પ તેમને જણતો હતો. એ વિકલ્પ એટલે વિદ્રોહ.

## ❖ ભીલ આંદોલન (ઈ.સ. ૧૮૮૦)

ઈ.સ. ૧૮૮૦ માં નીમાડમાં થયેલા આ બળવાનું નેતૃત્વ ટંટયા ભીલે કર્યું હતું. નીમાડાના ગેઝેટિયારમાં ટંટ્યા ભીલનું વર્ણન કુખ્યાત કે નામચીન લુંટારા તરીકે કરવામાં આવ્યુ છે. ટંટયા ભીલ ગરીબોનો મિત્ર હતો. લુંટમાંથી મળેલી સાધનસામગ્રી ગરીબોમાં વહેચી દેતો હતો. સ્ત્રીઓ અને બાળકો પ્રત્યે દયાળુ હતો. ટંટયાને છેતરીને તેની ધરપકડ કરવામાં આવી ત્યારે તેની એક ઝલક જોવા માટે લોકો પડાપડી કરતા હતાં. તેના માટે એટલી સહાનભુતી અને લોકજુવાળ ઉભો થયો કે તેના વતી નાગપુર બારે ચીફ કમિશનરને એક અરજી કરી હતી. આ બાબતો પરથી સાબિત થાય છે. કે ટંટયા ભીલ અને તેના સાથીઓ ડાકુઓ નહોતા પણ અંગ્રેજોની સામે આઝદીના લડવૈયાઓ હતા.

## ❖ ગોવિંદગુરુ આંદોલન (ઈ.સ. ૧૯૦૮)

વીસમી સદીના પ્રથમ દાયકામાં ગોવિંદગુરુએ રાજસ્થાનના ભીલોમાં સામાજિક ધાર્મિક સુધારા માટેની ચળવળનો આરંભ કર્યો. ગોવિંદગુરુ એ ધાર્મિક ઉપદેશ થકી ભીલોના નૈતિક અને ભૌતિક જીવનની ઉન્નતી માટે પ્રયાસ કર્યા. પરિણામે ભીલોમાં જાગૃતિ આવી. સામાજિક ધાર્મિક ચળવળે રાજકીયઆર્થિક સ્વરૂપ ધારણ કર્યું. આમ આ ચળવળ સાથે સામાજિક, ધાર્મિક, આર્થિક અને રાજકીય ચાર તવ જોડાયેલા હતાં

ગોવિદગુરુ વણઝારા જાતિના હતાં. ડુંગરપુરના વેદસા ગામમાં ઇ. સ. ૧૮૬૩ માં તેમનો જન્મ થયો હતો. ગોવિંદગુરુ કે ગોવિંદગીરિ નામે જાણીતા હતાં. ગણોતિયા ખેડૂત હતા. તેમની આર્થિક સ્થિતિ નબળી હતી. પત્ની અને પુત્રના મૃત્યુને કારણે આધ્યાત્મિકતા તરફ વળ્યા. તે સંન્યાસી બની ગયા. બુંદીકોટા અખાડાના સાધુ રાજગીરના શિષ્ય બન્યા. ત્યારબાદ વેદસામાં ધૂણી અને ધજાની સ્થાપના કરી. આસપાસના વિસ્તારમાં રહેતા ભીલોને આધ્યાત્મિક શિક્ષણ આપવાનું શરુ કર્યું.

શિક્ષણના સંદર્ભમાં બ્રિજકિશોર શર્માએ ગોવિંદગુરુના આ શબ્દો નોધ્યા છે; એ સમયે હું ગરીબ, નબળા અને જંગલી ભીલ લોકો વચ્ચે રહ્યો. તેમને ઈશ્વર વિશેનો કોઈ ચોક્કસ ખ્યાલ નહતો. જેઓ મારી પાસે આવતા

તેમને હું શાહુકાર એટલે કે ઉચ્ચ વર્ગના લોકોની જેમ વર્તવાની સલાહ આપતો મેં તેમને સત્ય અને ધર્મનો માર્ગ ચીંધ્યો,ઈશ્વરની પૂજા કરવાનો ઉપદેશ આપ્યો. ચોરી, વ્યભિચાર, છેતરપીંડી, અને કપટ ન કરવાનો બોધ આપ્યો. સહુ એક ઈશ્વરના સંતાન છે એવું સમજાવ્યું. અંદરોઅંદર શાંતિથી રહેવાનું સુચન કર્યું. ખેતી ધ્વારા જીવનનિર્વાહ કરવા કહ્યું, ભૂતપ્રેત, ચુડેલ અને જાદુમાં **શ્રદ્ધા** ન રાખવાની સાથે જ, **અંધશ્રદ્ધા** સામે રક્ષણ મેળવવા ધૂનીધજા સ્થાપીને તેની ભક્તિ કરવાનું સૂચવ્યું હતું.

ગોવિંદગુરુના ધાર્મિક પ્રવચનો અને કલ્યાણકારી પ્રવૂતિઓને કારણે એમનો પંથ ભીલોમાં લોકપ્રિય થઈ રહ્યો હતો ભિલો પર તેનો પ્રભાવ ઝડપથી વધી રહ્યો હતો. ઈ.સ. ૧૯૦૫ માં ભીલોને સંગઠિત કરવા ગોવિંદગુરુએ ગુજરાતના ઈડર અને સુંથ એટલે કે સંતરામપુરના ભિલો વચ્ચે કામ કર્યું. અહી તેમણે પોતાની ચળવળનો પ્રસાર કર્યો.

## ❖ દેવી આંદોલન :-

૧૯૨૨ -૨૩ ના વર્ષો દરમિયાન દક્ષિણ ગુજરાતના આદિવાસીઓએ પારસી શાહુકારો અને દલાલો **દ્વારા** થતા શોષણ સામે ધાર્મિક સ્વરૂપનું આંદોલન શરુ કર્યું. જે 'દેવી આંદોલન'તરીકે જાણીતું છે. બ્રિટીશ કૃષિ નીતિને કારણે આ વિસ્તારમાં ભૂમિ સબંધોમાં આવેલું પરિવર્તન, વન્ય વિસ્તારોમાં મેદાની સમાજના ભદ્રવર્ગીય જૂથો **દ્વારા** વધતું જતું દબાણ શોષણ તેમની પ્રતિકારશૈલી વગેરે પર આ આંદોલન મહત્વનો પ્રકાશ ફેંકે છે.

આ આંદોલનનો પ્રભાવ હેઠળ આદિવાસીઓએ દારૂનો ત્યાગ કર્યો. જેથી પારસી વેપારીઓમાં ચિંતા ફેલાઇ. ડાંગ થી આ ચળવળ ઉત્તરે સોનગઢ અને પૂર્વમાં ખાનદેશ સુધી વિસ્તરી જયારે દક્ષિણ ગુજરાતના રાનીમહેલ વિસ્તારમાં દરિયાકાંઠાના ગામો સુધી ફેલાયી જેઓ દેવીના પ્રભાવ નીચે આવતા અને પડોશ અને ગામોમાં પ્રચાર કરવા ઈચ્છતા તેઓ ગામલોકોની સભાનું આયોજન કરતા. અહી એકઠી થયેલી વ્યક્તિઓમાંથી કોઈ એકમાં દેવીનો પ્રવેશ થતો અને લોકોને માંસ દારૂ છોડવા સ્વચ્છતા-પવિત્રતા જાળવવા સલાહ અપાતી.

'દેવી અંદોલન' ગાંધીવાદી પ્રવૃતિ અને ૧૯૩૮ પછી મુંબઈ પ્રાંતની કોંગ્રેસ સરકાની દારૂબંધીની નીતિને કારણે પારસીઓના વ્યાપાર પર મોટો ફટકો પડયો જેથી શોષણવર્ગ તરીકેનું સ્થાન નબળું પડયુ. આમ આદિવાસીઓની પરંપરાગત ધાર્મિક માન્યતાઓમાંથી શરુ થયેલું અને આર્થિક શોષણમાંથી પોષાયેલુ 'દેવી આંદોલન'અંતે રાષ્ટ્રવાદી આંદોલનમાં ભળી જાય છે.

## ❖ વેડછી આંદોલન :-

આઇ.પી.દેસાઇએ ૧૯૬૯ માં 'વેડછી આંદોલન'અભ્યાસ પૂરો કર્યો હતો. 'વેડછી' ગામનું નામ છે. જે વાલોડ તાલુકાના સુરત જિલ્લામાં [હાલ તાપી જીલ્લામાં] આવેલું છે.

આઝાદી પહેલા ૧૯૨૪માં ખાદી કેન્દ્ર તરીકે [સ્વરાજ્ય આશ્રમ] નામની સંસ્થા સ્થપાઈ. જેના ધ્વારા ખાદી અને પછી શિક્ષણને લગતી રચનાત્મક પ્રવૃતિઓ શરુ થઈ. જે સ્વતંત્રતા પછી પણ ચાલુ રહે છે. સ્વતંત્રતા પહેલા વેડછી આંદોલન સ્વાતંત્રય આંદોલનનો ભાગ હતો આશ્રમ અને તેના બીજા કેન્દ્રો **દ્વારા** વેડછીની આજુબાજુના ૫૦ કિ.મિ.ના વિસ્તારમાં રચનાત્મક પ્રવૃતિઓ ચાલે છે .જેને દેસાઈએ વેડછી આંદોલન તરીકે ઓળખાયું છે. કેમ કે આ પ્રવૃતિઓ નિશ્ચિત ધ્યેય વિચાર સરણી સાથે અવેતન અને સવેતન સેવાભાવી કાર્યકરો **દ્વારા** સંગઠિત સ્વરૂપે થતી હતી. **દ્વારા** આ પ્રવૃતિ આદિવાસીઓમાં જાગૃતિ લાવવા માટે થાય છે. જેથી આદિવાસી

સમાજમાં સામાજિક પરિવર્તન આવે એવી કાર્યકરોની અપેક્ષા હતી.

**સંદર્ભ :-**


1. આદિવાસી આંદોલનો : ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં (૨૦૧૧)
   ડૉ. ટીના દોશી, પાર્શ્વ પબ્લીકેશન,અમદાવાદ
2. ભારતના આદિવાસી આંદોલનો (૨૦૧૧)
   ડૉ. ટીના દોશી, પાર્શ્વ પબ્લીકેશન,અમદાવાદ
3. ગુજરાતના આદિવાસી આંદોલન (૨૦૧૧)
   ડૉ. ટીના દોશી, પાર્શ્વ પબ્લીકેશન,અમદાવાદ
4. આદિવાસી સમાજમાં પરિવર્તન અને વિકાસ (૨૦૧૪-૧૫)
   પ્રો. જે.સી. પટેલ, ડૉ. મહેશ ગામીત, અનડા પ્રકાશન, અમદાવાદ


# ગુજરાતના ગૌરવ અને અસ્મિતા સ્વરૂપ કોરોના વોરિયર્સની ભૂમિકા


**કૃપલકુમારી વી. પરમાર**

**ગુજરાતી એમ.સેમ – 4**


"ચાલો સૌ સાથે મળીને વિશ્વભરને
હાંફનારા કોરોનાને હંફાવીએ"

કોરોનાએ વર્તમાન સમયમાં ચાલી રહેલી એક વૈશ્વિક બિમારી છે. તેની અસર આજે સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. સમગ્ર વિશ્વનું જીવન જ્યારે અસ્ત-વ્યસ્ત થઈ ગયું હતું ત્યારે આ વાયરસથી લોકોને બચાવવા માટે અનેક કોરોના વોરિર્યસ કામ કરી રહ્યા હતા. આજે હું વાત કરીશ એવા જ કેટલાક ગુજરાતના કોરોના વોરિયર્સની કે જેઓ સતત આ મુશ્કેલ પરિસ્થિતિમાં ખડે પગે સેવા આપી રહ્યા છે.

ગુજરાતના આવા કોરોના વોરિયર્સની વાત કરીએ ત્યારે

"I was ever a fighter one fight more
The last and the best"

આપણા ગુજરાતમાં આપણી સરકાર અને તેમના અધિકારીઓએ કોરોના વોરિયર્સની ભૂમિકા ભજવી છે અહીં જેવી આ વાયરસના કેસ આપવાની શરૂઆત થઈ કે એના પહેલાં જ સરકારે તેના માટેની સંપૂર્ણ તૈયારી કરી લીધી દર્દીઓ માટે બેડથી લઈ ડોક્ટર્સને માટે PPE કીટ સુધી તો બીજી બાજુ આપણા દેશમાં લોકડાઉન જાહેર થયું કે

તરત જ આપણી સરકારે ગામડાંના છેલ્લામાં છેલ્લા વ્યક્તિને પણ ધ્યાનમાં રાખી તેમને જલદીથી જલદી રાહત મળી રહે એવી લોકહીતની જુદી જુદી જાહેરાત કરી.લોકોને ઘરમાં રહેવા વિનંતી કરી

"ગંભીરતા સમજો ઘરમાં રહો"

ઘરે રહો સુરક્ષિત રહો"

Stay home stay safe"

આવા સંકટકાળમાં આપણા ડૉકટર અને નર્સ પણ કોરોના વોરિયર્સ બનીને સામે આવ્યા છે. કોરોનાના ચેપનો સૌથી વધારે ડર તબીબ ક્ષેત્રમાં હોય છે. છતાં પણ જીવના જોખમે પરિવારની ચિંતા એકબાજુ પર મૂકીને પૂરી નિષ્ઠાથી તેઓ કામ કરી રહ્યા છે. અરે આજે એવા પણ કેટલાક ડોક્ટર્સને નર્સ છે જે કેટલાક દિવસોથી પોતાના ઘરે પણ નથી ગયા અને સતત પોતાની ફરજ પર હાજર રહ્યા છે. રાત અને દિવસ અલગ અલગ ડ્યૂટી બજાવતાં આવા અનેક ડોક્ટર્સ અને નર્સ  છે જે પોતાના અંગત પ્રશ્નો અને દુખો ભૂલી જઈને દર્દીઓને સાજા કરવા માટે મહેનત કરે છે

કોરોરનાથી બચાવ જ ઉપચાર છે.

આ મહામારીની સામે એક યોદ્ધાની જેમ લડી રહી છે આપણી કેટલીક ગર્વીલી ગુજરાતણો,

એમના વિશે કહી શકાય કે,

"ખૂબ લડી મર્દાનીથી વોઝાંસી વાલી રાની થી"

ઝાંસીની એ વીરાંગના રાણીની જેમ જ આ મહામારીની સામે લોકોને બચાવવા માટે આ ગર્વીલી ગુજરાતણો લડી રહી છે, કોઈ પોતાના બાળકને પોલીસ સ્ટેશનમાં જ સ્તનપાન કરાવીને પરત મોકલી દે છે, તો કોઈ તેના નવજાત શિશુને ખોળામાં રાખીને આદેશ વીંઝે છે. આવી કેટલીય ગુજરાતણો પરિવારને એકબાજુ મુકીને આ સંકટની સ્થિતિમાં પોતાની ફરજ પર અડગ રહી છે.

તહેવાર હોય કે તનાવ, ઉદ્વેગ હોય ક ઉત્સવ, આહલાદ હોય કે આફત. પોલીસ બધી જ સ્થિતિમાં મોરચો સાંભળે છે અને આ કોરોના ના સંકટકાળમાં પણ એક યોદ્ધા સ્વરૂપે તેણે મોરચો સાંભળ્યો છે અને અમને આપણે <u>સરહદની અંદરના સૈનિકના</u> કહીએ તો

પણ ખોટું નથી આજે પોલીસ તરફ લોકોનો દ્રષ્ટિકોણ બદલાયો છે. પોલીસની તરફ ધૃણાને ધુત્કાર કરતાં લોકો આજે પોલીસને પ્રેમ સન્માન અને સહાનુભૂતિપૂર્વક જોવે છે. આજે પીલીસ સ્ટેશનમાં સ્તનપાન કરાવતી એએસઆઈ, ટ્રાફિક સિગ્નલ પર તેના બાળકને પતિ મળવા લાવતો પપ્પી પણ કરી શકે. એવી પોલીસ મમ્મી, પગપાળા વૃદ્ધને દવાખાને મૂકી આવતી પોલીસ કોરોનાના વીસ-વીસ દર્દીઓ હોય તેવા વિસ્તારમાં પણ બંદોબસ્તમાં રહેનારા આ પોલીસ જ છે આવા સમયે ફરજ બજાવતા આપણાં આ સુરક્ષા જવાનો કોરોના વારિયર્સ જ છે અને તેમની કામગીરી સરાહનીય છે.

આ સંકટની ઘડીએ આ પોલીસ કર્મીઓ એક યોદ્ધા થઈને આવ્યા છે ત્યારે, <u>એક હાથે લાઠી બીજા હાથે માનવતા</u> જોવા મળે છે. પણ કહેનારા તો કહે છે કે, <u>ભાઈ સૌ સૌની ડ્યૂટી કરે પોલીસ પણ એમનું કામ કરે છે, દરેક માણસ કાંઈ પોલીસ ના હોય.</u>

હા, સાચી વાત છે, દરેક માણસ પોલીસ ન હોય, પરંતુ દરેક પોલીસ માણસ તો છે જ !

આ વિકટ પરિસ્થિતિમાં આજે NCC અને NSS ના વિદ્યાર્થીઓ પણ જોડાયા છે. પોલીસકર્મીઓની સાથે આજે વિદ્યાર્થીઓ પણ જોડાયા અને નિસ્વાર્થભાવે દેશ અને રાજ્યની સેવા કરી રહ્યા છે. ડૉક્ટર અને નર્સ જ સાથે સાથે એજ દવાખાનામાં કામ કરતાં આપણા સફાઈ કર્મચારી પણ કોરોના વોરિયર્સ જ છે.

આપણા સૌની રક્ષા માટે સતત ખડે પગે રહેલા આપણા આ કોરોના વોરિયર્સને શત શત નમન....... રાત દિવસ જોયા વગર આપણી સલામતી માટે જે સતત પોતાની ફરજ બજાવી રહ્યા છે એવા પ્રત્યેક કોરોના વોરિયર્સને સલામ....એને વંદન.....

<u>"ના હાર્યું છે ના હારશે</u>
<u>જીત્યું છે ગુજરાત ને જીતશે ગુજરાત</u>

## ઉમરી ગામમાં યોજાયેલ N S S શિબિરના સંભારણા

**રાવલ સુચિતા**

અમારી કોલેજના રાષ્ટ્રીય સેવા યોજના યુનિટ ધ્વારા ઉમરી ગામમાં યોજાયેલ ખાસ શિબિરમાં જોડાવવાનો મને અવસર મળ્યો તે અણમોલ છે.

આ NSS શિબિર 7 (સાત) દિવસની હતી. પ્રથમ દિવસે અમે કોલેજમાંથી 100-200 NSS ના વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓ અને NSS ના કોઑર્ડિનેટ્સ એ ઉમરી ગામમાં પ્રવેશ કર્યો હતો. પછી પ્રાથમિક શાળામાં બાળકો, શિક્ષકો અને મુખ્ય મહેમાન તથા ગ્રામજનો સાથે મળીને પ્રથમ દિવસે પ્રથણથી કાર્યક્રમની શિબિરની શરૂઆત કરી હતી. જેમાં મુખ્ય મહેમાનનું ફૂલછડી થી સ્વાગત કર્યું હતું. પછી અમે જે ઉદશથી આ શિબિર યોજવાના હતા. આ એ માહિતી સમજાવી હતી.

**શિબિર યોજવાના ઉદ્દેશ :-**

ગ્રામ વિકાસ, જનજાગૃતિ સુરક્ષા, વ્યસન મુક્તિ, સ્વછતા અભિયાન, શિક્ષણ નું મહત્વ, બેટી બચાવો, બેટી પઢાવો વગેરે.

પ્રથમ દિવસે બપોરે જમ્યા પછી બહાર થી વક્તા બોલાવી ને સારું વ્યકતવ્ય આપ્યું હતું. પછી સફાઈ કરી હતી .

રાત્રે વ્યસન મુક્તિ, સ્વછતા અભિયાન શિક્ષણ વગેરેને લગતા નાટક અને ભવાઇ વિધ્યાર્થી ધ્વારા ભજવવામાં આવ્યું હતું . પછી રોજ જુદા જુદા ભોજન વિધ્યાર્થીઓ જાતે બનાવી લેતા અને પોતાના કામ જાતે કરે. આમ વિધ્યાર્થીઓ બધા કામમાં ઘડાઈ ગયેલા.

આમ અઠવાડિયા દરમિયાન જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવ્યા હતા જેમ કે ગામમાં સફાઈ કરી ગામ વિકાસના કાર્યક્રમ કરવામાં આવ્યા હતા. પછી દાંડી યાત્રા પણ યોજવામાં આવી હતી. આપણા સૌના આર્દશ એવ મહાત્મા ગાંધીજીની યાદમાં દાંડિયાત્રા પણ આયોજન કર્યું હતું NSS ના એક વિધ્યાર્થી એ ગાંધીજીનો પોશાક ધારણ કરી ગામનું પરિભ્રમણ કરી તળાવ ના કિનારે જઈ હાથ માં મીઠું લઈને મીઠાના કાયદાનો ભંગ કરી દાંડિયાત્રા સમાપ્ત કરી હતી.

આમ ઉમરી ગામમાં ગ્રામ પંચાયત મંદિરો, સરકારી દવાખાનામાં જાહેર જગ્યા, દૂધ મંડળી વગેરેની મુલાકાત લીધી હતી.

આખા ગામમાં સફાઈ કરી હતી અને જનજાગૃતિ સુરક્ષાના નારા લગાવ્યા હતા. પછી પ્રાથમિક શાળામાં બાળકોને ભણાવવા અમને સારી બાબતો શીખવવામાં આવી હતી ત્યાર પછી માનવ શરીર તથા દાંત તપસ કરવા દવાખાનામાં થી ટીમ બોલાવી હતી. આ કેમ્પમાં ગામમાં આર્થિક રીતે પછાત વર્ગના લોકો એ જેનો લાભ લીધો હતો.

આ પછી છેલ્લા દિવસે સાંસ્કુતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો ત્યાર પછી ઉમરી ગામમાં સ્મશાન ગૃહ ની આજુબાજુ ના ભાગમાં સરસ બગીચો બનાવવામાં આવ્યો હતો. આમ અમારી શિબિરનું સમાપન થયું હતું. અમારી શિબિર દરમ્યાન ઉમરી ગામમાં ગ્રામજનો નો ખૂબ જ સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો.

આ ઉપરાંત N S S યુનિટ ધ્વારા અનેક કાર્યક્રમો કરવામાં આવ્યા જેમ કે થેલેસેમિયા ટેસ્ટ, સફાઈ કાર્યકમ, વેકસીન કેમ્પ અને વૃક્ષારોપણ વગેરે જેવા અનેકવિધ કાર્યક્રમો પણ NSS અધ્યાપક તથા આચાર્ય શ્રી ના માર્ગદર્શન તથા સહકાર થી યોજવામાં આવ્યા. આ ઉપરાંત અમો મહાપુરુષોની જન્મજયંતિ NSS યુનિટ ના વિદ્યાર્થીઓ ધ્વારા ઉજવવામાં આવે છે.

દિવાળીના વેકેશન દરમિયાન જૂના કપડાં ભેગા કરી કપડાં તથા મીઠાઇ પછાત વર્ગના વિસ્તારમાં જઈને વિતરણ કરવામાં આવ્યું. આ બધીજ યાદગાર ક્ષણો સ્મરણીય છે.

આ ઉપરાંત ગામના જાહેર સ્થળો જેવા કે મંદિર, સ્મશાન વગેરે સ્થળો પર વૃક્ષારોપણ કરવામાં આવ્યું. કોરોના વોરિયર્સની પણ ભૂમિકા ભજવી હતી. કોરોના દરમિયાન ગામમાં

કોરોના અવરનેસના વિવિધ કાર્યક્રમો કરીને જનજાગૃતિ કરવામાં આવી. લોકોના ઘરે ઘરે જઈ લોકોને કોરોનાની સમજ આપી અને કોવિડ ગાઈડ ગાઈડ લાઈન નું પાલન કરે તેવું ગ્રામજનો ને જણાવ્યુ. અમે કોરોના અવરનેસ કાર્યક્રમ કર્યો. ગામના આર્થિક રીતે નબળા લોકોને અનાજ કીટનું વિતરણ કરવામાં આવ્યું.

આગણવાડી કાર્યકરો ધ્વારા કુપોષણ નાબૂદી અને સ્વચ્છતા અભિયાન નો કાર્યક્રમ હતો તેમાં પણ અમે સહભાગી થયા અને ગ્રામજનો તથા છોકરી ઓને કુપોષણ વિશે સમજાવ્યું અને સ્વચ્છતા અભિયાન કર્યું.

કોરોના દરમિયાન ગામના જાહેર સ્થળો જેવા કે મંદિર, સસ્તા અનાજની દુકાન, ગામ માં ચાલતા ટ્યુશન કલાસીસ, પંચાયાત, શાળા વગેરેની મુલાકાત લીધી અને કોરોના ગાઈડ લાઇન ના પોસ્ટર બનાવી ને જાહેર સ્થળો એ ચીપકાવ્યા અને કોરોનાની માહિતી આપી અને જાનજાગૃતિ નો કાર્યક્રમ કર્યો.

આ NSS શિબિર દરમિયાન મિનિ ટુર પણ કરી ગામના એક પર્વત પર ગુરુમહારાજ નું મંદિર છે ત્યાં વિધાર્થીનીઓ તથા NSS પ્રાધ્યાપકો ગયા અને ખૂબ પ્રકૃતિનો આનંદ માણ્યો પછી ત્યાં બધા સાથે બેસીને ભોજન લીધું.

આ NSS શિબિર દરમિયાન અમને ઘણું શીખવા મળ્યું. આ NSS શિબિરમાં અમને અમારી કોલેજ ના પ્રિન્સીપાલ શ્રી તથા પ્રાધ્યાપકો અને ગ્રામજનો નો ખૂબજ સહયોગ અને સહકાર પ્રાપ્ત થયો.

આમ આ શિબિર હંમેશા માટે યાદગાર રહેશે. શિબિર દરમિયાન ના પ્રસંગો સ્મરણીય છે. મને ગર્વ છે કે હું સ્વયંસેવિકા છું.

# રાષ્ટ્રીય સેવા યોજનાનો ઉદભવ, વિકાસ અને યુવા ઘડતરમાં ભૂમિકા

**પટેલ જહાન્વી નવીનકુમાર**
**B.A. Sem-4**

માણસ એક સામાજિક પ્રાણી છે. તે સમાજમાં રહે છે. જે રીતે માણસને પોતાના પરિવારના માટે કેટલાક કર્તવ્ય હોય છે એ જ રોતે એના સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે પણ કેટલાક કર્તવ્ય હોય છે. આ કર્તવ્યનું પાલન કરવું તેને જ રાષ્ટ્ર સેવા કહે છે. N.S.S. એટલે N.S.S. (national service scheme) આ પણ એક રાષ્ટ્ર સેવા કરવાનું માધ્યમ જ છે.

માનવ સમાજમાં ઘણા લોકો એવા છે જે સામાજિક કાર્યકર્તા છે. એક સાચો સામાજિક કાર્યકર બધા લોકોની સાથે એક સમાન ભલાઈનું કાર્ય કરતો હોય છે. તે સ્વાર્થ રહિત હોય છે. અને એને પોતાની આપેલ સેવા માટે કોઈ ઇનામની જરૂર હોતી નથી તેમ છતાં રાષ્ટ્રીય સેવા યોજનામાં N.S.S. સ્વયંસેવકને પ્રોત્સાહન પૂરું પાડવા માટે પુરસ્કારો પણ આપવામાં આવે છે.

આઝાદી મળી ત્યારથી લઈને આજ સુધી વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેવા પ્રત્યે જાગૃત કરવાના પ્રયત્નો થતાં રહ્યા છે. પ્રધાનમંત્રી પંડિત જવાહરલાલ નહેરુ ના મત પ્રમાણે ડો. સી.ડી. દેશમુખની અધ્યક્ષતામાં એક આયોગની રચના કરવામાં આવી, જેનો હેતુ વિદ્યાર્થીઓની સ્નાતક કક્ષાઓમા પ્રવેશથી પૂર્વ રાષ્ટ્રીય સેવા અનિવાર્યપણે કરવાની હતી. પ્રો. કે. જી. સૈયુદ્દીનનું કહેવું હતું કે રાષ્ટ્રીય સેવા સ્વયંસેવકો ના આધાર પર પ્રારંભ કરવી જોઈએ. આ જ પ્રકારનો મત શિક્ષા આયોગના અધ્યક્ષ ડો. ડી. સી. કોઠારીએ રાખ્યો.

સપ્ટેમ્બર 1976 માં ઉપકુલપતિઓનું એક સમેલનમાં આ પ્રસ્તાવોનું સ્વાગત કરવામાં આવ્યું

તેમજ સલાહ આપવામાં આવી કે ઉપકુલપતિઓની એક વિશેષ સમિતિ બનાવવામાં આવે જે એના વિશે વિસ્તારથી વિચારી શકે. એના પરિણામ રૂપે યોજનામાં અનુદાન કરવામાં આવ્યા જેથી પસંદ કરેલ શાળાઓ તેમજ અન્ય શૈક્ષણિક સંસ્થામાં પ્રયોગના આધાર ઉપર આની શરૂઆત કરવામાં આવી.

આની પછી સત્ર 69-70 માં શિક્ષા મંત્રાલય ધ્વારા સમસ્ત સ્નાતક કક્ષાઓમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો. સમાજ સેવક મહાત્મા ગાંધીની જન્મ જયંતિ વર્ષમાં આ યોજનાની શરૂઆત કરવામાં આવી આ યોજનામાં વિદ્યાર્થીઓની પ્રતિક્રિયા ખુબજ સારી રહી.

1969 માં રાષ્ટ્રીય સેવા યોજનાની શરૂઆત માં ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓથી થઈ હતી જે સંખ્યા પ્રત્યેક વર્ષે વધતી રહે છે તેમજ વર્તમાનમાં ૧ મિલિયનની ઉપર પહોંચી ગઈ છે વર્તમાન સમયમાં આ યોજનાનો વિસ્તાર બધા જ રાજ્યો અને દેશોના બધાજ વિશ્વ વિદ્યાલયોમાં પણ થયો છે. આમાં જુદા-જુદા નાના-નાના કેમ્પોનું આયોજન થતું રહ્યું છે. જેના પરીણામે સમાજ અને વિદ્યાર્થીઓ બંને વર્ગ માટે લાભકારક સીદ્ધ થયા છે.

આમાં વિશ્વવિદ્યાલયની આજુબાજુની આવતા નાના-નાના ગામડાઓની દત્તક લેવામાં આવે છે. મહિલા સુરક્ષા કાર્યક્રમ , સ્વાસ્થય રક્ષા માટે સામૂહિક પ્રયત્ન, સમાજ તેમજ દત્તક લીધેલ ગામની ઉન્નતી માટે થઈને તે ગામમાં વસવાટ કરતાં લોકો પૈકી નબળા વર્ગ માટે શિક્ષા કાર્યક્રમ , રકતદાન, હોસ્પિટલો જઈને દર્દીઓની મદદ કરવી , સારવારમાં સહયોગ આપવો અનાથ અને શારીરિક રૂપથી વિકલાંગ વ્યક્તિઓને મદદ કરવી. વગેરેનો સમાવેશ થાય છે

N.S.S. ના સ્વયંસેવકો સ્વતંત્રતા , સમાનવાદ, ધર્મ – નિરપેક્ષતા , રાષ્ટ્રીય એકતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણના વિકાસમાં પણ મહત્વનો ફાળો આપ્યો છે. N.S.S. યોજના દ્વારા યુવાન વિદ્યાર્થીઓને સમાજ સાથે જોડવાનું કાર્ય કરવામાં આવે છે. સામૂહિક સેવાના માધ્યમથી વિદ્યાર્થીઓનો વ્યક્તિગત વિકાસ થાય છે તેમજ તેમના શિક્ષણની સાથે-સાથે રાષ્ટ્રને પણ કેટલાક જવાબદાર સ્વયંસેવકો પ્રાપ્ત થાય છે. N.S.S.નું આદર્શ વાક્ય છે. 'NOT ME BUT YOU' આ ટૂંકું વાક્ય જ N.S.S. નો મુખ્ય હેતુ જણાઈ દે છે N.S.S. ની પ્રવૃતિઓ થકી વિદ્યાર્થીઓમાં leadershipના ગુણોનો વિકાસ થાય છે. ૨૪ Septemberના દિવસે N.S.S. દિવસ ઉજવવામાં આવે છે

૧૨ પાસ કર્યા બાદ જ્યારે કોલેજમાં પ્રવેશ મેળવવામાં આવે છે ત્યારે N.S.S.એક વિકલ્પ તરીકે વિદ્યાર્થી દ્વારા પસંદ કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ જોડાય છે. અને આજુબાજુ દત્તક લીધેલ ગામડાઓમાં સામાજિક સેવાનું કાર્ય કરે છે તે ગ્રામીણ ક્ષેત્રોમાં camp નું આયોજન કરવામાં આવે છે. જેમાં ગામડાઓને લગતી સમસ્યાઓ જેવી સ્વચ્છતા સંબંધી, પાણી સંબંધી , સ્વચ્છતા સંબંધી સમસ્યાઓ, બિમારી જેવી કે aids , cancer વગેરે જેવી સમસ્યાઓ વિષે લોકોમાં જાગૃતિ આવે છે

ગામોમાં સ્વાસ્થ્ય શિક્ષણ આપવામાં આવે છે તે ઉપરાંત વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક સેવાઓ આપે છે

N.S.S. પ્રોગ્રામ ઓફિસરની ગાઈડલાઈન હેઠળ વિદ્યાર્થીઓ કાર્ય કરે છે અને સાથે સાથે આનંદ પણ મલેવે છે વિદ્યાર્થી પોતાની રીતે જેટલી પણ સેવાઓ આપી શકે તે રીતે તે દરેક સામાજિક કાર્યમાં સહભાગી થઈને માં લગાવીને કામ કરે છે તેમજ પ્રોત્સાહન સ્વરૂપે પુરસ્કાર પણ આપવામાં આવતા હોય છે. આજ એક માધ્યમ છે જેના પાકી વિદ્યાર્થીઓ પોતાના શિક્ષણની સાથે સાથે સમાજમાં પણ સદભાગી થઈને સારી એવી છાપ ઊભી કરી શકે છે

N.S.S. બે સ્તરે હોય છે. એક શાળા સ્તરે અને બીજું કોલેજ સ્તરે. આખા વર્ષમાં વિદ્યાર્થીઓએ પ્રવૃત્ત રહીને કાર્ય કરવાનું હોય છે આમાં 2 વર્ષ વિદ્યાર્થીઓએ આપવાના હોય છે. 2 સાલ પૂર્ણ કર્યા બાદ CERTIFICATE આપવામાં આવે છે.

બધા જ રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવક કાર્યક્રમ અધિકારી **દ્વારા** નક્કી કરેલ officer ની guideline હેઠળ કાર્ય કરવાનું હોય છે. આનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓનો વ્યક્તિગત વિકાસા સાથે ચારીત્ર્ય નિર્માણ હોય છે. NSS ના કેટલાક હેતુ આ પ્રમાણે છે. કે વિદ્યાર્થીઓ લોકો સાથે મળીને સહયોગની ભાગના સાથે કાર્ય કરવાનું, સમાજના જરૂરીયાતમંદ વર્ગની જરૂરિયાતો પૂર્ણ કરવી, સર્જનાત્મક તેમજ રચનાત્મક કાર્યોમાં ભાગ લેવો, વિદ્યાર્થીઓમાં અનુશાસનની ભાવના જાગૃત કરવી, શિક્ષા, સમાજ અને ખાસા કરીને વિદ્યાર્થી તેમજ શિક્ષક વર્ગમાં પરસ્પર પ્રેમ કરે સદ્ભાવના જાગૃત કરવી આ જ પ્રકારે રાષ્ટ્રીય સેવાનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ વિદ્યાર્થીઓનો વ્યક્તિગત વિકાસા કરવાનો છે.

એક શૈક્ષણિક વર્ષમાં 120 કલાક નું સેવા કાર્ય દરેક NSS વિદ્યાર્થીઓથી લેવામાં આવે છે. વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો દ્વારા વુક્ષારોપણ કાર્યક્રમનુ આયોજન તેમજ વૃક્ષોની સંભાળ રાખવાનું કાર્ય, બગીચાઓનું નિર્માણ તેમજ તેની સંભાળ રાખવાનું કાર્ય, સફાઈકાર્ય તેમજ નાના તેમજ ગરીબ બાળકોને શાળાઓમાં ભણવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. પર્યાવરણ જાળવણી તેમજ સ્વચ્છતા અભિયાન પખવાડિયું 1 ઓગસ્ટ થી લઈને 15 ઓગસ્ટ સુધી હોય છે. જેમાં સ્વચ્છતા અંતર્ગત જુદા જુદા કાર્યક્રમો રાખવામા આવે છે ગમે ગામ જઈને સ્વચ્છતા કાર્યક્રમનુ આયોજન કરવામાં આવે છે સ્વચ્છતાને લગતા ભાષણો, નારાઓ તેમજ નાટકોનું આયોજન કરવામાં આવે છે.

કુપોષિત બાળકોના સ્વાસ્થ્ય માટે કરીને કાર્ય કરવામાં આવે છે. તેમણે ફરજિયાત શિક્ષણ આપવામાં આવે તેમજ શૈક્ષણિક સંસ્થાઓ જેવી કે પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજનની સગવડતા ધ્વારા બાળકોને જમવાની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. આ પ્રમાણે તેમનો વિકાસ કરવામાં આવે છે તેમજ સાહસિકતાનું પ્રમાણ વધારવામાં આવે છે વેકેશન દરમિયાન જુદાજુદા કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે દરમિયાન વિધ્યાર્થીઓ ગામ વિકાસની જુદી જુદી યોજનાઓમાં કાર્યરત જિલ્લા પ્રશાસન સબંધિત વિભાગોમાં માર્ગદર્શન કાર્ય કરે છે કેમ્પનું આયોજન કરવાના પ્રસ્તાવોનો પરિપત્ર કેમ્પનું શરૂઆત

કરવામાં આવે છે. કેમ્પની પુર્ણાહુતિ પછી કેમ્પનું સમગ્ર આલેખન 25 દિવસની અંદર વિશ્વવિધાલયને મોકલવામાં આવે છે. રાષ્ટ્રીય સેવા યોજના ધ્વારા ગરીબ તેમજ ભણવામાં નબળા વિધ્યાર્થીઓને મહાવિધ્યાલય તેમજ શાળાના વિદ્યાર્થીઓને ભણાવવામાં સહયોગ આપવામાં આવે છે.

NSS પુરસ્કારમાં ત્રણ મહા વિદ્યાલય તેમજ બે વિદ્યાલયના વિદ્યાર્થીઓને 3000 રૂપિયા આપવામાં આવે છે. પુરસ્કાર માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓમાં એ વિદ્યાર્થીઓના સમાવેશ થાય છે, કે જેમને ઓછામાં ઓછા બે વર્ષ સુધી સેવા આપી હોય. ઓછામાં ઓછો એક કેમ્પમાં ભાગ લીધો હોય. મહા વિદ્યાલયનો નિયમિત વિદ્યાર્થી હોવા જોઈએ. NSS ના સામાજિક કર્યો ઉપરાંત તેનું શૈક્ષણિક કાર્ય પણ સારું હોવું જોઈએ.

અમારી કોલેજમાં પણ NSS ધ્વારા જુદા જુદા કાર્યક્રમોનું આયોજન થતું રહે છે. જેમાં 12 જાન્યુઆરીના દિવસે યુવા દિવસ યોજવામાં આવે છે. રાષ્ટ્રીય યુવા અઠવાડીયા 12 થી 19 જાન્યુઆરી દરમિયાન જુદા જુદા કર્યો કરવામાં આવે છે 26 જાન્યુઆરીના દિવસે કોલેજમાં કેટલાક કાર્યક્રમો રાખવામા આવે છે. આતરરાષ્ટ્રીય યોગ દિવસ 21 જૂન નિમિત્તે કોલેજના પ્રાગણમાં યોગનું આયોજન કરવામાં આવે છે. આઝાદીનો અમૃત મહોત્સવનું આયોજન કરવામાં આવે છે જુદી જુદી સ્પર્ધાઓ રાખવામા આવે છે. ક્વિઝ સ્પર્ધા પણ રાખવામા આવે છે. ઓરીએન્ટેશન કાર્યક્રમ રાખવામાં આવે છે. ચિત્ર સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, દેશભક્તિ સ્પર્ધા જુદા જુદા કલ્ચર કાર્યક્રમનું આયોજન થાય છે. વૃક્ષારોપણ પણ કરવામાં આવે છે.

શૈક્ષણિક વર્ષના અંતમાં વિદ્યાર્થીને NSS Certificate આપીને સન્માનિત કરવામાં આવે છે. તેમજ બીજા વિદ્યાર્થીને નવો પ્રવેશ મેળવ્યો હોય તેમણે NSSમાં જોડાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.